હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA
એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા
સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ
એનો-કેર હોસ્પિટલ
૨૦૩/૨૦૪, બિજા માળે, ગાયત્રી બિલ્ડીંગ, રજપુતપરા મેઈન રોડ કોર્નર, ભુતખાના ચોક, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ–૧૨ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૦–૫–૨૦૨૪ – સોમવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૩૦ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

સાંઝાચુલા (ગુજરાતી થાળી)
ફુલ ડીશ ફકત રૂા.૭૫/-માં
૨ શાક, દાળ–ભાત, સંભારો, રોટલી, છાશ,
ઈન્દીરા સર્કલ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ
રામ ઔર શ્યામ ગોલાવાલાની બાજુમાં
નરેશભાઈ - ૯૯૭૯૯ ૧૬૩૫૬
મુન્નાભાઈ - ૯૯૨૪૫ ૭૮૧૪૪

### વૃધ્ધો, બાળકો, દર્દીઓ વધુ સતર્ક રહે : બપોરે ૧૨ થી ૩ બહાર ન નીકળો : ચા–કોફી પણ ટાળો..

# રાજકોટમાં રેડ એલર્ટ જાહેર



### આજથી પાંચ દિવસ તાપમાન ૪૫ ડિગ્રી રહેવાની અમદાવાદ મૌસમ વિજ્ઞાન કેન્દ્રની ચેતવણી : મહાપાલિકાએ હિટવેવમાં લોકો માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી

**પાંચ દિવસનું સંભવિત તાપમાન**

| તારીખ | મહત્તમ તાપમાન | લઘુત્તમ તાપમાન | શકયતા |
|---|---|---|---|
| તા.૨૦/૫/૨૪ | ૪૫ | ૨૫ | દ્રઢ સંભાવના |
| તા.૨૧/૫/૨૪ | ૪૫ | ૨૫ | દ્રઢ સંભાવના |
| તા.૨૨/૫/૨૪ | ૪૫ | ૨૫ | સંભાવના |
| તા.૨૩/૫/૨૪ | ૪૫ | ૨૫ | સંભાવના |
| તા.૨૪/૫/૨૪ | ૪૫ | ૨૫ | સંભાવના |

રાજકોટ, તા. ૨૦

પૂરા રાજયમાં હિટવેવ જેવી સ્થિતિ છે અને ત્રણ દિવસથી રાજકોટમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી ઉપર ચાલે છે ત્યારે અમદાવાદના મૌસમ વિજ્ઞાન કેન્દ્રએ રાજકોટ માટે હજુ પાંચ દિવસ ખુબ ભારે અને ગરમ રહેવાની આગાહી કરી છે. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશને આ પૂર્વાનુમાન પરથી આજથી તા. ૨૪ એટલે કે પાંચ દિવસ સુધી શહેરમાં મહતમ તાપમાન ૪૫ ડિગ્રીએ પહોંચવાની સંભાવનાથી રેડ એલર્ટ જાહેર કરેલ છે.

રાજકોટ હવામાન વિભાગને અમદાવાદ મૌસમ વિજ્ઞાન કેન્દ્રની આ આગાહીનો અહેવાલ મળ્યો છે તે બાદ આજે મનપા આરોગ્ય શાખાએ લોકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. આજથી તા. ૨૪ સુધી ૪૫ ડિગ્રી કે તેથી વધુ તાપમાન રહી શકે છે. આથી રેડ એલર્ટની સ્થિતિમાં અતિશય ગરમીમાં રાજકોટ શહેરની જાહેર જનતાને પૂરેપૂરી કાળજી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. આજે અને કાલે ખુબ તાપ રહેવાનો છે. તો તા.૨૨, ૨૩ અને ૨૪ના રોજ ૪૫ ડિગ્રી આસપાસ તાપમાન રહે તેવો હવામાન વિભાગનો રીપોર્ટ છે.

કાળઝાળ ગરમીની સ્થિતિમાં


(અનુસંધાન છઠ્ઠા પાને)

## ન્યુઝ ફલેશ

**અમદાવાદ એરપોર્ટ પરથી આઈએસના ૪ ત્રાસવાદી ઝબ્બે : ખળભળાટ : ચોંકાવનારૂ ષડયંત્ર ખુલવાની આશંકા : લોકલ સંપર્કો સહિતના મુદ્દે તપાસનો ધમધમાટ**

ADMISSION NOTICE
ગુજરાત સરકાર માન્ય તથા સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન
GEETANJALI GROUP OF COLLEGES
M.A. English - Economics - Psychology | M.Com. | M.B.A. | LL.B.
M.Sc.IT. | PGDCA | B.Ed.
B.Com., B.C.A., B.B.A., B.Sc. I.T., B.A.
વિશેષ સ્કોલરશીપ માટે કોલેજનો રૂબરૂ સંપર્ક કરો
ઈન્ડીયન રેડક્રોસ બિલ્ડીંગ, સુચક રોડ, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ. ફોનઃ ૦૨૮૧-૨૪૬૪૪૩૫ મો. ૭૨૨૨૮૦૦૧૧૯
ગીતાંજલી ભવન, અજંતા પાર્ક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૫૮૭૫૫૦
website : geetanjaligroupofcolleges.in

એકાઉન્ટ ઓફીસર જોઇએ છે
Male / Female • ઓછામાં ઓછા 2 વર્ષના અનુભવી
રુબરુ : 11 થી 5 દરમ્યાન • E : response@oorjaenterprises.in
ઉર્જા એન્ટરપ્રાઇઝીસ | 204 - પટ્ટણી બીલ્ડીંગ, જ્યુબેલી, પરાબજાર, રાજકોટ • 88665 25936













# UNમાં પેલેસ્ટાઈનની તરફેણમાં ભારતનું મતદાનઃ શું ઈઝરાઈલ સાથેના સંબંધો બગડશે?

**આરબ જૂથ વતી પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રમાં સંપૂર્ણ સભ્યપદ આપવા માટે યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) દ્વારા રજૂ કરાયેલા ઠરાવની તરફેણમાં ભારત સહિત ૧૪૩ દેશોએ મત આપ્યો હતો જ્યારે આ ઠરાવની વિરુદ્ધમાં ૯ પડ્યા હતા અને ૨૫ મત આપનાર દેશો ગેરહાજર રહ્યા હતા. જો કે, આ ઠરાવ સામે અમેરિકા દ્વારા વિટો કરવામાં આવ્યો હતો. અમેરિકાના વિટોને કારણે હાલ પેલેસ્ટાઈન સંયુકત રાષ્ટ્રનું સભ્ય બનશે કે નહીં તેની મડાગાંઠ ઉકેલી શકાઈ નથી.**

**પેલેસ્ટિનિયન રાષ્ટ્રના સ્વીકારના મુદ્દા પર ભારતના વલણનો એક સુસ્થાપિત ઈતિહાસ છે. વર્ષ ૧૯૭૪ માં ભારત પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (PLO)ને માન્યતા આપનારું પ્રથમ બિન-આરબ દેશ બન્યું હતું અને વર્ષ ૧૯૮૮માં પેલેસ્ટાઈનને એક દેશ તરીકે સ્વીકારનાર સૌપ્રથમ હતું. યુએનજીએમાં ભારતનો મત આ કાયમી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.**

૧૦ મે, ૨૦૨૪ના રોજ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)માં વિશ્વના અનેક દેશોની સાથે સાથે પેલેસ્ટાઈનના સંપૂર્ણ સભ્યપદની હિમાયત કરતા ડ્રાફ્ટના ઠરાવના સમર્થનમાં ભારત પણ જોડાયું હતું અને આ ડ્રાફ્ટને પ્રચંડ બહુમતી મળી હતી. આરબ જૂથ વતી પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રમાં સંપૂર્ણ સભ્યપદ આપવા માટે યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) દ્વારા રજૂ કરાયેલા ઠરાવની તરફેણમાં ભારત સહિત ૧૪૩ દેશોએ મત આપ્યો હતો જ્યારે આ ઠરાવની વિરુદ્ધમાં ૯ પડ્યા હતા અને ૨૫ મત આપનાર દેશો ગેરહાજર રહ્યા હતા. જો કે, આ ઠરાવ સામે અમેરિકા દ્વારા વિટો કરવામાં આવ્યો હતો. અમેરિકાના વિટોને કારણે હાલ પેલેસ્ટાઈન સંયુક્ત રાષ્ટ્રનું સભ્ય બનશે કે નહીં તેની મડાગાંઠ ઉકેલી શકાઈ નથી.

પેલેસ્ટિનિયન રાષ્ટ્રના સ્વીકારના મુદ્દા પર ભારતના વલણનો એક સુસ્થાપિત ઈતિહાસ છે. વર્ષ ૧૯૭૪ માં ભારત પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (PLO)ને માન્યતા આપનારું પ્રથમ બિન-આરબ દેશ બન્યું હતું અને વર્ષ ૧૯૮૮માં પેલેસ્ટાઈનને એક દેશ તરીકે સ્વીકારનાર સૌપ્રથમ હતું. યુએનજીએમાં ભારતનો મત આ કાયમી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રાજદૂત રૂચિરા કંબોજે આશા વ્યક્ત કરી હતી કે 'પેલેસ્ટાઈનની સભ્યપદની બિડ આખરે સફળ થશે'. જો કે, પેલેસ્ટાઈન માટે ભારતનું સમર્થન ઐતિહાસિક એકતાથી આગળ વધે છે. તેની માહિતી વ્યૂહાત્મક ગણતરી દ્વારા પણ આપવામાં આવે છે. ભારત મુખ્ય સંરક્ષણ ભાગીદાર ઈઝરાયેલ સાથે મજબૂત સંબંધ ધરાવે છે. તેમ છતાં, ભારત આરબ દેશો સાથેના સંબંધોને વધુ કેળવવા માંગે છે કે જે ઈંધણની આયાતના નિર્ણાયક સ્ત્રોત છે. પેલેસ્ટાઈનની હિમાયત કરીને, ભારત આ સ્પર્ધાત્મક હિતોને સંતુલિત કરવાનો પ્રયાસ કરે છે અને પોતાને સાઉથ એશિયાના સૌથી વધુ પ્રભાવક દેશ તરીકે રજૂ કરે છે.

**લાઈવ WIRE**
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

UAE દ્વારા રજૂ કરાયેલા ઠરાવને બહુમતી મળી હોવા છતાંય આખરે અમેરિકાના વીટોને કારણે અટકી ગયો પરંતુ આ ઘટનાએ પેલેસ્ટાઇનને કેટલીક પ્રતીકાત્મક જીત અપાવી છે. આ ઠરાવને મળેલી બહુમતી એ વાતની સાબિતી છે કે, પેલેસ્ટાઈન યુએન ચાર્ટરની કલમ જમાં દર્શાવેલ યુએન સભ્યપદ માટેની લાયકાતોને પૂર્ણ કરે છે કે જે શાંતિ-પ્રેમાળ સંબંધો ધરાવતા દેશો અને ચાર્ટરની જવાબદારીઓની સ્વીકૃતિ પર ભાર મૂકે છે. ઠરાવ સ્વીકારાયો ન હોવા છતાંય સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ કરીને પેલેસ્ટાઈનને યુએનજીએમાં સહભાગિતા કરવાની તક મળશે અને UNમાં તેના અધિકારોમાં પણ વધારો થશે. જેમાં અન્ય સભ્ય દેશોની સાથે બેસવાનું અને સમિતિઓમાં અધિકારી હોદ્દા રાખવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.

ભારત, ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન બંને સાથે પોતાના લાંબાગાળાના સંબંધો સાથે સંવાદ અને વિશ્વાસ નિર્માણના પગલાંને સરળ બનાવવા માટે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. ઈઝરાયેલ અને પેલેસ્ટિનિયન બંને નેતાઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મજબૂત અંગત સંબંધો ભારતને બંને પક્ષો વચ્ચે સેતુ તરીકે કામ કરવાની તક આપી શકે છે. ભારત બંને પક્ષોને વાટાઘાટોના ટેબલ પર પાછા ફરવા અને સમાધાન અને સુરક્ષા ચિંતાઓ જેવા મુખ્ય મુદ્દાઓને સંબોધવા પ્રોત્સાહિત કરવા માટે તેના રાજદ્વારી પ્રભાવનો લાભ લઈ શકે છે.

વધુમાં, આંતરરાષ્ટ્રીય સમુદાયે સંઘર્ષના મૂળ કારણોને સંબોધવાની જરૂર છે કે જેમાં કબજા હેઠળના પ્રદેશોમાં ઈઝરાયેલી વસાહતો અને પેલેસ્ટિનિયનો દ્વારા સામનો કરવામાં આવતા સામાજિક-આર્થિક પડકારોનો સમાવેશ થાય છે. પેલેસ્ટિનિયન વિકાસ પ્રોજેક્ટ્સ માટે આંતરરાષ્ટ્રીય સહાયમાં વધારો, પેલેસ્ટિનિયન પ્રદેશોમાં આર્થિક પ્રવૃત્તિ પરના પ્રતિબંધોને હળવા કરવા માટે ઇઝરાયેલ પર દબાણ સાથે શાંતિ માટે વધુ અનુકૂળ વાતાવરણ બનાવવામાં યોગદાન આપી શકે છે.

યુએન પોતે શાંતિ વાટાઘાટોને સરળ બનાવવા અને આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘન માટે જવાબદારી સુનિશ્ચિત કરવામાં વધુ મજબૂત ભૂમિકા ભજવી શકે છે. ઇઝરાયેલ અને પેલેસ્ટિનિયન બંને દ્વારા કથિત માનવાધિકાર ઉલ્લંઘનોની તપાસમાં યુએન હ્યુમન રાઇટ્સ કાઉન્સિલ દ્વારા વધુ સક્રિય ભૂમિકા પારદર્શિતાને પ્રોત્સાહન આપી શકે છે અને ઉલ્લંઘન માટે જે કોઈ જવાબદાર હોય તેની સામે કાર્યવાહી કરી શકે છે.

પેલેસ્ટિનિયન યુએન સદસ્યતાની તરફેણમાં ભારતનો મત કે જે તાત્કાલિક સંદર્ભમાં ફક્ત એક પ્રતીકાત્મક છે તે પેલેસ્ટિનિયન આકાંક્ષાઓ માટે ભારતના અતૂટ સમર્થનને રેખાંકિત કરે છે. વર્તમાન મડાગાંઠને ઉકેલવા અને ન્યાયી અને કાયમી શાંતિ હાંસલ કરવા માટે ભારત જેવા મુખ્ય ખેલાડીઓ દ્વારા નવેસરથી રાજદ્વારી પ્રયાસો સાથે આગળ વધવું અને ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન બંને માટે સતત આંતરરાષ્ટ્રીય દબાણ જાળવી રાખવું અનિવાર્ય છે. સાથે જ આંતરરાષ્ટ્રીય સમુદાયે સ્વીકારવું જોઈએ કે યથાસ્થિતિ ટકાઉ નથી અને આ લાંબા સંઘર્ષનો અંત લાવવા માટે બે-રાજયની સમસ્યાનો ઉકેલ માટે નવી પ્રતિબદ્ધતા જરૂરી છે.




**UAE દ્વારા રજૂ કરાયેલા ઠરાવને બહુમતી મળી હોવા છતાંય આખરે અમેરિકાના વીટોને કારણે અટકી ગયો પરંતુ આ ઘટનાએ પેલેસ્ટાઇનને કેટલીક પ્રતીકાત્મક જીત અપાવી છે. આ ઠરાવને મળેલી બહુમતી એ વાતની સાબિતી છે કે, પેલેસ્ટાઈન યુએન ચાર્ટરની કલમ જમાં દર્શાવેલ યુએન સભ્યપદ માટેની લાયકાતોને પૂર્ણ કરે છે કે જે શાંતિ-પ્રેમાળ સંબંધો ધરાવતા દેશો અને ચાર્ટરની જવાબદારીઓની સ્વીકૃતિ પર ભાર મૂકે છે.**

## સુવિચાર

**કોઈપણ અપેક્ષા રાખ્યા**
**વગર હંમેશા બધાનું સારૂ કરવાનો પ્રયત્ન**
**કરવો કારણ કે..**
**કોઈએ કહ્યું છે કે..**
**જે લોકો ફુલ વહેંચે છે**
**તેના હાથમાં સુગંધ રહી જાય છે...**

## આજનું ચિંતન

### કર્મો આત્મા પર, પણ આત્મામાં કર્મ એક પણ નહીં

**કીચડમાં હીરો હોઈ શકે પણ હીરામાં કીચડના પ્રવેશની તો કોઈ જ સંભાવના નથી.**

**કબૂલ, હીરાની આસપાસ ગોઠવાઈ ગયેલ કીચડ એકવાર હીરાના અસ્તિત્વ પર શંકા ઉભી કરી શકે પણ કીચડ દુર થઈ જતાં જ એ શંકા નિર્મૂળ થઈ જાય.**

**કર્મો એ બીજું કાંઈ નથી, આત્મા જેવા હીરાની આસપાસ ગોઠવાઈ ગયેલ કીચડ છે. સાધના દ્વારા એ કીચડને જયાં દુર કરી દીધો ત્યાં હીરા જેવો આત્મા સહજ જ ઝળહળી ઉઠયો સમજો.**

**યાદ રાખો**
**કર્મો આત્મા પર જરૂર છે, પણ આત્મામાં તો એક પણ કર્મ નથી.**

## મન ઉદાસ શા માટે રહે છે?

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

પરમાત્મા કહે છે-'મનુષ્ય મનુષ્યને કદી અવિનાશી સુખ, શાંતિ આપી ન શકે.' સુખ-શાંતિ-પવિત્રતાનો વારસો માત્રને માત્ર એક પરમાત્મા જ આપી શકે અને તેથી બચપણથી જ માતા-પિતા એ પરમાત્મા, ઈશ્વર, અલ્લાહને યાદ કરવા માટે વારંવાર તેના સ્થાન પર મોકલે છે, કે કોઈને કોઈ વિધિ કરવા કહે છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિઓને લઈને વ્યક્તિ હવે ત્યાં પણ પહોચતો નથી અથવા જાય છે તો માત્ર આર્ટિફિશ્યલી, અનઈચ્છાએ વિધિ તો કરીને આવે છે પરંતુ તેમાં ભાવના, શ્રધ્ધા, વિશ્વાસ કેટલો હોય છે? વાસ્તવમાં તો પરમાત્મા સાથે એક સોદો કરીએ છીએ કે આટલી પ્રાપ્તિ કરાવી આપો તો- આટલા દિવા કરીશ, શ્રીફળ વધેરીશ કે દાનપુણ્ય કરીશ. સ્વયં પ્રાપ્તિ અર્થે પુરૂષાર્થ કરતા નથી અને મહેનત વગરની સર્વ પ્રાપ્તિ જોઈએ છે. તો શું ઈશ્વર મદદ કરશે ખરા?

કોઈ કારણ વગર મન ઉદાસ થતુ હોય છે, ચિંતા થતી હોય, દુઃખ થતુ હોય છે તે સમયે એ ચેક કરવું જોઈએ કે કોને યાદ કરી રહ્યા હતા, વાત કોની ચાલી રહી હતી? કારણ કે જે મન-બુધ્ધિમાં હતુ તેની સાથે મારું ચિત્તનું જોડાણ થયુ છે. ઘણીવાર સંબંધોમાં મતભેદ થયો, કોઈ ખિટપિટ થઈ. હવે તે વાતને લઈને મન અશાંત રહે છે. કારણ કે વર્તમાન સમયે સૌ આત્મારૂપી મોબાઈલની બેટરી ડાઉન છે. આમ કમજોર મન, અવચેતન મન વિતેલી વાતને ભલી શકતુ નથી. હવે રોજનું જીવન તો આમ જ ચાલે છે, કાર્ય થતા રહે છે પરંતુ પેલી વાત મન-બુધ્ધિમાં બોજ બની રહેતી હોય છે. પરિણામે કોઈ એવું કાર્ય ન કરવા છતાં થાકી જવાય છે, સુસ્તી અને અલબેલાપન, આળસ્ય આવે છે કારણ ભારે મન પરેશાન છે, નારાજ છે.

આવી સ્થિતિમાં શાંત થવાની વિધિ છે- એ શાંતિના સાગરની સાચા દિલની નિરંતર યાદ. એમ કરવાથી મન-ચિત્તની શાંતિ વધશે જે ચહેરા પર ખુશી લાવશે. પરમાત્મા શીખવે છે કે- બીતી સો બીતી કરો અર્થાત જે વાત બની ચુકી, તેને બદલી ન શકાતી હોવાથી ભુલો અને આગળ માટે શું કરી શકાશે તે નવા ઉમંગથી વિચારી, અમલમાં લાવી આગળ વધો. અને એ વાત બની જ એટલા માટે કારણ કે ડ્રામામાં તેની નોંધ હતી. ડ્રામા અર્થાત બની બનાયી બન રહી હૈ. જેને ન બદલી શકાય તે સ્વયંના જીવનચક્રનો એક સીન(ચિત્ર) હતો આથી આવો હવે તેને સ્વીકારીએ, ભલીને આગળ વધીએ. જાણે કે કશુ બન્યુ જ નથી- નથિંગ ન્યુ. સમય પર આ વિધિ યાદ આવે, અને મન હલચલમાં ન આવે તો સમજવું કે મન પરની જીત થઈ છે.

# સંસદ ભવનની સુરક્ષાનો હવાલો હવે CISFને સોંપાયોઃ ૩૩૧૭ જવાનો તૈનાત

## ગત વર્ષે સુરક્ષા ચૂક બાદ સીઆઈએસએફને તૈનાત કરવાના નિર્ણયનો અમલ



નવીદિલ્હી તા.૨૦

દેશમાં લોકશાહીના સૌથી વધુ મહત્વપૂર્ણ પ્રતીક ગણાતી સંસદની સુરક્ષાની જવાબદારી આજથી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિકયુરિટી ફોર્સના ૩,૩૦૦થી વધુ જવાનો કરશે. સંસદની સુરક્ષા ફરજમાંથી ૧,૪૦૦ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનોને પાછા ખેંચી લેવામાં આવ્યા બાદ સંસદ સંકુલમાં આતંકવાદ વિરોધી અને તોડફોડ વિરોધી સુરક્ષા ફરજો હવે સીઆઈએસએફના જવાનો સંભાળશે.

સુત્રોએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના પાર્લામેન્ટ ડયુટી ગ્રુપે શુક્રવારે પરિસરમાંથી તેના વાહનો, શસ્ત્રો અને કમાન્ડો સહિત સમગ્ર વહીવટી અને ઓપરેશનલ સ્ટાફ પાછો ખેંચી લીધો હતો. તેના ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરેલ રેન્કના અધિકારી કમાન્ડરે સંકુલના તમામ સુરક્ષા પોઈન્ટ્સ સીઆઈએસએફ જુથને સોંપ્યા હતા. ગયા વર્ષને ૧૩ ડિસેમ્બરે સંસદની સુરક્ષાના ભંગ પછી સરકારે સીઆરપીએફ પાસેથી સુરક્ષાની જવાબદારીઓ સીઆઈએસએફને સોંપવાનો નિર્ણય કર્યો હતો. આ પછી મધ્ય દિલ્હીમાં સ્થિત આ સંકુલમાં જૂનરી અને નવી સંસદની ઈમારતો અને સંલગ્ન ઈમારતોની સુરક્ષા માટે કુલ ૩,૩૧૭ સીઆઈએસએફ જવાનોને સામેલ કરવામાં આવી રહ્યા છે.

૨૦૦૧ના સંસદ પર થયેલા આતંકવાદી હુમલા વરસીએ સુરક્ષામાં મોટી ચૂક થઈ હતી. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ શૂન્યકાળ દરમિયાન બે વ્યકિતઓ પબ્લિક ગેલેરીમાંથી લોકસભાની ચેમ્બરમાં કૂદી પડયા હતા. અને ડબ્બાઓમાંથી પીળો ધુમાડો છોડયો હતો તથા સંસદમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. તે દિવસે લગભગ તે જ સમયે સંસદ પરિવારની બહાર અન્ય બે વ્યકિતઓએ સુત્રોચ્ચાર કરતી વખતે ડબ્બાઓમાંથી રંગીન ધુમાડો છાંટયો હતો.

આ ઘટના પછી સંસદ સંકુલની એકંદર સુરક્ષા મુદ્દાઓની તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા માટે સીઆરપીએફ ડીજીની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરાઈ હતી.

એક અધિકારીએ નામ ન જાહેર કરવાની શરતે જણાવ્યું હતું કે સીઆઈએસએફનું કાઉન્ટર ટેરરિઝમ સિકયોરીટી યુનિટ સોમવાર, ૨૦ મેના રોજ સવારે ૬ વાગ્યાથી સંસદ સંકુલનો સંપૂર્ણ સુરક્ષા હવાલો સંભાળશે.

# આ વર્ષે પૃથ્વીની ચારેબાજુ ભયાનક તબાહી સર્જાશે?: બાબા વેંગાની ૨૦૨૪ની ડરામણી આગાહીઓ

## રશિયાના પ્રમુખ પુતિનની હત્યાનો પ્રયાસ થશે, સાઈબર હુમલાઓ વધી જશે, કોઈ દેશ મોટો જૈવિક હુમલો કે પરીક્ષણ કરશે, કેન્સર-અલ્ઝાઈઝમરનો ઈલાજ થશેઃ બાબાની ધ્રુજારીભરી આગાહીઓ

નવી દિલ્હી, તા.૨૦

બલ્ગેરિયાના ભવિષ્યવેતા બાબા બેંગાની અનેક ભવિષ્યવાણીઓ સાચી સાબિત થઇ છે. તેમણે ભૂતકાળમાં કરેલી કેટલીક ભવિષ્યવાણીઓ સાચી પડી છે. જેમ કે તેમણે સોવિયત સંઘના વિઘટનની, અમેરિકા પર આતંકી સંગઠન અલકાયદાના ૯-૧૧ના આતંકી હુમલાની કરેલી આગાહી સાચી પડી છે.



બલ્ગેરિયાના દ્રષ્ટિહીન બાબાની આંખોની રોશની માત્ર ૧૨ વર્ષની વયે જ ચાલી ગઇ હતી. બાબાએ તો ઇ.સ. ૫૦૭૯ સુધીની ભવિષ્યવાણી કરી દીધી છે.

હવે બાબા વેંગાએ વર્ષ ૨૦૨૪ને લઇને પણ કેટલીક ડરામણી આગાહી કરી છે. જે મુજબ કોઇ દેશવાસીના હાથે જ રશિયન રાષ્ટ્રપતિ વ્લાહીમીર પુતિનની હત્યાની કોશિશ થશે. પ્રાકૃતિક આપત્તિને લઇને પણ બાબા વેંગાએ ભવિષ્યવાણી કરી છે કે ૨૦૨૪માં ભીષણ હવામાનની ઘટનાઓ બનશે. ધરતી પર એક મોટો ફેરફાર થશે જે મોટે ભાગે ખુબ જ લાંબા અંતરાલ બાદ થતો હોય છે. પણ જો આ જલદી થયું તો ભયાનક કુદરતી આફત આવી શકે છે. ધરતીની ચારે બાજુ ભયાનક તબાહી મચી શકે છે.

વેંગાએ સાઇબર હુમલામાં વધારાની પણ આગાહી કરી છે. ૨૦૨૪માં પાવર ગ્રીડ અને જલ ઉપચાર યંત્રોને હેકર નિશાન બનાવી શકે છે. આથી રાષ્ટ્રીય સુરક્ષા પર ખતરો પેદા થઇ શકે છે. બાબા વેંગાએ વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક અર્થ વ્યવસ્થાને હલબલાવી નાખે તેવા આર્થિક સંકટની પણ આગાહી કરી છે. આવી ડરામણી આગાહીઓ વચ્ચે બાબા વેંગાએ કેટલીક સકારાત્મક આગાહીઓ પણ કરી છે જે મુજબ ચિકિત્સા ક્ષેત્રોમાં મોટી સફળતા મળી શકે છે. જેમાં અલ્ઝાઇમર જેવી બીમારીનો ઇલાજ, કેન્સરનો ઇલાજ શોધાઇ જવાની આગાહી કરી છે. બાબાએ આ વર્ષે એક દેશ મોટો જૈવિક હુમલો કે પરીક્ષણ કરશે તેવી પણ આગાહી કરી છે. તેમણે ઇ.સ. ૫૦૭૯માં દુનિયા ખતમ થઇ જવાની આગાહી કરી છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૧૩, તા.૨૧/૫/૨૪, મંગળવાર

સૂર્યોદય : ૬-૦૬, સૂર્યાસ્ત : ૭-૧૯, જૈન નવકારશી : ૬.૫૪
રાશિ : તુલા(ર.ત.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-વૃષભ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-તુલા


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** જન્મના ગ્રહો પ્રમાણે નિતનવા વિચારો રહે, સાંજ પછીનો સમય ન ધારેલી સફળતા, પ્રવાસની ઈચ્છા ફળે.
**વૃષભ :** વ્યકિતત્વનો લાભ મળવાનો આત્મવિશ્વાસ વધારવો ભૌતિક સુખનો લગાવ પણ રહેવાનો છે.
**મિથુન :** પ્રતિષ્ઠા વધવાની જનસંપર્ક બાબત સફળતા રહે, કુટુંબના સભ્યો સાથે ઉપેક્ષીત વલણ ન રાખવું.
**કર્ક :** વિશેષ લાભ સાઈડ બીઝનેસથી મળે, નોકરીમાં ધ્યાન રાખવું જરૂરી રહે, માનસિક તનાવ રહેવાનો.
**સિંહ :** મહત્વના કાર્યો તરફ ધ્યાન દેજો, નજીકની વ્યકિતથી સહકાર ન રહે, સ્વાસ્થ્ય બાબત સાધારણ નબળુ.
**કન્યા :** લાગણીઓને યોગ્ય રીતે રજુ કરવાની સલાહ છે, સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા રહેવાની.
**તુલા :** સર્જનાત્મક પ્રગતિ પ્રત્યે વધુ ધ્યાન દેજો, મિત્રોનો સહકાર રહેવાનો, નોકરીમાં મનગમતી જગ્યા મળે, ધાર્મિક કાર્ય થાય.
**વૃશ્ચિક :** લક્ષ્મીજીની કૃપા મેળવવાના પ્રયત્નો ફળવાના, કર્જમાં રાહત રહે, ભાગીદારો સાથે મહત્વની ચર્ચા થાય, પ્રતિષ્ઠા વધે.
**ધન :** માનસિક સ્વસ્થતાનો અનુભવ થાય, કુટુંબીજનો સાથે સુમેળ વધે, નોકરીમાં સ્થિરતા રાખવી, રાજકોટ પ્રવૃતિ વધવાની.
**મકર :** વિકાસની તક ઉભી કરવાના પ્રયત્નો ફળવાના સંસ્થાને તમારી મહેનતનો લાભ મળે, નવી યોજનામાં સફળતા રહેશે.
**કુંભ :** મિત્રો સાથે નાણાકીય લેતી દેતીમાં બેદરકારીથી જાળવવું, રોજિંદા કાર્યને વળગી રહેજો, હિતેચ્છુની શુભેચ્છા મેળવશો.
**મીન :** ટેકનોલોજી ક્ષેત્રે સફળતા મેળવશો, કાનુની પ્રશ્નોથી દુર રહેજો, પ્રતિષ્ઠા જાળવવા સંઘર્ષ કરવો પડે, પ્રવાસ થાય.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

**રાઉન્ડ ધ પાસ**
■ માધવી નરેશ શાહ



### આડી ચાવી

૧. લોકસભા, ૨૦૨૪ની ચૂંટણીમાં રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર (૮)
૬. તપસ્યા (૨)
૭. પીકોક (૨)
૮. મનમાં ને મનમાં (૪)
૧૦. હૃદય, દિલ (૩)
૧૩. એક હાર્ડડ્રિન્ક (૨)
૧૪. સંગીતકાર ગૌરાંગ વ્યાસના પિતા (૬)
૧૬. થૂંકવાનું વાસણ (૪)
૧૮. પાર વગરનું (૩)
૧૯. અભિનેતા (૨)
૨૦. સ્નાન માટેનો અંગ્રેજી શબ્દ (૩)
૨૨. મન હરી લેનારૂ (૪)
૨૫. જામનગર જિલ્લાનો ટાપુ (૬)
૨૬. ચાચા તારાપુરવાલાનું સંક્ષિપ્ત (૨)
૨૭. કાંઠો (૨)
૨૮. બ્લડપ્રેસર (૪)
૨૯. ક્ષણ (૨)
૩૦. એક સૂકોમેવો (૩)
૩૧. મુકત ઉંધુ લખો (૨)

### ઉભી ચાવી

૨. સુગંધ (૩)
૩. અભિપ્રાય (૨)
૪. દેહ વેચનારી સ્ત્રી માટેનો શબ્દ (૫)
૫. તે (કમાણી માટેનો) નાનાભાઈ ગણાય છે (૫)
૮. મર્દાનગી-જોડણી છુટ્ટો પાડો (૫)
૯. આઠમ પછીની તિથિ (૨)
૧૧. નાગ ઉંધુ લખો (૨)
૧૨. કામના કલાકો-અંગ્રેજી (૫)
૧૪. સ્ટાઇલ (૨)
૧૫. વેપાર (૩)
૧૭. ન...ન જયાદા (૨)
૨૦. અમદાવાદનો એક વિસ્તાર (૪)
૨૧. એક કોમ્યુનિટી (૩)
૨૨. મન મરજીથી જીવનારો (૪)
૨૩. ઉમેદવારનો રિજેકટ કરતો મત (૨)
૨૪. ઉચાટ, ઉદવેગ (૩)
૨૫. એક ધાતુ (૩)
૨૬. અંકલ (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | ખિ | લે | શ | યા | દ | વ | | અ | ટ | લ | સ | રો | વ | ર |
| દા | લ | | ક | પા | સ | | દા | દા | | સ | | હ | વ | સ |
| | ખિ | લ | | વ | ક | રો | | લ | સ | ણ | | ત | | ક |
| | લા | લ | મ | રી | | જ | સ | ત | | | એ | ક | ર | સ |
| | ટ | કા | | | કા | બ | ર | | મ | હા | ન | | મ | |
| ક | | ર | જા | ઈ | | રો | કા | ણ | કા | ર | | મ | જા | ક |
| ર | દ | | ગ | | ગા | જ | ર | | ન | | બે | જા | ન | |
| ત | | ક | ર | ભ | લા | | | મ | | વા | | લ | | બે |
| બ | ળ | ત | ણ | | વે | | સ | ગ | પ | રી | યા | | સ્વ | |
| | | ર | | મી | લી | ભ | ગ | ત | | ચા | દ | વ | સ્થ | ળી |
| ચા | ર | ણ | | ન | | વ | પ | રા | શ | | ગા | | | |
| મા | | | કા | મે | રછા | | ણ | | ર | બ્બ | ર | સ્ટે | મ્પ | |
| ચી | લ | મ | | મ | | સો | | રા | બ | | | શ | | ગ |
| ડિ | ક | લે | ર | | પા | પા | | વ | ત | ન | | ન | ગ | રી |
| યુ | | ક | મ | કિ | સ્તા | ન | | લ | | ટ | પ | રી | | બ |












# પરંપરાગત શેરી રમતો જામી : રેસકોર્સની ફન સ્ટ્રીટમાં ધમાલ-મસ્તી કરતા આબાલ વૃધ્ધો

શહેરના રેસકોર્સ સંકુલમાં ગઇકાલ રવિવારથી ઉનાળુ વેકેશનમાં યોજાતી ધમાલ મસ્તી સાથેની પરંપરાગત રમતો માણવાની તક આપતી ફન સ્ટ્રીટનો પ્રારંભ થયો છે. મનપા અને ચિત્રનગરીના ઉપક્રમે આ ફન સ્ટ્રીટ ૧૦ વર્ષથી ચાલે છે. ગઇકાલે સવારે ૭ થી ૯ વાગ્યા સુધી બાળકો, મોટેરા અને વડીલો પણ કેરમ, ચેસ, લુડો, રાસ-ગરબા, મ્યુઝીકલ ચેર, રંગોળી, લંગડી, ભમરડા, લખોટી, સાપ સીટી, રસ્સા ખેંચ, ટેબલ ટેનીસ, ક્રિકેટ, માટીના રમકડા બનાવવા, પેન્ટીંગ, ખો-ખોની રમત રમ્યા હતા. જેમાં અનેક ગેમમાં તો લાઇન પણ હતી. ગઇકાલે સવારે મેયર નયનાબેન પેઢડીયા અને દંડક મનીષભાઇ રાડીયાએ ફન સ્ટ્રીટની મુલાકાત લીધી હતી. સંસ્થાના જીતુભાઇ ગોટેચા સહિતના સભ્યોએ વ્યવસ્થા ગોઠવી હતી. હવે તા.૨૬, તા.૨-૬ તથા તા.૯-૬ રવિવારના રોજ સવારે ૭ કલાકથી ૯ કલાક સુધી રેસકોર્ષ આર્ટ ગેલેરીથી સ્વિમિંગ પૂલ વચ્ચેના ભાગમાં યોજાશે. આજના મોબાઇલ યુગમાં જ્યારે મોટાભાગના લોકો મોબાઈલમાં ખોવાયેલા રહેતા હોય છે ત્યારે વિસરાઇ ગયેલ શેરી રમતોને પુનઃજીવિત કરવા માટે આ રમતો આ ફન સ્ટ્રીટમાં રાખવામાં આવી છે. ડીજેના તાલે સંગીત અને પરંપરાગત ગરબાનો આનંદ પણ રાજકોટના લોકોએ લીધો હતો. તસ્વીરમાં આનંદ કિલ્લોલ કરતા લોકો નજરે પડે છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

### વડોદરા–જામનગર બાદ સુરતમાં પણ પ્રિ–પેઇડ વિજ મીટરો મામલે હોબાળો

# સ્માર્ટ મીટર લગાવવાનું કામચલાઉ ધોરણે બંધઃ વિજ અધિકારીઓ ગાંધીનગરમાં

રાજકોટ, તા.૨૦

રાજકોટ સહિત ગુજરાતના અનેક શહેરોમાં શરૂ કરાયેલા સ્માર્ટ–પ્રિપેઇડ વીજ મીટર સામેનો વિરોધ નવા–નવા શહેરો સુધી પહોંચવા લાગ્યો છે. વડોદરા, જામનગર બાદ સુરતમાં પણ વિજ ગ્રાહકોએ હંગામો મચાવ્યો હતો તેને પગલે રાજ્યભરમાં હાલ તૂર્ત–કામચલાઉ ધોરણે રહેણાંક ગ્રાહકોમાં સ્માર્ટ મીટર લગાવવાનું સ્થગીત કરી દેવાયું છે તેના બદલે સરકારી કચેરીઓમાં લગાવવા નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકાર પણ એલર્ટ બની હોય તેમ ચારેય વિજ કંપનીઓના વડાઓ સહિતના અધિકારીઓને ગાંધીનગર બોલાવીને મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી છે.

### તમામ સરકારી વિજ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે તાકિદની ઉચ્ચ સ્તરીય બેઠક



વિજતંત્રના સૂત્રોએ કહ્યું કે અનેક શહેરોમાં સ્માર્ટ મીટરથી તોતીંગ નાણાં કપાતા હોવાના દાવા સાથે પ્રચંડ વિરોધ થતાં કામચલાઉ ધોરણે સ્માર્ટ મીટર લગાવવાની પ્રક્રિયા સ્થગીત કરી દેવાનો નિર્ણય લેવાયો છે. સરકારી કચેરીઓ તથા વિજગ્રાહકો સ્વેચ્છાએ ડીમાંડ કરે ત્યાં લગાવવાનું નક્કી થયું છે. રાજ્ય સરકારે પણ હોબાળાની ગંભીરતા પારખીને પીજીવીસીએલ સહિત તમામ સરકારી વિજ વિતરણ કંપનીઓના અધિકારીઓને ગાંધીનગર તેડાવ્યા છે. સવારથી ઉચ્ચ સ્તરીય બેઠક થઇ રહી છે.

સૂત્રોએ કહ્યું કે ભારે વિરોધ–હોબાળા બાદ હવે ગ્રાહકો દ્વારા ફરિયાદો કરવામાં આવી રહી છે. તેનું વિશ્લેષણ કરીને નિરાકરણ લાવવાનું નક્કી થયું છે. ફરિયાદોનો યોગ્ય ઉકેલ આવવા સાથે ગ્રાહકોની શંકાનું સમાધાન થયા બાદ ફરી વખત રહેણાંક વિસ્તારોમાં મીટર લગાવવાનું શરુ કરાશે.

રાજ્ય સરકારની આજની બેઠકમાં શું પરિણામ આવે છે તેના પર મીટ માંડવામાં આવી રહી છે. બીજી તરફ સુરતમાં પણ વડોદરાની જેમ લોકોએ સ્માર્ટ મીટર સામે હોબાળો શરુ કર્યો છે. લોકોનો એવો દાવો છે કે બે મહિનાના બીલ જેટલા નાણાં ૧૫ દિવસમાં જ ખત્મ થઇ રહ્યા છે. વિજતંત્રનો એવો બચાવ છે કે આકરા ઉનાળાને કારણે વીજળીનો વપરાશ દેખીતી રીતે વધતો જ હોય છે. અત્યાર સુધી બે મહિને બીલ આવતા એટલે લોકોને ધ્યાન રહેતું ન હતું હવે એડવાન્સ પેમેન્ટને કારણે લોકોને તૂર્ત ખબર પડી જાય છે.

### ગ્રાહકોની ફરિયાદોનું વિશ્લેષણ કરવા આદેશઃ પ્રશ્નોનો ઉકેલ–શંકાના સમાધાન બાદ જ પ્રક્રિયા ફરી શરૂ કરાશે

## જુના નાણાં કપાતા હોવાથી ગેરસમજને કારણે વિરોધઃ હવે બાકી બિલ માટે આવી સિસ્ટમ લાગુ થશે

### રાજકોટમાં કોઇ વિરોધ ન હોવાનો પીજીવીસીએલના અધિકારીઓનો દાવો

રાજકોટ, તા.૨૦

પ્રિપેઇડ સ્માર્ટ મીટર માટે ગુજરાતના વડોદરા, સુરત સહિતના શહેરોમાં જબરો હોબાળો સર્જાયો છે છતાં રાજકોટમાં હજુ કોઇ ખાસ વિરોધનો સૂર ઉઠયો નથી ત્યારે વિજ તંત્રના અધિકારીઓએ એવો નિર્દેશ કર્યો છે કે સમગ્ર વિરોધ પાછળ થોડી ગેરસમજ જવાબદાર છે અને તે દુર કરવા માટે નવા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

પીજીવીસીએલના એક અધિકારીએ જણાવ્યું હતું કે પ્રિપેઇડ સ્માર્ટ મીટર લગાવવામાં આવે ત્યારે જુના બીલના નાણાં બાકી રહેતા હોય છે. પ્રિપેઇડ મીટર લગાવવામાં આવે તે સાથે જ જુના નાણાં કપાવવા લાગે છે. તેને કારણે બીલ વધુ આવતું હોવાનું લોકો માને છે. વાસ્તવમાં મીટરમાં કોઇ ફોલ્ટ નથી અને નિર્ધારીત રીતે જ બીલીંગ થતું હોય છે.

તેમણે કહ્યું કે હવે સ્માર્ટ મીટર લગાવતી વખતે ગ્રાહકોને બાકી રહેતા નાણાં વિશે જાણ કરવામાં આવશે અને તેની અનુકુળતા મુજબ કેટલા હપ્તે પૈસાની કપાત કરવી તે પૂછવામાં આવશે અને તે મુજબ જુના નાણાંની વસુલાત હાથ ધરવામાં આવશે.

પીજીવીસીએલના અધિકારીઓએ એવો દાવો કર્યો હતો કે રાજકોટમાં કોઇ મોટી સમસ્યા નથી. અમુક ટેકનીકલ પ્રશ્નો ઉભા થતાં હોય છે તેનું નિરાકરણ કરી દેવામાં આવે છે. કેટલાક શહેરોમાં હોબાળો થયા બાદ હવે સરકારી ઓફિસોમાં સ્માર્ટ મીટર લગાવવાનું શરૂ કરવા નક્કી કરવામાં આવ્યું છે.

## સ્માર્ટ મીટર વિવાદમાં કોંગ્રેસે પણ ઝંપલાવ્યુંઃ લોકોને લૂંટવાનો કારસો હોવાનો શક્તિસિંહનો આક્ષેપ

રાજકોટ, તા.૨૦

વિજ તંત્રના સ્માર્ટ મીટર પ્રોજેક્ટના વિવાદમાં હવે કોંગ્રેસે પણ ઝુંકાવ્યું છે અને સરકાર દ્વારા ગ્રાહકોને લુંટવાનો કારસો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

રાજકોટ આવેલા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે સ્માર્ટ મીટર સામે રાજ્ય સરકારનો વિરોધ કરવામાં આવશે. ભાજપમાં અહંકાર આવી ગયો છે અને તેનું આ પરિણામ છે. અદાણીને ફાયદો આપવા માટે સ્માર્ટ લગાવવામાં આવી રહ્યા છે. અદાણીની કંપની પાસેથી મોંઘા ભાવે વીજળી ખરીદવામાં આવે છે અને હવે સ્માર્ટ મીટરથી લોકોને લૂંટવાનો આ કારસો છે. તેમણે એવો સવાલ ઉઠાવ્યો હતો કે ચૂંટણી પૂર્વે સ્માર્ટ મીટર લગાવવાની સરકારે કેમ હિમત કરી ન હતી. સ્માર્ટ મીટરના નામે પ્રજા પર બોજો નાખવામાં આવ્યો છે. સરકારે લોકોને વિકલ્પ આપવો જોઇએ. સ્માર્ટ મીટર લેવાનું ફરજીયાત કરવું ન જોઇએ. શક્તિસિંહ ગોહિલે કહ્યું કે કોઇપણ વસ્તુ ખરીદતા પહેલા જે રીતે જીએસટી વસુલી લેવામાં આવે છે તે જ રીતે હવે પ્રિપેઇડ સ્માર્ટ મીટરથી વીજળી વાપરતા પૂર્વે નાણાં ચુકવી દેવાના રહેશે.




## રાજકોટ શ્રી સ્વામિનારાયણ (મુખ્ય) મંદિરે દેવોને શીતળ ચંદનના અલૌકિક - દિવ્ય શણગાર

ગરમીના ધમધોખતા તાપમાનમાં જેમ માણસને ગરમી ઠંડીનો અહેસાસ થાય તેમ ભગવાનને પણ ગરમીના લાગે , શીતળતા મળી રહે , ઠંડક મળી રહે આવા એક હૃદયના ભાવ સાથે શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ભુપેન્દ્ર રોડ રાજકોટ ખાતે કોઠારી શાસ્ત્રી પૂ.રાધારમણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ સંતો ,પૂજારીઓ તેમજ હરિભક્તો દ્વારા ચંદનના કાસ્ટને ઘસીને સુગંધિત અલૌકિક અને મનમોહક શણગાર કરવાની વિશિષ્ટ પરંપરા સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે થઈ રહી છે ,મંદિરમાં બિરાજતા શ્રી લક્ષ્મીનારાયણ દેવ , શ્રી હરિકૃષ્ણ મહારાજ , ધર્મદેવ ,ભક્તિમાતા ,વ્હાલા વ્હાલા ઘનશ્યામ મહારાજને ચંદનના દિવ્ય શણગાર કરવામાં આવી રહ્યા છે સાથે ઘનશ્યામ મહારાજને મોગરાના ફૂલોના અદભૂત શણગાર કરાયા છે જેના દિવ્ય દર્શન કરી ભક્તો ભાવવિભોર થયા છે ,સવારે શણગાર આરતી ૭.૩૦ થી લઈ સાંજે સંધ્યા આરતી ૭.૧૫ સુધી ભગવાનના ચંદનના વાધામાં ભક્તો અલૌકિક અને દિવ્ય દર્શન કરી શકશે




### આ પુલ તોડી નવો બ્રિજ બનાવાશે

# સાંઢીયા પુલ પર બુધવારથી તમામ વાહનો માટે પ્રવેશબંધી

### પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું : તા.૨૨-૫-૨૦૨૪થી લઈ સાંઢીયા પુલનું નવનિર્માણ ન થઈ જાય ત્યાં સુધી જાહેરનામાનો અમલ થશે : ડાયવર્ઝન રૂટ જાહેર

રાજકોટ, તા.૨૦

રાજકોટના જામનગર રોડ પર આવેલા સાંઢીયા પુલ પર બુધવારથી તમામ વાહનો માટે પ્રવેશબંધી કરાઈ છે. પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. તા.૨૨-૫-૨૦૨૪થી લઈ સાંઢીયા પુલનું નવનિર્માણ ન થઈ જાય ત્યાં સુધી જાહેરનામાનો અમલ થશે. ડાયવર્ઝન રૂટ જાહેર કરાયો છે.

જાહેરનામામાં જણાવ્યું છે કે, સાંઢીયા પુલ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે. હોસ્પિટલ ચોકથી માધાપર ચોકડી તરફ જતા ટુ-વ્હીલર વાહનો, કાર, એમ્બુલેન્સ, જેવા તમામ પ્રકારના લાઈટ વેઈટ વ્હીકલ વાહનો હોમફોર બોયઝ (પેટ્રોલ પંપ)થી ભોમેશ્વર રોડથી ભોમેશ્વર ફાટકથી ભોમેશ્વર મંદિરથી જામનગર રોડ તરફ જઈ શકશે. (ટુ-વ્હીલર સિવાયના તમામ વાહનો માટે વન-વે રહેશે)

માધાપર ચોકડીથી હોસ્પિટલ ચોક તરફ જતા ફકત ટુ-વ્હીલર વાહનો ભોમેશ્વર મંદિરથી ભોમેશ્વર ફાટકથી હોમફોર બોયઝ (પેટ્રોલ પંપ)થી હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે. થ્રી વ્હીકલ, કાર, એમ્બુલેન્સ, જેવા લાઈટ વેઈટ વ્હીકલો રેલનગર અંડર બ્રિજથી રેલનગર મેઇન રોડથી પોપટપરા મેઇન રોડથી પોપટપરા નાલામાંથી રેલ્વે સ્ટેશન મેઈન રોડથી હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે. તેમજ માધાપર ચોકડીથી ૧૫૦ ફૂટ રીંગ રોડથી રૈયા ચોકડીથી રેષકોર્ષ થઈ હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે.

થ્રી વ્હીકલ તથા કાર જેવા લાઈટ વેઈટ વ્હીકલો માટે એરપોર્ટ બગીચા (રેલનગર અંડર બ્રિજ ચોક)થી ભોમેશ્વર રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે. તમામ એસ.ટી. બસો માધાપર ચોકડીથી રૈયા ચોકડી થઈ, આમ્રપાલી અંડર બ્રિજથી એસ.ટી બસ સ્ટેશન તરફ જઈ શકશે. ભારે વાહનો અને પ્રાઈવેટ લકઝરી બસો માટે પ્રવેશબંધીના સમય સિવાય જે ત્યારબાદ માધાપર ચોકથી રૈયા ચોકડીથી આમ્રપાલી અંડર બ્રિજથી અવર-જવર કરી શકશે. તા.૨૨/૫/૨૦૨૪ થી સાંઢીયા પુલનો રોડ નવા બ્રિજનું બાંધકામ પૂર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક શિક્ષાને પાત્ર ઠરશે.









## રેલનગર અંડર બ્રિજમાં ટ્રાફિકજામ થવાની સંભાવના વધશે

સાંઢીયા પુલનું નવ નિર્માણ થવાનું છે ત્યારે બાઈક સહિતના વાહનોને હોસ્પિટલ ચોક જવા માટે રેલનગર બ્રિજમાંથી ડાયવર્ઝન અપાયું છે. થ્રી વ્હિલ, ફોર વ્હિલ વાહનની અવર જવર રેલનગર અંડર બ્રિજમાં વધશે તો ત્યાં ટ્રાફિક જામ થવાની સંભાવના રહેશે. રેલનગર અંડર બ્રિજની ડિઝાઇન મુજબ, ટ્રાફિકજામ થાય તો કેટલાય વાહનો ફસાઈ શકે છે. જેથી શહેર મધ્યે આવવા મુખ્યત્વે વાહન ચાલકો હવે બજરંગવાડીથી અથવા માધાપર ચોકડીથી ૧૫૦ ફૂટ રિંગ રોડ તરફ આવવાનું પસંદ કરશે.

## નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરું છું કે મારુ નામ **ડાભી વીશાલ ભગવાનજી**માંથી **ડાભી વીશાલભાઇ ભગાભાઇ** કરેલ છે. હવેથી હું **ડાભી વીશાલભાઇ ભગાભાઇ** તરીકે ઓળખાઇશ.

**ડાભી વીશાલભાઇ ભગાભાઇ**
એડ્રેસ: ૨૭૦ કલ્યાણનગર સોસાયટી, શેરી નં.૧, સહકાર સોસાયટી મેઇન રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
**સાંજ સમાચાર**
**ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ**
★ ઓછામાં ઓછી ૪ લાઈન
★ ફક્ત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★ સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★ અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક

### એસ.એમ.ગઢવી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ, વાંકાનેરની કોર્ટમાં

જન્મ/મરણ/પરચુરણ અરજી નં. ૫૪/૨૦૨૪
શ્રી પારૂલબેન મુકેશભાઇ કંસારા,
રહે. દાજીપરા, વઢવાણ, સુરેન્દ્રનગર, ૩૬૩૦૩૦ ...અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી,
જન્મ મરણ નોંધણી વિભાગ,
વાંકાનેર નગરપાલિકા, વાંકાનેર તા. વાંકાનેર જી. મોરબી ...સામાવાળા

વિષય : જન્મ / મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી પારૂલબેન મુકેશભાઇ કંસારાના પોતાના તા.૧૩/૦૭/૧૯૬૭ના રોજ મું. વાંકાનેર તા. વાંકાનેર, જિ. મોરબી મુકામે જન્મ થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ / શરતચુકથી જન્મ મરણ નોંધણી વિભાગ, વાંકાનેર નગરપાલિકા, તા. વાંકાનેર, જી. મોરબીના જન્મ રજીસ્ટરે નોંધ કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદરહું જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં યા તો મુદત તા. ૨૧/૦૫/૨૦૨૪ના રોજ લેખિતમાં વાંધો રજુ કરવો. જો વાંધો રજુ નહીં કરવામાં આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૬/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સીકકો
(એસ.એમ.ગઢવી)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર

## સિવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૩માં એકટ સીવીલ જજ શ્રી કે.એમ.ગોહેલ સાહેબની કોર્ટમાં દિ.૫.અ.નં. ૧૨૧૨/૨૪થી અરજદારો (૧) નરેશભાઇ છેલશંકર મહેતા (૨) રાજેશભાઇ છેલશંકર મહેતા (૩) હિરેનભાઇ છેલશંકર મહેતાએ સંયુકત રીતે ગુજ. અનશુયાબેન છેલશંકર મહેતાના વારસદાર તરીકે વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી દાખલ કરેલ છે. જે સ્થાવર મિલ્કત જે ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરના, કેવડાવાડી શેરી નં. ૧ના વિસ્તારમાં આવેલ રાજકોટના સીટી સર્વે વોર્ડ નં. ૧૦, ઘર નં. ૫૧, સીટી સર્વે શીટ નં. ૧૮૬, નોંધ નં. ૯૩, ૯૪, ૯૫ ઉપર આવેલ રહેણાંકના હેતુ માટે અઘાટના લેખવાળી જમીન ઉપર આવેલ મકાન જેની જમીન ચો.વા.આ. ૭૫-૫-૦ બરાબર ચો.મી.આ. ૬૩.૧૩ ઉપર આવેલ મકાનનું ઉપરોકત નંબરવાળી અરજીથી અરજદારોના **એડવોકેટશ્રી તુલસીદાસ બી. ગોંડલીયા** મારફતે દાખલ કરી વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ હોય આ અરજી સામે કોઇનો વાંધો તકરાર હોય તો આ અદાલતમાં મુદત તા. ૨૧/૬/૨૪ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે રજુ કરવા, મુદત દરમિયાન કોઇનો વાંધો તકરાર નહીં આવે તો અરજદારની તરફેણમાં યોગ્ય કાયદેસર હુકમ કરવામાં આવશે.

આજની તા. ૧૭/૫/૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા છે.

હુકમથી
તૈયાર કરનાર (પી.આર.રાઠોડ) જુ. કલાર્ક
કોર્ટનો સીકકો
(જે.વાય.પંડયા)
ઇ/ચા. રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ રાજકોટ

### શ્રી એસ.એમ.ગઢવી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ, વાંકાનેરની કોર્ટમાં

જન્મ/મરણ/પરચુરણ અરજી નં. ૮૨/૨૦૨૪
શ્રી ગોવિંદભાઇ લખુભાઇ માલકીયા,
રહે. નવા ગારીયા, તા. વાંકાનેર જી. મોરબી ...અરજદાર
વિરૂધ્ધ
તલાટી-કમ-મંત્રીશ્રી
(જન્મ-મરણ રજીસ્ટ્રાર ઓફિસર)
ગારીયા ગ્રામ પંચાયત, મુ. ગારીયા, તા. વાંકાનેર, જી.મોરબી ...સામાવાળા

વિષય : જન્મ / મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી ગોવિંદભાઇ લખુભાઇ માલકીયાના માતા દિવાળીબેન લખુભાઇ માલકીયા તા. ૨૦/૦૩/૨૦૦૩ના રોજ મું. ગારીયા, તા. વાંકાનેર, જિ. મોરબી મુકામે મરણ થયેલ છે અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ / શરતચુકથી ગારીયા ગામે મરણ રજીસ્ટરે નોંધ કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં યા તો મુદત તા. ૨૪/૦૫/૨૦૨૪ના રોજ લેખિતમાં વાંધો રજુ કરવો. જો વાંધો રજુ નહીં કરવામાં આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૭/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સીકકો
(એસ.એમ.ગઢવી)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર

### શ્રી એસ.એમ.ગઢવી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ, વાંકાનેરની કોર્ટમાં

જન્મ/મરણ/પરચુરણ અરજી નં. ૮૪/૨૦૨૪
શ્રી ધનજીભાઇ જેરામભાઇ દેગામા,
રહે. આરોગ્યનગર, વાંકાનેર તા. વાંકાનેર જી. મોરબી ...અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી,
જન્મ મરણ નોંધણી વિભાગ,
વાંકાનેર નગરપાલિકા, વાંકાનેર તા. વાંકાનેર જી. મોરબી ...સામાવાળા

વિષય : જન્મ / મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી ધનજીભાઇ જેરામભાઇ દેગામાના બહેન કાંતાબેન જેરામભાઇ દેગામા તા. ૧૪/૦૪/૧૯૬૬ના રોજ મું. વાંકાનેર તા. વાંકાનેર જિ. મોરબી મુકામે જન્મ થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ / શરતચુકથી જન્મ મરણ નોંધણી વિભાગ, વાંકાનેર નગરપાલિકા, તા. વાંકાનેર, જી. મોરબીના જન્મ રજીસ્ટરે નોંધ કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં યા તો મુદત તા. ૨૪/૦૫/૨૦૨૪ના રોજ લેખિતમાં વાંધો રજુ કરવો. જો વાંધો રજુ નહીં કરવામાં આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૭/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સીકકો
(એસ.એમ.ગઢવી)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર

### રતનપરના રેવન્યુ સર્વે નં.૧૪૬ પૈકીની જમીનમાં આવેલ "સીતારામ નગર" તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૦ પૈકીની દક્ષિણ તરફથી પશ્ચિમના રસ્તાવાળી જમીન ચો.મી.આ.૭૭-૯૩૫ તથા પ્લોટ નં.૪૦ પૈકી ઉત્તર તરફથી પશ્ચિમના રસ્તાવાળી જમીન ચો.મી.આ.૭૭-૯૩૫ એમ મળી કુલ જમીન ચો.મી.આ.૧૫૫-૮૭ ની ખુલ્લી જમીન અંગે.

## જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ શહેરના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ **રતનપરના રેવન્યુ સર્વે નં.૧૪૬** પૈકીની જમીન એકર ૮-૦૪ ગુંઠાની રહેણાંકના હેતુ માટેના બીનખેડવાણ થયેલ **"સીતારામ નગર"** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૪૦** પૈકીની દક્ષિણ તરફથી પશ્ચિમના રસ્તાવાળી જમીન ચો.મી.આ. ૭૭-૯૩૫ તથા **પ્લોટ નં.૪૦** પૈકી ઉત્તર તરફની પશ્ચિમના રસ્તાવાળી જમીન ચો.મી.આ. ૭૭-૯૩૫ **એમ મળી કુલ જમીન ચો.મી.આ.૧૫૫-૮૭ ખુલ્લી જમીન છે.** જે મિલ્કતની રાજેન્દ્રભાઈ વાલજીભાઈ વિઠ્ઠલાણી એ તેમના જોગના વેચાણ દસ્તાવેજ અનું.નં.૧૮૫૫૨, તા.૨૧/૧૨/૨૦૨૩ થી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહુ મિલ્કત તેમની માલિકી અને કબજા, ભોગવટાની આવેલ છે. તે મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સદરહુ ઉપરોક્ત મિલ્કત માલિક પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે. સદરહુ મિલ્કત કે ઉપરોક્ત દસ્તાવેજ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દરદાવો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, ગીરો બોજો, ટાઈટલ, અગ્રહકક કે કબજા બાબતે વાંધો તકરાર હોય તો **દિવસ-૭** માં અમોને લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહુ મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે હકક, હિસ્સો નથી અથવા જતો (વેઈવ) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણથી સદરહુ મિલ્કત ખરીદ કરશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહી જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ કરી લેવી.

**રાજકોટ તા.૨૦/૦૫/૨૦૨૪**

**અવની આર. બોરીસાગર – હાર્દિકા કે. વ્યાસ**
**એડવોકેટસ**
૩૦૫, નક્ષત્ર-૬, સમૃધ્ધિ ભવનની સામે, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

જે. મ્યુ.સર્વે જા. નં. ૨૦૬ જેતપુર નવાગઢ નગરપાલિકા તા. ૧૭/૦૫/૨૦૨૪
જેતપુર-૩૬૦ ૩૭૦, જી. રાજકોટ

## જાહેર નોટીસ

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૮૨ની જોગવાઇ (મુજબ જર્જરીત અને ભયજનક ઇમારત તથા હોર્ડીંગ્સ બોર્ડ ઉતારી નાખવા. સુરક્ષિત કરવા અથવા મરામત કરવા બાબતની જાહેર ચેતવણી)**

આથી જેતપુર-નવાગઢ નગરપાલિકા વિસ્તારના તમામ મિલ્કત ધારકો. કબ્જેદારોને આગામી ચોમાસાને અનુલક્ષીને આ જાહેર સુચનાથી જણાવવામાં આવે છે કે, જેતપુર-નવાગઢ નગરપાલિકા વિસ્તારમાં પોતાની માલિકી/કબ્જા ભોગવટા હેઠળની કે પોતાની માલિકીની બંધ હાલતની/કબ્જા ભોગવટા વગરની જર્જરીત અથવા ભયજનક ઇમારતો અથવા પડી જાય તેવી મિલ્કતો/ઇમારતો સાવચેતીના પગલા માટે તાત્કાલીક અસરથી ઉતારી નાખવા, સુરક્ષિત કરવા અથવા મરામત કરવા જણાવવામાં આવે છે. જેતપુર-નવાગઢ નગરપાલિકા વિસ્તારમાં જર્જરીત અથવા ભયજનક મિલ્કત તાત્કાલીક અસરથી ઉતારી નાખવામાં નહીં આવે કે સુરક્ષિત કરાવવામાં નહીં આવે કે મરામત કરાવવામાં નહીં આવે અને મિલ્કત/ ઇમારત ધારાશયી થવાના કારણે / પડી જવાના કારણે કોઇ જાનહાનિ કે અન્ય વ્યકિતને માલમિલ્કતને નુકસાન થશે. તો તે અંગેની સંપૂર્ણપણે જવાબદારી ઇમારતના માલિક/કબ્જો ભોગવટો કરનારની રહેશે. વધુમાં જેતપુર-નવાગઢ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હોર્ડીંગ બોર્ડ વિગેરેનું જરૂરીયાત મુજબનું મજબુતીકરણ તાત્કાલીક કરાવી લઇ માન્ય ગવર્મેન્ટ સ્ટ્રકચરલ ડીઝાઇનરનું મજબુતીકરણ કર્યા અંગેનું પ્રમાણપત્ર અત્રેની કચેરીમાં દિન-૭માં રજુ કરવા મજબુતીકરણ કર્યા અંગેનું પ્રમાણપત્ર અત્રેની કચેરીમાં દિન-૭માં રજુ કરવા નોંધ લેશો. જો સદર નોટીસનો અમલ નહીં કરવામાં આવે અને હોર્ડીંગ્સ બોર્ડના કારણે કોઇ જાનહાનિ કે અન્ય વ્યકિતને માલમિલ્કતને નુકસાન થશે તો તે અંગેની સંપૂર્ણપણે જવાબદારી હોર્ડીંગ્સ બોર્ડના માલિકની રહેશે જેની નોંધ લેવી.

નોંધ : જે મિલ્કતની કોર્ટ-કચેરીમાં કાર્યવાહી ચાલુ હોય તેવી મિલ્કત અંગે સંબંધિત સતાધિકારી પાસેથી પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

**ચીફ ઓફીસર** — **જેતપુર નવાગઢ નગરપાલિકા**
**વહીવટદાર** — **જેતપુર નવાગઢ નગરપાલિકા**

માહિતી/રાજ/૪૭/૨૪




## જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ રાજકોટના, સબ-ડિસ્ટ્રીક્ટ રાજકોટના રાજકોટ શહેરમાં અમીન રોડ ઉપર **ચંદન સુપર માર્કેટ**ની તથા **ત્રીસા બંગલોઝ**ની બાજુમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૪૪૦ પૈકી ૧ તથા ૪૪૦ પૈકી ૧૧ના પ્લોટ નં. ૧+૧ની બીનખેડવાણ થયેલ જમીન ચો.મી. ૩૧૨૫-૦૦ માંહેથી જમીન ચો.મી.આ. ૬૨-૯૨ મ્યુ. કોર્પો.માં જમા કરાવતા નેટ પ્લોટ એરીયા ચો.મી. આ. ૩૦૬૨-૦૦ ઉપર રહેણાંકના હેતુ માટે **"THE LANDMARK PRIDE"**ના નામથી ઓળખાતા હાઇરાઇઝ **(DWELLING-3)** બીલ્ડીંગ માંહેથી ટાવર-બીના છઠ્ઠા માળ પર આવેલ ફલેટ નં. બી-૬૦૨ જેનો કારપેટ એરીયા ચો.મી.આ. ૧૯૩-૧૫, જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી. આ. ૨૧૮-૧૨, તથા બાલ્કની/વોશ એરીયા ચો.મી.આ. ૮-૬૪ ઉપર ફલેટ આવેલ છે. સદરહું ફલેટ **શ્રી શ્રેણીક મહેશભાઇ બાટવિયા** તથા **શ્રીમતી વર્ષાબેન મહેશભાઇ બાટવીયા**એ રજી. વે.દ. અનુ. નં. ૮૪૬૮, તા.૨૦-૧૦-૨૦૨૨ના રોજ **પ્રાઇડ કન્સ્ટ્રકશન**ના નામથી ચાલતી રજી. ભાગીદારી પેઢી વતી તેના અધિકૃત ભાગીદાર દરજજે **શ્રી રોહિતભાઇ હરીલાલ રવાણી** પાસેથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહું મિલ્કત **શ્રી શ્રેણીક મહેશભાઇ બાટવિયા** તથા **શ્રીમતી વર્ષાબેન મહેશભાઇ બાટવીયા**ની સંયુકત માલીકીની કબ્જા ભોગવટાની આવેલ છે. આ સદરહું મિલ્કત મારા અસીલ ખરીદ કરવા માંગે છે, સદરહું મિલ્કત પરત્વે કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દરદાવો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, ગીરો-બોજો, ટાઇટલ, અગ્રહકક કે કબ્જા બાબતે વાંધો તકરાર હોય તો દિવસ-૫માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો તકરાર કે હકક હીસ્સો નથી અથવા જતો **(Waive)** કરેલ છે તેમ માની મારા અસીલ રજી. વેચાણ દસ્તાવેજથી સદરહું મિલ્કત ખરીદ કરશે. ત્યારબાદ કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ,
તા.૨૦-૦૫-૨૦૨૪

**અમારી સુચના મુજબઃ-**
**શ્રી શ્રેણીક મહેશભાઇ બાટવિયા**
**શ્રીમતી વર્ષાબેન મહેશભાઇ બાટવીયા,**

**સંદિપ એમ. ખેમાણી એડવોકેટ**
સરનામું: ૯૧૪ સ્ટાર પ્લાઝા, ફુલછાબ ચોક, રાજકોટ. મો. ૯૮૨૪૭ ૫૬૪૮૬

### જીયાણા ગામનાં રેવન્યુ સર્વે. નં. ૩૧૯/૧ પૈકી ૪ "વામકુક્ષી સેકટર-જી" નાં પ્લોટ નં.૩ ની જમીન ચો.મી.આ.૧૨૩-૮૪ બરાબર ચો.વા.આ.૧૪૮-૧૨ અંગે.

## જાહેર નોટીસ

ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ, રાજકોટના, સબ ડીસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ તાલુકાના ગામ **જીયાણાના રેવન્યુ સર્વે નં.૩૧૯/૧ પૈકી ૪** ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **"વામકુક્ષી"** તરીકે ઓળખાતા વિસ્તારની જમીન જે વામકુક્ષી સેકટર-જી ના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૩** ની ખુલ્લી **જમીન ચો.મી.આ.૧૨૩- ૮૪ બરાબર ચો.વા.આ.૧૪૮-૧૨ સિધ્ધી ધર્મેશ મહેતા** એ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૬૬૫, તા. ૦૫-૧૦-૨૦૧૮ ના રોજ ખરીદ કરેલ છે ત્યારથી સ્વતંત્ર, માલિકી અને કબજા, ભોગવટાની આવેલ છે. સદરહુ ઉપરોકત જમીન અમારા અસીલ ઉપરોકત જમીનના માલિકો પાસેથી ખરીદ કરવા માંગે છે, તેથી આ સદરહુ ખેડવાણ જમીન પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો બક્ષીસ, ગીરો, વારસાઈ, દરદાવો કે અન્ય કોઈપણ રીતે વાંધો તકરાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ ૮ (આઠ)** માં અમોને નીચેનાં સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર આવશે નહી, તો આ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદરહુ જમીન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની તમામે નોંધ લેવી.

**મુ.રાજકોટ તારીખ : ૨૦/૦૫/૨૦૨૪**

**રવિરાજ. કે. ગોહેલ – એડવોકેટ**
ઠે. બી-૩૦૭, ઈમ્પીરીયલ હાઈટસ, ૧૫૦ ફુટ રીંગ રોડ, બીગ બજાર સામે, રાજકોટ.

## અસલ દસ્તાવેજ ખોવાઈ ગયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે,

ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ જામનગરના સબ-ડીસ્ટ્રીકટ કાલાવડના ગામ કાલાવડના **રેવન્યુ સર્વે નં. ૧૬૯૩** (જેના જુના રે.સ.નં. **૨૪૬/પૈકી ૩૫**) જરાયત હે. **૧-૬૧-૮૮** ખેતરનામે **'ત્રીકમ જીવાથી પુર્વે'**ની ખેતીની જમીન અમો **હમીરભાઇ રાહાભાઇ શિયાળીયા**એ રજી. વેચાણ દસ્તાવેજ **અનુ. નં. ૧૭૨**, તા.: ૨૦/૦૧/૨૦૨૩ના રોજ શાંતાબેન નાનજીભાઇ શુકલ વિગેરે પાસેથી ખરીદેલ છે. ત્યારથી સદરહું મિલ્કત અમારી સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

સદરહું ઉપરોકત મિલ્કતની ફાઇલના ઉતરોતર ડોક્યુમેન્ટસવાળી અસલ દસ્તાવેજ વાળી ફાઇલમાં હમીરભાઇ રાહાભાઇ શિયાળીયા જોગ શાંતાબેન નાનજીભાઇ શુકલ વિગેરે કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ **અનુ. નં. ૧૭૨**, તા. ૨૦/૦૧/૨૦૨૩ના રોજનો અસલ દસ્તાવેજ ગુમ થયેલ છે. અથવા ખોવાઇ ગયેલ છે. સદરહું અસલ દસ્તાવેજ અસલ ફાઇલ ખુબ જ શોધવ છતાં મળી આવેલ નથી. તેથી અમોએ સદરહું અસલ દસ્તાવેજની સબ-રજીસ્ટ્રાર કચેરીમાંથી ખરી નકલ કઢાવેલ છે અને હવે પછીથી આ મિલ્કતના ટાઇટલમાં આ દસ્તાવેજની ખરી નકલને અસલ ગણવી તેમજ ટાઇટલમાં સદરહું અસલ દસ્તાવેજ રદ ગણવા.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલ્કતને લગતા ઉતરોતર ટાઇટલ ડીઝ બાબતે કે માલીકી કબજા અંગે કોઇ વ્યકિત, સંસ્થા, સોસાયટી કે બીજા કોઇના કોઇપણ પ્રકારના હકક, લેણું, બોજો, ગીરો, લીયન કે હકક, હિત, હિસ્સો, લાગભાગ દરદાવો કે વરસાઇ હકક કે અન્ય કોઇપણ વાંધા તકરાર કે ચાર્જ હોય તેમજ સદરહું દસ્તાવેજનો કોઇપણ મીસયુઝ થયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૧૦(દસ)માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્ય કોઇના વાંધા તકરાર નહીં આવે તો વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે. અને ત્યારબાદ કોઇના કોઇપણ જાતના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.: ૦૧/૦૫/૨૦૨૪
ઓફીસ સરનામું

એડવોકેટ
તે અમોના અસીલની સુચનાથી

**મિલન ડી. વસોયા**
ઓફીસ નં. ૧૨, કનૈયા કોમ્પ્લેક્ષ, એસ.ટી. બસ સ્ટેન્ડની બાજુમાં, કાલાવડ (શીતલા), જી.: જામનગર મો. નં. ૮૧૨૮૩ ૪૨૩૨૭

**VEHICLE FOR SALE**
**VEHICLE MODEL**
**TATA SIGNA 3525 TK**
**BS6 FB TIPPER**
Model : 2022 • Reg No. GJ-36-V-3553
**IndusInd Bank**
2nd Floor, Business Empire, Opp. Swami Vivekanand Statue, Dr. Yagnik Road, Rajkot - 360001
**MEHUL GHADIYA : 70433 32452**

### એસ.એમ.ગઢવી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ, વાંકાનેરની કોર્ટમાં

જન્મ/મરણ/પરચુરણ અરજી નં. ૮૩/૨૦૨૪
શ્રી રણજીતભાઇ લાલજીભાઇ સરાવાડીયા,
રહે. બોકડથંભા, તા. વાંકાનેર જી. મોરબી ...અરજદાર
વિરૂધ્ધ
તલાટી-કમ-મંત્રીશ્રી
(જન્મ-મરણ રજીસ્ટ્રાર ઓફિસર)
બોકડથંભા ગ્રામ પંચાયત, મુ. બોકડથંભા, તા. વાંકાનેર, જી. મોરબી ...સામાવાળા

વિષય : જન્મ / મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી રણજીતભાઇ લાલજીભાઇ સરાવાડીયાના પુત્રી કિંજલ રણજીતભાઇ સરાવાડીયા તા. ૦૪/૦૩/૨૦૧૮ના રોજ મું. બોકડથંભા, તા. વાંકાનેર, જિ.મોરબી મુકામે જન્મ થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ / શરતચુકથી બોકડથંભા ગામે જન્મ રજીસ્ટરે નોંધ કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં યા તો મુદત તા. ૨૪/૦૫/૨૦૨૪ના રોજ લેખિતમાં વાંધો રજુ કરવો. જો વાંધો રજુ નહીં કરવામાં આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૭/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સીકકો
(એસ.એમ.ગઢવી)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર

### શ્રી એસ.એમ.ગઢવી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ, વાંકાનેરની કોર્ટમાં

જન્મ/મરણ/પરચુરણ અરજી નં. ૮૬/૨૦૨૪
શ્રી દેવદાશભાઇ ગોવિંદભાઇ આંબા
રહે. ભાટીયા સોસા., વાંકાનેર તા. વાંકાનેર જી. મોરબી ...અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી,
જન્મ મરણ નોંધણી વિભાગ,
વાંકાનેર નગરપાલિકા, વાંકાનેર તા. વાંકાનેર જી. મોરબી ...સામાવાળા

વિષય : જન્મ / મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી દેવદાશભાઇ ગોવિંદભાઇ આંબાના ભાઇ નારણભાઇ ગોવિંદભાઇ આંબા તા. ૨૧/૧૦/૧૯૫૫ના રોજ મું. વાંકાનેર તા. વાંકાનેર, જિ. મોરબી મુકામે જન્મ થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ / શરતચુકથી જન્મ મરણ નોંધણી વિભાગ, વાંકાનેર નગરપાલિકા, તા. વાંકાનેર, જી. મોરબીના જન્મ રજીસ્ટરે નોંધ કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદરહું જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં યા તો મુદત તા. ૨૪/૦૫/૨૦૨૪ના રોજ લેખિતમાં વાંધો રજુ કરવો. જો વાંધો રજુ નહીં કરવામાં આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૭/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સીકકો
(એસ.એમ.ગઢવી)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર

### શ્રી એસ.એમ.ગઢવી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ, વાંકાનેરની કોર્ટમાં

જન્મ/મરણ/પરચુરણ અરજી નં. ૮૫/૨૦૨૪
શ્રી લાલજીભાઇ મુળજીભાઇ નારિયાણી,
રહે. અમરપરા, વાંકાનેર, તા. વાંકાનેર જી. મોરબી ...અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી,
જન્મ મરણ નોંધણી વિભાગ,
વાંકાનેર નગરપાલિકા, વાંકાનેર તા. વાંકાનેર જી. મોરબી ...સામાવાળા

વિષય : જન્મ / મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી લાલજીભાઇ મુળજીભાઇ નારિયાણીના પોતાનો તા. ૧૨/૦૫/૧૯૬૦ના રોજ મું. વાંકાનેર તા. વાંકાનેર, જિ. મોરબી મુકામે જન્મ થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ / શરતચુકથી જન્મ મરણ નોંધણી વિભાગ, વાંકાનેર નગરપાલિકા, તા. વાંકાનેર, જી. મોરબીના જન્મ રજીસ્ટરે નોંધ કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદરહું જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં યા તો મુદત તા. ૨૪/૦૫/૨૦૨૪ના રોજ લેખિતમાં વાંધો રજુ કરવો. જો વાંધો રજુ નહીં કરવામાં આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૭/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સીકકો
(એસ.એમ.ગઢવી)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર

### એસ.એમ.ગઢવી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ, વાંકાનેરની કોર્ટમાં

જન્મ/મરણ/પરચુરણ અરજી નં. ૮૧/૨૦૨૪
શ્રી જીવાભાઇ અલીભાઇ બાદી,
રહે. મહીકા, તા. વાંકાનેર જી. મોરબી ...અરજદાર
વિરૂધ્ધ
તલાટી-કમ-મંત્રીશ્રી
(જન્મ-મરણ રજીસ્ટ્રાર ઓફિસર)
મહીકા ગ્રામ પંચાયત, મુ. મહીકા, તા. વાંકાનેર, જી.મોરબી ...સામાવાળા

વિષય : જન્મ / મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી જીવાભાઇ અલીભાઇ બાદીના માતા ફાતમાબેન અલીભાઇ બાદી તા. ૨૫/૦૬/૧૯૭૮ના રોજ મું. મહીકા, તા. વાંકાનેર, જિ. મોરબી મુકામે મરણ થયેલ છે અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ / શરતચુકથી મહીકા ગામે મરણ રજીસ્ટરે નોંધ કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં યા તો મુદત તા. ૨૪/૦૫/૨૦૨૪ના રોજ લેખિતમાં વાંધો રજુ કરવો. જો વાંધો રજુ નહીં કરવામાં આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૭/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સીકકો
(એસ.એમ.ગઢવી)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર

**ટાટા મોટર્સ ડિસ્ટ્રીબ્યુટર - રાજકોટ/ મોરબી બ્રાંચ માટે**
નીચે દર્શાવેલ સ્ટાફ જોઈએ છે
■ સેલ્સમેન - ગ્રેજ્યુએટ સૌરાષ્ટ્રમાં ટુર કરી શકે તેવા 2
■ સેલ્સમેન I.T.I. - ગેરેજ વિઝીટ માટે 2
■ કોમ્પ્યુટર ઓપરેટર - મોરબી માટે 1
**દિલીપ ઓટો ડિસ્ટ્રીબ્યુટર્સ**
જુના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન સામે, નવાગામ રોડ, રાજકોટ
63516 91142 - 99985 85444

## જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરવાની કે, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ મવડીના રેવન્યુ સર્વે નં. ૩૦ પૈકી ૧-૨-૩ની બિનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળી **'સુખ સાગર'** તરીકે ઓળખાતા પ્લોટ પૈકી પ્લોટ નં. ૧૪૬ના સબ-પ્લોટ નં. ૧૪૬/૧ની જમીન ચો.મી.આ. ૪૩-૬૧૫ ઉપર આવેલ મકાન જે અમો નયનાબેન હરેન્દ્રભાઇ ભુવાની સ્વતંત્ર માલીકી તથા કબ્જા ભોગવટાની મિલ્કત આવેલ છે. સદરહું મિલ્કત અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

ઉપર્યુકત મિલ્કતનાં ટાઇટલ કે માલીકી, કબ્જા સંબંધે કે વારસાઇ હકક, ભરણપોષણનાં હકકો કે અન્ય કોઇપણ પ્રકારનાં હકકો બાબતે જો કોઇને કોઇપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે લાગભાગ, હકક, હીત, હિસ્સો, દરદાવો, ગીરો, કરજ, બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭(સાત)માં નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઇનો વાંધો તકરાર નહીં આવે તો કોઇને વાંધો કે તકરાર નથી અને જો હોય તો સ્વેચ્છાએ જતો **(WAIVE)** કરેલ છે. તેમ માની અમારા અસીલ સદરહું મિલ્કત ખરીદ કરવા અંગેની તમામ કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે. જેની આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ :
તા. ૨૦-૦૫-૨૦૨૪

**નયનાબેન હરેન્દ્રભાઇ ભુવા**
સુચના તથા સંમતિ મુજબ

**ચિંતન વી. સોજીત્રા - એડવોકેટ**
**રાજેશ એમ.ફળદુ, એડવોકેટ,**
**ચિંતન વી. સોજીત્રા, એડવોકેટ**
'લો સ્પેશ' જગદીશન માર્ગ શેરી નં.૫, જલારામ-૨, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૭ (ગુજરાત) મો. ૯૦૯૯૦ ૩૧૩૧૭

## જાહેર નોટીસ કમ ચેતવણીનો જવાબ



નીચે સહી કરનાર **હીરાબેન નંદલાલ પીઠવા** રહે. પ્રહલાદ પ્લોટ, ૭/૧૬ 'ભગવતી કૃપા', પેલેસ રોડ, રાજકોટ આ જાહેર નોટીસ કમ ચેતવણીનો જવાબથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે,

મારી દિકરી મિનલ વા/ઓ. વિનોદ ગોહેલ ડો/ઓ નંદલાલ પીઠવાએ તારીખ **૧૧/૦૫/૨૦૧૪**ના રોજ અકિલા સાંધ્ય દૈનિક પેપરમાં જાહેર નોટીસ કમ ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ છે. જેનો અમો આ જાહેર નોટીસ કમ ચેતવણી થકી લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ અન્ય હકીકતની જાણ કરવાની કે, હું વયોવૃધ્ધ સિનીયર સીટીઝન, લાચાર મહિલા છું, મારી સગી પુત્ર મિનલ ગોહેલ ઉર્ફે મિનલ પંચાલ ઉર્ફે મિનલ પીઠવા તથા તેનો પુત્ર રોનક, તથા તેની સાથે ફરતો ઘનશ્યામ પંચાલ તથા તેણીના ખોટા કામોમાં મદદરૂપ થતા તેણીના મળતીયાઓ દ્વારા સવારે ઉઠે ત્યારથી રાત્રે સુવે ત્યાર સુધી મારા તથા મારા પરિવાર વિરૂધ્ધ ખોટી ફરિયાદો, અરજીઓ કરી સરકારી એજન્સીઓને ગેરમાર્ગે દોરી ન બનેલ બનાવ કે ન ઘટેલ ઘટનાની અરજીઓ ફરિયાદો આપવાની કુટેવ ધરાવતી તથા કયારેક માવતરની 'પીઠવા' સરનેમ તો કયારેક સાસરીયાની 'ગોહેલ' સરનેમ તો કયારેક જેની સાથે રહે છે તે ઘનશ્યામ પંચાલની 'પંચાલ' સરનેમ ધારણ કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરતી રહેલ છે તથા તેણીના આવા ખોટા દુષ્કૃત્યોથી મારૂ તથા મારા પરિવારનું જીવન જીવવું નરક કરી દીધેલ હોય જેથી મારે જાહેર જનતા જોગ ચેતવણી આપવા મજબુર થઇ મિનલ કે તેણીના મળતીયાઓનો કોઇ નિર્દોષ ભોગ ના બને કે તેઓની વાકયાતુર્ય થકી તેઓની માયા જાળમાં ફસાવી શિકાર ન બને તે શુભહેતુથી મારે જાહેર નોટીસ તથા જાહેર નોટીસ કમ ચેતવણીઓ આપવા મજબુર થવું પડે છે અને તા. ૧૪/૦૫/૨૦૧૩ના અકિલા સાંધ્ય દૈનિક અખબારમાં જાહેર નોટીસ કમ ચેતવણી તથા તા. ૨૪/૦૫/૨૦૧૮ના તે જ પેપરમાં અમોએ પુત્રી-પુત્ર જોગ માતાની જાહેર ચેતવણી સ્વરૂપે જાહેર નોટીસ તથા તા. ૧૫/૧૦/૨૦૧૩ના તે જ પેપરમાં જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ કે તમામ જાહેર નોટીસ તથા જાહેર ચેતવણીઓ મે મારી સ્વેચ્છાએ જાહેર જનતા સમક્ષ સત્ય હકીકતો ઉજાગર કરવાના શુભ હેતુથી પ્રસિધ્ધ કરાવેલ હોય તેમાં મારા પરિવારના અન્ય કોઇ સભ્યોનો કોઇ જ રોલ નથી તેથી મિનલે પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસમાં જણાવેલ હકીકતો જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી છે.

મારી પુત્રીની તારીખ **૧૧/૦૫/૨૦૨૪**ના રોજની નોટીસમાં જણાવેલ તમામ હકીકતો પાયા વગરની તેમજ મારી તથા મારા પરિવારની બદનામી કરવાના બદહેતુથી ખોટી હકીકતોવાળી તથા જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી જાહેર નોટીસ આપવામાં આવેલ હોય જે હકીકતથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામ જોગ સત્ય હકીકતથી વાકેફ કરવા આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, મિલન, તેણીનો પુત્ર રોનક, તેણી સાથે ફરતો ઘનશ્યામ પંચાલ, નરેન્દ્ર બુધ્ધદેવ, જેન્તી રાઠોડ વગેરે વિરૂધ્ધ મે તારીખ ૧૫/૦૪/૨૦૨૪ના રોજ રાજકોટ પોલીસ કમિશનરશ્રીને ગુન્હો દાખલ કરવા અરજી ફરીયાદ આપવામાં આવેલ હોય જેની તપાસ ચાલુ છે જેમાં ઉપરોકત તમામે એકસંપ થઇ એકબીજાની મદદગારી કરી મને અંધારામાં રાખી સમાધાનના કરારનું લખાણ પહેલા મને વાંચવા આપ્યા વગર બળજબરીથી મારી સહીઓ કરાવી તે નોટરી કરાવી લઇ તે લખાણની કોઇ કોપી પણ મને ન આપી લખાણ લઇ લેવામાં આવેલ હોય જે લખાણ મારા કે મારા પરિવાર વિરૂધ્ધ મારી બિનહયાતીમાં કે હયાતીમાં મને તથા મારા પરિવારને હેરાન પરેશાન કરવા તેનો દુરૂપયોગ કરવાના હેતુથી કરાવી લેવામાં આવેલ હોય જેમાં મારી કોઇ સંમતિ ન હોય જે ઉપરોકત તમામના કાવતરાનો મને શિકાર કરી મારી પાસેથી ખોટુ સોગંદનામુ કરાર, પાવરનામુ, વિલ કે અન્ય કોઇ દસ્તાવેજો બનાવી લીધેલ હોય જે મારી જાણમાં નથી મારી કોઇ સંમતિ નથી જે મારી પાસે સમાધાનના નામે ખોટુ બોલી બળજબરીથી કરાવી લીધેલ હોય જે મતલબની ફરિયાદ મે રાજકોટ કમિશનરશ્રીને આપેલ હોય તેમજ તે હકીકત હોય જેથી તેવા કોઇ લખાણ મિનલને મે કયારેય કરી આપેલ નથી અને જો એવા કોઇ લખાણ મિનલ કે તેના મળતીયાઓ પાસે મળી આવે તે પહેલા કે લખાણનો ગેરઉપયોગ કરે તે કહી હું તેવા લખાણ, કરાર, સોગંદનામા ને આજથી જ આ જાહેર નોટીસ થકી જાહેર કરૂ છું તેમજ ભવિષ્યમાં મિનલ તેનો ઉપયોગ કરે, કોઇ કાર્યવાહી કરે તો તે વ્યર્થનીય અને રદબાતલ ગણાશે જે આ જાહેર નોટીસ થકી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

રાજકોટ. તા. ૧૮/૦૫/૨૦૨૪

**(હીરાબેન નંદલાલ પીઠવા)**
પ્રહલાદ પ્લોટ ૭/૧૬, ભગવતી કૃપા, રાજકોટ

**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

## સાંકેતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી નયન અમૃતલાલ કાનાબાર<br>શ્રીમતી ગીતાબેન નયનભાઈ કાનાબાર<br>૨૦૦૦૨૦૧૦૦૧૪૨૩૬,<br>૨૦૦૦૨૦૧૦૦૧૪૭૨૨,<br>૨૦૦૦૨૦૧૦૦૧૫૩૭૮ | મિલકત નં.૧:<br>રેવન્યુ સર્વે નં.૪૭૧-૪૭૨ ધરાવતું રહેણાંક મકાન, સિટી સર્વે નં.૧૦૩૦/પૈકી, સિટી સર્વે વોર્ડ નં.૧૬, ટી.પી.એસ. નં.૧, ફાઇનલ પ્લોટ નં.૯૮/પૈકી, પ્લોટ નં.૨૫/૩, ૧૧૦.૦૭ ચો.મીટર જમીન વિસ્તાર પર બાંધવામાં આવેલ મકાન,<br>ઓફ એર પોર્ટ રોડ રાજકોટ ખાતે આવેલ ''શ્રી આરાધના કો ઓપ હાઉસીંગ સોસાયટી લિમિટેડ'' તરીકે ઓળખાતો વિસ્તાર, ગામ અને તા.રાજકોટ, ગુજરાત<br>ઉત્તરઃ પ્લોટ નં.૨૫/૩ અને પ્લોટ નં.૨૫/૪ પરની મિલકત, પૂર્વઃ પ્લોટ નં.૨૬/૨ની મિલકત, પશ્ચિમઃ ૧૨ મીટર રોડ, દક્ષિણઃ પ્લોટ નં.૨૫/૦૨ની મિલકત<br>મિલકત નં.૨:<br>રાજકોટ સિવિલ સ્ટેશન સર્વે નંબર ૩૯૧/એ પૈકી, સિટી સર્વે નંબર ૨૧૬૫ થી ૨૧૬૯ અને ૨૧૭૧ પૈકી, સિટી સર્વે વોર્ડ નં. ૧૪, ૨૫૨.૫૯ ચો. મી. (સિટી સર્વે રેકોર્ડ્સ મુજબ) અને જમીન વિસ્તાર ૨૫૦.૦૩ ચો. મી. (બિલ્ડીંગ પ્લાન મુજબ) ''કોહિનૂર પ્લાઝા'' તરીકે ઓળખાતી ઈમારત;<br>ગ્રાઉન્ડ ફ્લોર શોપ નંબર ૧, ૬૨.૬૪.ચો. મી. અને<br>ગ્રાઉન્ડ ફ્લોર શોપ નંબર ૪,૫,૬ ; કુલ સુપર બિલ્ટ-અપ વિસ્તાર ૫૧.૦૯ ચોરસ મીટર, ગામ-રાજકોટના લીમડા ચોક ખાતે આવેલ છે, તા. રાજકોટ, જિ. રાજકોટ, ગુજરાત (માલિકીના અધિકારો સાથે)<br>દુકાન નંબર ૧ માટેઃ<br>ઉત્તરઃ ખુલ્લી જગ્યા પછી અન્ય મિલકત, પૂર્વઃ દુકાન નંબર ૨ અને સામાન્ય માર્ગ, પશ્ચિમઃ અન્ય મિલકત, દક્ષિણઃ જાહેર માર્ગ પછી આ બિલ્ડિંગની ખુલ્લી જગ્યા<br>દુકાન નંબર ૪,૫,૬ માટેઃ<br>ઉત્તર : દુકાન નંબર ૬ ની પાછળ અન્ય મિલકત અને આકાશ માટે ખુલ્લી, પૂર્વઃ અન્ય મિલકત, પશ્ચિમઃ દુકાન નંબર ૨, દક્ષિણ : પેસેજ અને આગળ દુકાન નંબર ૬ લિફ્ટ અને ટોયલેટ<br>મિલકત નં.૩:<br>સિટી સર્વે નંબર ૨૧૬૫ થી ૨૧૬૯ અને ૨૧૭૧ ધરાવતી કોમર્શિયલ દુકાન, સિટી સર્વે વોર્ડ નં. ૧૪, ૨૫૦.૮૩ ચો. મી.,<br>''કોહિનૂર પ્લાઝા'' તરીકે ઓળખાતી ઈમારત; પ્રથમ માળની દુકાન નં. ૧૦૧, ૩૩.૪૦ ચોરસ મીટર વિસ્તારનો બિલ્ટ અપ વિસ્તાર, ગામ-રાજકોટના લીમડા ચોક ખાતે આવેલ, તા. રાજકોટ, જિ. રાજકોટ, ગુજરાત (માલિકીના અધિકારો સાથે):<br>ઉત્તરઃ આ બાજુ પેસેજમાં, પૂર્વઃ ખુલ્લી જગ્યા, પશ્ચિમઃ અન્ય મિલકત, દક્ષિણઃ જાહેર માર્ગ | ૦૧.૦૩.૨૦૨૪ | ૧૪.૦૫.૨૦૨૪ | ૩.૫૧,૮૯,૭૫૧.૪૪/-<br>લોન ખાતા નં.<br>૨૦૦૦૨૦૧૦૦૧૪૨૩૬,<br>૩.૩૮,૨૦,૮૯૨.૪૯/-<br>લોન ખાતા નં.<br>૨૦૦૦૨૦૧૦૦૧૪૭૨૨,<br>૩.૭,૩૫,૭૬૯.૭૯/-<br>લોન ખાતા નં.<br>૨૦૦૦૨૦૧૦૦૧૫૩૭૮ |

સ્થળઃ રાજકોટ
તારીખઃ ૨૦/૦૫/૨૦૨૪

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

# હિટવેવમાં પણ મચ્છરો બેકાબુ : ડેંગ્યુના બે કેસ : ફરી ટાઈફોઈડ દેખાયો

## દિવસે કરડતા એડીસ મચ્છરનો ઉપદ્રવ હોવાનું આંકડા પરથી સાબિત : શરદી-ઉધરસના પ૨૭, ઝાડા-ઉલ્ટીના ૨૯૨ દર્દી નોંધાયા : ૪૩૯ આસામીને નોટીસ

રાજકોટ, તા. ૨૦

રાજકોટમાં ચાલુ વર્ષે ગરમીએ ગયા વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો છે ત્યારે ખતરનાક ડેંગ્યુ મચ્છરોનું આક્રમણ હજુ ચાલુ હોય તેવું લાગે છે. છેલ્લા અઠવાડિયામાં ફરી કાળઝાળ ગરમીમાં પણ ડેંગ્યુના બે નવા કેસ ચોપડા પર ચડયા છે.

આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલી માહિતી મુજબ તા. ૧૩ થી ૧૯ના સપ્તાહમાં મેલેરીયા કે ચીકનગુનીયાનો કોઇ કેસ નોંધાયો નથી પરંતુ ડેંગ્યુના નવા બે કેસ આવ્યા છે. ૨૦૨૪ના વર્ષમાં મેલેરીયાના પાંચ, ડેંગ્યુના ૧૫ અને ચીકનગુનીયાના ૧૬ કેસ ચોપડે ચડયા છે. આ સિવાય સિઝનલ રોગચાળાના કેસ પણ નોંધાતા રહ્યા છે. ખોરાક અને પાણીજન્ય એવા તથા બહારની ખાણીપીણીથી થતા ટાઇફોઇડ તાવના બે કેસ ફરી દેખાતા ચિંતા જાગી છે.

અઠવાડિયામાં મૌસમી રોગચાળાના કુલ કેસ પણ વધીને ૧૧૨૫ નોંધાયા છે. તેમાં શરદી-ઉધરસના પ૨૭, સામાન્ય તાવના ૩૦૪ અને ઝાડા-ઉલ્ટીના ૨૯૨ કેસ છે. તો ખતરનાક તાવ ટાઇફોઇડના ફરી બે દર્દી લાંબા સમયે આવ્યા છે.

ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી વધુ જનસમુદાય હોય તેવા સ્થળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે.



મનપા દ્વારા મચ્છરોનો ઉપદ્રવ રોકવા ફોગીંગ અને લોકોને જાગૃત કરવાની કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે.

મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૧૩ થી ૧૯ દરમ્યાન ૭૮૮૨ ઘરોમાં પોરાનાશક અને ૨૫૬ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૮૧ પ્રીમાઇસીસમાં તપાસ કરી રહેણાંકમાં ૩૪૭ અને કોર્મશીયલ ૯૨ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

ઉનાળામાં પણ ડેંગ્યુ ફેલાવતા મચ્છરો દેખાતા હોય, લોકોને પાણીની ટાંકીઓ એરટાઇટ રાખવા, કુંડી, અવેડા નિયમિત સાફ કરવા, ફ્રિઝની ટ્રે, માટલા, કુલર, ફુલદાની વગેરે સાફ કરવા, બિનજરૂરી ભંગાર અને અગાસી પરના પાણીનો નિકાલ કરવા, છોડના કુંડા સાફ રાખવા અને ડેંગ્યુનો મચ્છર દિવસે કરડતો હોવાથી દિવસ દરમ્યાન પુરૂ શરીર ઢંકાઇ એવા કપડા પહેરવા આરોગ્ય વિભાગે અનુરોધ કર્યો છે.

### રાજકોટમાં વધુ ત્રણ હૃદય ધબકારા ચુકી ગયા

# હાર્ટએટેકથી ગાયક કલાકાર, સોની વેપારી અને મહિલાનું મોત

**સંત કબીર રોડ, ભગીરથ સોસાયટીમાં સિંગર ભરત ત્રિવેદી ઘરે ઢળી પડ્યા, મેહુલનગરમાં સોની વેપારી દેવેન જીંજુવાડીયાએ સારવારમાં દમ તોડયો**

**મોરબી રોડ, રાજલક્ષ્મી સોસાયટીમાં ભાનુબેન સોલંકી પોતાનાં ઘરે બેભાન થઈ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડતા મૃત્યુ થયું**

રાજકોટ, તા.૨૦

હાર્ટ એટેકના બનાવામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આજે વધુ ત્રણ વ્યક્તિના હૃદય બેસી ગયાં છે. ગાયક કલાકાર ભરતભાઈ ત્રિવેદી, સોની વેપારી દેવેનભાઈ જીંજુવાડીયા અને ૪૮ વર્ષિય ભાનુબેન સોલંકીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું.

પ્રથમ બનાવની વિગત મુજબ ગાયક કલાકાર ભરતભાઈ ચીમનભાઈ ત્રિવેદી (ઉ.વ.૫૨, રહે. ભગીરથ સોસાયટી સંત કબીર રોડ) તેઓને હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.



મૃતક ભરત અને દેવેન

બીજા બનાવની વિગત મુજબ દેવેનભાઈ દિલીપભાઈ જીંજુવાડીયા (ઉ.વ.૪૯, રહે. કોઠારિયા મેઈન રોડ મેહુલનગર શેરી નં-૬) તેઓ ગઈ કાલે બપોરના ત્રણેય વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે બેભાન થઈ જતાં તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં મોત નિપજ્યું હતું. મૃતક સોની કામ કરતા હતા.તેઓ બે ભાઈમાં મોટાં હતાં. તેમજ તેઓને સંતાનમાં એક પુત્ર- પુત્રી હોવાનુ મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું.

વધુ એક બનાવની વિગત મુજબ ભાનુબેન મુકેશભાઈ સોલંકી (ઉ.વ.૪૬ રહે. રાજલક્ષ્મી પેલેસ સેટેલાઈટ ચોક મોરબી રોડ, રાજકોટ) ગઈ કાલે રાત્રિના દસેક વાગ્યાની આસપાસ પોતે પોતાનાં ઘરે હતાં ત્યારે બેભાન થઈ જતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. ભાનુબેનને હાર્ટ એટેક આવ્યો હોવાનું તેઓના પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

# ખંઢેરી સ્ટેડિયમ નજીક ટ્રક પાછળ આઈસર ઘુસી ગયું : ચાલક ઘાયલ

**આઇસરની બોડીમાં ચાલક આઝાદપ્રતાપ સુરપાલસિંઘ ફસાઈ જતા રાજકોટથી ફાયરબ્રિગેડની ટીમ દોડી ગઈ, ડ્રાયવરને બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો**





રાજકોટ, તા.૨૦

આજે વહેલી સવારે ૪.૪૫ વાગ્યા આસપાસ રાજકોટ જામનગર હાઇવે પર, ખંઢેરી સ્ટેડિયમ પાસે ટ્રક પાછળ આઇસર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં આઈસર ચાલક આઝાદપ્રતાપ સુરપાલસિંઘને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બનાવની વિગત અનુસાર આઝાદ પ્રતાપ સુરપાલસિંઘ (ઉ.વ.૨૫ રહે. ડિલેવરી ડોટ કોમ વેર હાઉસ પાસે નવાગામ, રાજકોટ) નામનો યુવક આજે વહેલી સવારે આઇસર ટ્રક ચલાવી જતો હતો, દરમિયાન રાજકોટ જામનગર હાઈવે ખંઢેરી સ્ટેડિયમ પાસે પહોંચતા અચાનક આગળ જતાં ટ્રક પાછળ આઇસર ઘુસી ગયું હતું.

અકસ્માત સર્જાતા જ્યાં સ્થાનિક લોકો દોડી ગયા હતા. કોઈએ રાજકોટ મનપા સંચાલિત ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડના જવાનો સંજયભાઈ મકવાણા, હરેશભાઈ, મેહુલભાઈ, રાજપાલસિંહ, ભીખુભાઇ વગેરે દોડી ગયા હતા. ચાલક આઈસરની કેબિનમાં ફસાયો હોય, નાગરિકોની મદદથી તેને બહાર કાઢી એમ્બ્યુલન્સ મારફત તત્કાલ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ તરફ ટ્રાફિક થતા ક્રેન દ્વારા આઈસર રોડની સાઈડમાં કરાયું હતું. પડધરી પોલીસે નિવેદન નોંધવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

# દિકરીના ઘરે આવેલાં વૃદ્ધનું સર્પ દંશથી મોત

**કાંતિભાઈ સોલંકી ધ્રોલથી રાજકોટ દિકરી પૂજાના ઘરે આવ્યા'તા, ચુનારાવાડ વિસ્તારમાં નદીના કાંઠે હતાં ત્યારે બનાવ બન્યો**

રાજકોટ, તા.૨૦

રાજકોટ દિકરીના ઘરે આવેલાં વૃદ્ધને સાપ કરડતાં મોત નિપજ્યું હતું. કાંતિભાઈ સોલંકી ધ્રોલથી રાજકોટ

તેમની દિકરી પૂજાના ઘરે આવ્યા હતા. જ્યાં ચુનારાવાડ વિસ્તારમાં નદીના કાંઠે હતાં ત્યારે સાપ કરડતા સારવારમાં દમ તોડી દીધો હતો. મળતી વિગત અનુસાર કાંતિભાઈ નાગજીભાઈ સોલંકી (ઉ.વ.૬૫, રહે. ધ્રોલ, બસ સ્ટેન્ડ પાછળ) ગઈકાલે રાજકોટ કુબલિયાપરા સાસરે રહેતી દિકરી પૂજાના ઘરે બાળકનો જન્મ થયો હોય, કાંતિભાઈ દોહીત્રને રમાડવા આવ્યા હતા. ખુશીમાં કાંતિભાઈ અન્ય લોકો સાથે મદિરા પાન કરવા રાત્રિનાં દસેક વાગ્યાની આસપાસ ચુનારાવાડ શેરી નં-૧ માં રામનાથ મહાદેવના મંદીરના પટ્ટમાં નદીના કાંઠે ગયા હતાં ત્યારે ત્યાં સર્પએ દંશ આપતા તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દીધો હતો. મૃતક બે ભાઈ અને એક બહેનમાં વચેટ હતા. તેમજ તેઓને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે.

# પ૪ ન્યાયાધીશોની બદલી-બઢતી

**અગાઉ રાજયના ૨૨૨ જજોને બદલી અપાઈ હતી, રાજકોટના જે.આઈ.પટેલ અમદાવાદ મુકાયા**

રાજકોટ,તા.૨૦

રાજયના ૨૨૨ જજો બાદ વધુ પ૪ ન્યાયાધીશોની બદલીના આદેશ થયા છે. જેમાં ૩૮ને બઢતી સાથે બદલી મળી છે.

ડીસ્ટ્રીકટ જજમાં રાજકોટના જે.આઈ.પટેલને અમદાવાદ સિટી સિવિલ કોર્ટ, ખંભાળિયાના ડી.બી.બારોટને અમદાવાદ ફેમિલી કોર્ટના પ્રિન્સીપાલ, ઉનાના આર.એમ.એસોડીયાને મોડીસા પ્રિન્સીપાલ ફેમિલી કોર્ટ, મોરબીના સિનિયર સિવિલ જજ વી.એ.બુદ્ધને ભુજ, જામનગર, એડીશનલ સિનિયર સિવિલ જજ એન.બી.મુનસીને ધોળકા બઢતી સાથે બદામી પામેલ જજોમાં કચ્છના ભુજના સિનિયર સિવિલ જજને એન.એ.પંડયાને ભુજના એડી.ડિસ્ટ્રીકટ જજ, ભાવનગરના સિનિયર સિવિલ જજ એસ.જી.મનસુરીને ખંભાળીયા એડી ડીસ્ટ્રીકટ જજ, રાજકોટના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ પી.જે.ચૌધરીને મહેસાણા વીરનગરના એડી.ડીસ્ટ્રીકટ જજ જામનગરના એસ.એ.ગલારીયાને એડી.ડીસ્ટ્રીકટ જજ રાજકોટ, જામનગર, ટી.એચ.દવેને લુણાવાડા ફેમિલી કોર્ટ પ્રિન્સપાલ જજ, ગોંડલના એમ.જે.બ્રહ્મભટ્ટને રાજકોટ એડી.ડીસ્ટ્રીકટ જજ, રાજકોટના એચ.એન.દેસાઈને ફેમિલી કોર્ટ રાજકોટ જજ, રાજકોટના એમ.એચ.પઠાણને એડી.ડીસ્ટ્રીકટ જજ રાજકોટ, જામનગરના ચીફ જયુ.મેજી.એસ.સી.વેમુલ્લાને એડી.ડીસ્ટ્રીકટ જજ જામનગર તરીકે મુકાયા છે.

**રાજકોટના પી.જે.ચૌધરી, એચ.એન.દેસાઈ, એમ.એચ.પઠાણને પ્રમોશન, ગોંડલના એમ.જે.બ્રહ્મભટ્ટ, જામનગરના એસ.એ.ગલારીયા રાજકોટ મુકાયા**

# સાવરકુંડલા-ગાધકડા રેલ્વે ટ્રેક પર બેઠેલા સિંહનો બચાવઃ પાયલોટે ઈમરજન્સી બ્રેકથી ટ્રેન થંભાવી

**ટ્રેન ૫૦ મીનીટ થંભી ગઈ: ફોરેસ્ટ ગાર્ડની મદદથી સિંહને ખસેડાયો**

રાજકોટ,તા.૨૦

ભાવનગર રેલવે ડિવિઝનના લોકો પાયલોટે એક સિંહને ટ્રેનની અડફેટે લેતા બચાવ્યો હતો.ભાવનગર રેલ્વે મંડલ સિંહો/વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. મંડલના નિર્દેશો મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઈલોટ નિર્ધારિત ગતિનું પાલન કરે છે અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે.



ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ, ૧૭ મે, ૨૦૨૪ (શુક્રવાર)ના રોજ, લોકો પાયલોટ મહેશ બલોલિયા (મુખ્યાલય - બોટાદ) ગુડ્સ ટ્રેન નંબર LMO/PPSP પર કામ કરતી વખતે, લગભગ ૦૫:૦૦ વાગ્યે સવારે, કિ.મી. નંબર ૬૩/૬ - ૬૩/૭ સાવરકુંડલા-ગાધકડા સેકશન વચ્ચે રેલ્વે ટ્રેકની બાજુમાં સિંહને બેઠેલા જોયા અને ઇમરજન્સી બ્રેક લગાવીને ગુડ્સ ટ્રેનને રોકીને સિંહનો જીવ બચાવ્યો. સિંહ પાટા પર કે ટ્રેનની નીચે ન પડે તે માટે ટ્રેનને ત્યાં રોકી દેવામાં આવી હતી અને ફોરેસ્ટ ગાર્ડના આગમન બાદ તેની પરવાનગી લઈને ટ્રેન રવાના કરવામાં આવી હતી. આ દરમિયાન ટ્રેન લગભગ ૫૦ મિનિટ મોડી પડી હતી. ઘટના અંગેની માહિતી લોકો પાયલોટે ડિવિઝનલ ઓફિસ કંટ્રોલ અને સ્ટેશન માસ્તર ગાધકડાને આપી હતી. માહિતી મળતાં, ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમાર દ્વારા લોકો પાયલોટ મહેશ બલોલિયાને તેમના પ્રશંસનીય કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

## રાજકોટ

(પહેલા પાનાનું ચાલું)

આરોગ્ય વિભાગે તકેદારી અંગે જણાવ્યું છે કે જ્યારે પણ શક્ય હોય ત્યારે પૂરતું પાણી પીઓ, મુસાફરી કરતી વખતે પીવાનું પાણી સાથે રાખો, ઓઆરએસનો ઉપયોગ અને લીંબુ પાણી, છાસ-લસ્સી જેવા ઘરે બનાવેલા પીણાઓનું સેવન, મોસમી ફળો અને શાકભાજી ખાઓ જેમાં પાણીનું પ્રમાણ વધુ હોય જેમ કે તરબૂચ, ટેટી, નારંગી, દ્રાક્ષ, અનાનસ, કાકડી, અથવા અન્ય સ્થાનિક રીતે ઉપલબ્ધ ફળો અને શાકભાજીનો ઉપયોગ કરવો જોઈએ.

**ઘરની અંદર રહો**

લોકો હવાની અવરજવર વાળી સારી વેન્ટિલેટેડ અને ઠંડી જગ્યાએ રહે, સીધો સૂર્યપ્રકાશ અને ગરમીના તરંગોને અવરોધિત કરવો, દિવસ દરમિયાન બારીઓ અને પડદા બંધ રાખવા, ઘરની સૂર્ય તરફની બાજુ ઠંડી હવા આવવા દેવા માટે રાત્રે બારી ખોલો. જો બહાર જવાનું હોય, તો આઉટડોર એક્ટિવિટીને દિવસના ઠંડા સમય એટલે કે સવાર અને સાંજ સુધી મર્યાદિત કરવા અનુરોધ કરાયો છે.

**કોના માટે વધુ જોખમકારક?**

નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, બહાર કામ કરતા લોકો, વૃદ્ધ લોકો, અન્ય બીમારી જેવી કે હૃદય રોગ, હાઈ બ્લડ પ્રેશરહોય તેવા લોકોની ખાસ કાળજી લેવી જોઈએ.

**અન્ય સાવચેતીઓ**

એકલા રહેતા વૃદ્ધ અથવા બીમાર લોકોની દેખરેખ રાખવી જોઇએ અને તેમના સ્વાસ્થ્યનું દૈનિક ધોરણે નિરીક્ષણ કરવું જોઈએ, ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડનો ઉપયોગ કરો અને રાત્રે સુતી વખતે બારીઓ ખુલ્લી રાખો તથા શરીરને ઠંડુ કરવા માટે પંખા, ભીના કપડાનો ઉપયોગ કરવા આરોગ્ય વિભાગે અપીલ કરી છે.

**શરીરને ઢાંકેલું રાખો**

લોકોએ મહત્તમ શરીર ઢંકાય તેવા પાતળા,ઢીલા,વજનમાં હલકાં, સુતરાઉ વસ્ત્રો ખાસ કરીને હળવા રંગના કપડાં પહેરવા, માથું ઢાંકેલું રાખો, સૂર્યપ્રકાશનાં સીધા સંપર્કમાં આવવા દરમિયાન છત્રી, ટોપી, ટુવાલનો ઉપયોગ, તડકામાં બહાર જતી વખતે પગમાં ચંપલ અથવા બુટ પહેરવા જરૂરી છે.

રેડિયો, ટીવી, સ્થાનિક હવામાન સમાચાર માટે અખબારમાંથી લેવા હવામાનની નવીનતમ અપડેટ ભારતીય હવામાન વિભાગની વેબસાઇટ https://mausam.imd.gov.in પરથી વિગતો મેળવતા રહેવી જોઇએ.

### આટલું ના કરો

- તડકામાં બહાર નીકળવાનું ટાળો. ખાસ કરીને બપોરે ૧૨:૦૦ થી ૦૩:૦૦ વાગ્યાની વચ્ચે.
- બપોરે બહાર હોય ત્યારે વધુ મહેનતવાળી પ્રવૃત્તિઓ ટાળો.
- ખુલ્લા પગે બહાર ન જાવ.
- ઉનાળાના સૌથી ગરમ સમય દરમ્યાન રસોઈ કરવાનું ટાળો. રસોઈ વિસ્તારમાં હવાની પર્યાપ્ત રીતે અવરજવર થાય તે માટે દરવાજા અને બારીઓ ખોલો.
- આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિંક્સ અથવા મોટી માત્રામાં ખાંડવાળા પીણાં ટાળોજે વાસ્તવમાં, શરીરને વધુ પ્રવાહીની ખોટ તરફ દોરી જાય છે અથવા પેટમાં ખેંચાણ થઈ શકે છે.
- વધુ પ્રોટીનવાળો ખોરાક ટાળો અને વાસી ખોરાક ન ખાઓ.
- પાર્ક કરેલા વાહનમાં બાળકો અથવા પાલતુ પ્રાણીઓને છોડશો નહીં. વાહનની અંદરનું તાપમાન જોખમી બની શકે છે.

### હિટ સ્ટ્રોકનાં લક્ષણો

- શરીરનાં તાપમાનમાં વધારો
- ગભરામણ થવી
- ઉલટી-ઉબકા થવા
- પરસેવો બંધ થવો
- અમુક સંજોગોમાં બેભાન થવું

જો કોઈ વ્યક્તિને હીટસ્ટ્રોકની અસરથાય ત્યારે નીચે દર્શાવ્યા મુજબના પગલા ત્વરીત લેવામાં આવે તો ખુબ જ અસરકારક છે.

- જો શક્ય હોય તો દર્દીને ઠંડી જગ્યાએ ખસેડો.
- ત્વચાના મોટા ભાગોમાં અથવા કપડાં પર ઠંડુ પાણી લગાવવું.
- વ્યક્તિને શક્ય તેટલો પવન નાખો.
- શક્ય હોય તો ઓ.આર.એસ.નું દ્રાવણ અથવા લીંબુ પાણી આપવું.

# ઉછીના આપેલા ૧૭૦૦ પાછા માંગી ભાણેજે મામાનું માથું ફોડી નાખ્યું

**શાપરનો બનાવ, હરેશ ચાવડાની ફરિયાદ પરથી સુરેશ સહિત ૪ સામે ગુનો નોંધાયો**

રાજકોટ, તા.૨૦

શાપરમાં ઉછીના આપેલા ૧૭૦૦ પાછા માંગી ભાણેજે મામાનું માથું ફોડી નાખ્યું હતું. હરેશ ચાવડાની ફરિયાદ પરથી સુરેશ સહિત ૪ સામે ગુનો નોંધાયો છે.

ફરિયાદી હરેશ પુંજા ચાવડા (ઉ.વ.૪૦, રહે. શાપર, ગંગા ગેઇટ અંદર મફતિયાપરા, મુળ ગામ સરદારપુર તા. ભેંસાણ)એ જણાવ્યું કે, તા.૧૮/૫ ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ હું મારા ઘરે હતો ત્યારે મારો ભાણેજ સુરેશ મારા ઘરે આવેલ અને કહેલ કે મારા ભાઈ મહેન્દ્રએ તમને ઉછીના મોબાઇલ લેવા માટે રૂ.૧૭૦૦ આપેલ હોય તે મને આપી દો. જેથી મેં કહેલ કે, હાલ મારી પાસે પૈસાની સગવડ નથી. તો સુરેશ એકદમ ઉશ્કેરાઇ ગયેલ. બોલાચાલી કરી મને અપશબ્દો કહેવા લાગેલ. તેણે લાકડાનું બટકુ માથામાં મારતા મારુ માથુ ફુટી ગયેલ. માણસો ભેગા થવા લાગતા સુરેશ અહીંથી જતો રહેલ. મારી બહેન શાપર, કિચ ગેટની અંદર, પરમેશ્વર કારખાનામાં રહેતી હોય ત્યાં તેના ઘરે રાતના સાડા આઠેક વાગ્યાની આસપાસ ગયેલ. તો ત્યાં મારી બહેન તથા તેનો દિકરો સુરેશ તથા મહેન્દ્ર તથા દિકરી સુધા તથા મારા બનેવી રવજીભાઈ હાજર હોય અને મારી બહેનને આ મારામારી બાબતે વાતચીત કરતો હતો તેવામાં મારા ભાણેજ સુરેશ તથા મહેન્દ્ર તથા ભાણી સુધા અને મારા બનેવી રવજીભાઇ મારી સાથે બોલાચાલી કરી અપશબ્દો કહેવા લાગેલ. સુરેશે લાકડી ના બે ઘા મારા ખંભામાં મારેલ. મુંઢ માર મારેલ, હું ત્યાંથી ભાગી બહાર રોડ પર જતો હતો ત્યારે આ લોકોએ મને કહેલ કે, હવે જો અહી આવ્યો તો તારા ટાટીયા ભાંગી નાખી જાનથી પતાવી દેશું તેવી ધમકી આપેલ. શાપર સરકારી દવાખાને સારવાર કરાવી હતી.

### બળધોઈ અને ગોડલાધાર ગામે જુગાર રમતા ૧૩ પત્તાપ્રેમી ઝબ્બે

રાજકોટ, તા.૨૦

જસદણના બળધોઈ અને ગોડલાધાર ગામે જુગાર રમતા ૧૩ પત્તાપ્રેમી પકડાયા હતા. જેની પાસેથી ૨૪૦૦૦થી વધુની રોકડ કબ્જે કરવામાં આવી હતી.

આટકોટ પોલીસે બળધોઈ ગામે ખારી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ભરત હિરા જોગરાજીયા (ઉં. વ.૪૨), લાલજી ભલા સુવાણ (ઉં. વ. ૩૮), કાળુ વિભા મેવાસીયા (ઉં. વ.૪૦), મનસુખ જસમત જોગરાજીયા(ઉં. વ.૪૧), રાજેશ કાબા જાદવ (ઉં. વ.૩૭), મુકેશ ગોવિંદ જાદવ (ઉં. વ. ૨૬), અને વાલજી કરશન જાદવ (ઉં. વ.૫૨) (રહે. તમામ બળધોઈ)ને ઝડપી ૧૭,૮૨૦ની રોકડ કબ્જે કરી હતી. જસદણ પોલીસે ગોડલાધાર ગામે હનુમાનપરા જવાના રસ્તે જાહેરમાં પત્તા ટીંચતા ભરત મંગા માણકોલીયા (ઉં. વ.૨૭), હરેશ સુરેશ માણકોલીયા (ઉં. વ.૧૯), હિતેશ સુરેશ માણકોલીયા (ઉં. વ.૨૫), ઘનશ્યામ ગોરઘન માણકોલીયા (ઉં.વ.૨૨), રમેશ રવજી માણકોલીયા (ઉં. વ. ૪૫) અને અનિલ ભલા માણકોલીયા (ઉં. વ.૨૦) (રહે. તમામ ગોડલાધાર)ને દબોચી લઈ રૂ.૬૪૦૦ની રોકડ કબ્જે કરી હતી.

## તાપમાન

(છેલ્લા પાનાનું ચાલું)

તાપથી જનજીવન ઉપર માઠી અસર દેખાઈ હતી અને રાજમાર્ગો તથા બજારો સ્કૂલ રહ્યા હતાં.આ ઉપરાંત આજે સવારે ૮.૩૦ કલાકે તાપમાન ૩૦.૬ ડિગ્રી નોંધાતા સવાર થી જ તાપનો અનુભવ થવા લાગ્યો હતો. અને લઘુત્તમ તાપમાન ૨૫.૨ ડિગ્રી, રહ્યું હતું.જયારે, સવારે હવામાં ભેજ ૭૪-ટકા રહ્યો હતો.અને પવનની સરેરાશ ઝડપ ૧૨ કી.મી રહેવા પામી હતી.

## દારૂ

(છેલ્લા પાનાનું ચાલું)

અકસ્માત બાદ વેદાંતને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આ પછી તેને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને ત્યાંથી જ તેને જામીનમળ્યા હત. કોર્ટે જામીન આપતા સમયે કેટલીક કડક શરતો પણ લાદી હતી. કોર્ટે આરોપીને અકસ્માત પર નિબંધ લખવા સાથે ૧૫ દિવસ સુધી યરવડા ટ્રાફિક પોલીસમાં કામ કરવાનો નિર્દેશ આપ્યો છે. સગીરને આલ્કોહોલ છોડવામાં મદદ કરવા માટે ડોક્ટરની માનસિક સલાહ લેવા માટે પણ કહેવામાં આવ્યું છે.

## બગસરા

(છેલ્લા પાનાનું ચાલું)

કાલ રાત્રિના અગિયારેક વાગ્યાની આસપાસ ભારતીબેન તેના ઘરે હતાં ત્યારે રવિ ત્યાં આવી ભારતીબેનને પેટ્રોલ છાંટી સળગાવી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં ભારતીબેન દાઝી જતાં તાકીદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બર્ન્સ વિભાગમાં સારવાર હેઠળ છે. ભારતીબેન ત્રણ બહેનમાં સૌથી મોટા છે. બનાવની જાણ પ્રદ્યુમન નગર પોલીસને થતાં તુરંત ત્યાં દોડી ગઈ હતી. અને ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

### રવિએ બંને મા દિકરીનું ખૂન કરી નાખીશ તેવી ધમકી આપેલી, હત્યા પ્રયાસનો ગુનો નોંધાયો

ભારતીબેને ફરિયાદમાં જણાવ્યું કે, રવિ વજુભાઇ ઉર્ફે કેશુભાઇ સોલંકી (રહે. બગસરા) સાથે દીકરીની સગાઈ નકકી થયેલ હોય અને અમને એ સગપણ પસંદ ન આવતા સગાઈની ના પાડી સંબંધ તોડી નાખેલ જેના કારણે આ રવિ છેલ્લા ત્રણેક મહિનાથી વારંવાર દિકરીને ફોન કરી ધમલાવી જાનથી મારી નાખવા સળગાવી દઈશ અને તમને બંને મા દિકરીનુ ખુન કરી નાખીશ. તેવી ધમકીઓ આપતો અને રાત્રે પણ ફોનથી ધમકી મારી પ્રથમ એક વખત દરવાજો ખખડાવી જતો રહ્યા બાદ રાત્રીના બે વાગ્યે ફરીથી આવી, પ્લાસ્ટીકની બોટલમાં પેટ્રોલ લાવી મારી ઉપર પેટ્રોલ છાંટી દિવાસળી ચાંપી જાનથી મારી નાખવાના ઇરાદે જીવલેણ હુમલો કરી શરીરે બન્ને પગે ગુપ્ત ભાગે તથા પેટ તથા કમરના ભાગે સળગાવી જીવલેણ ઈજા ભાગી ગયો હતો. પ્ર. નગર પીઆઈ બી.એમ ઝણકાટે આઇ.પી.સી. ૩૦૭,૫૦૧(૨) મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચકકરો ગતિમાન કર્યા છે.

# ગોંડલ ચોકડી નજીક હિટ એન્ડ રનમાં ઘવાયેલા યુવકનું મોત, નવદંપતિ ખંડિત

**ગણેશનગરમાં રહેતો મુકુંદરઅલી શાહમદાર પત્ની બીમાર હોય, તેને સાથે લઈ દવા લેવા જતો'તો, પીરવાડી સામે હાઈવે રોડ ક્રોસ કરતી વખતે ગોંડલ ચોકડી તરફથી આવતા અજાણ્યા વાહને બન્નેને હડફેટે લીધા'તા: દંપતિને સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ૨ દિવસની સારવાર બાદ પતિએ દમ તોડ્યો, હજુ ૭ મહિના પહેલા જ લગ્ન થયા હતા**

રાજકોટ, તા.૨૦

ગોંડલ ચોકડી નજીક હિટ એન્ડ રનમાં ઘવાયેલા યુવકે સારવારમાં દમ તોડયો હતો. ગણેશનગરમાં રહેતાં મુકુંદરઅલી શાહમદાર તેમની પત્નીને તાવ આવેલ હોય જેથી મેડિકલ સ્ટોરે દવા લેવા જતા હતા. ત્યારે પીરવાડી સામે હાઈવે રોડ ક્રોસ કરતી વખતે ગોંડલ ચોકડી તરફથી આવતા અજાણ્યા વાહને બન્નેને હડફેટે લીધા હતા.

બનાવની વિગત મુજબ મુકુંદરઅલી ઝબઅલી શાહમદાર (ઉ.વ.૨૫, રહે.ગણેશનગર પીરવાડી દરગા પાસે) નામનો યુવકનું અકસ્માતમાં મોત નિપજ્યું હતું. મૃતકની પત્ની શબનમબેનને તાવ આવેલ હોય જેથી તા.૧૮/૫/૨૦૨૪ ના રોજ સાંજના આઠેક વાગ્યાની આસપાસ તેઓ બંને ઘરેથી ચાલીને મેડીકલ સ્ટોરમાં તાવની દવા લેવા જતા હતા. ત્યારે પીરવાડી સામે હાઈવે રોડ ક્રોસ કરતી વખતે ગોંડલ ચોકડી તરફથી આવતા અજાણ્યા વાહને બન્ને ને હડફેટે લીધા હતાં. બાદ બંનેને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં આજે યુવકે દમ તોડી દિધો હતો. જ્યારે મૃતકની પત્નીને સારવારમાં સારુ જણાતાં રજા આપેલ છે. મૃતક છ ભાઈ અને એક બહેનમાં ચોથા નંબરનો હતો. હજુ ૭ મહિના પહેલા જ લગ્ન થયા હતા. નવોઢાનું સેથાનું સિંદૂર ભૂંસાતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસે અજાણ્યાં વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## અવસાન નોંધ

**હડીયાણા** ગામનાં રહેવાસી સ્વ. રમણીકલાલ રેવાશકર રાવલ ના નાના દીકરી સ્વ. અનિલાબેન રમણીકલાલ રાવલ (ઊ. વ. ૭૯) તે વિપુલભાઈ અને સ્વ.હરીશભાઈ ના બહેન નું તા.૨૦.૦૫.૨૦૨૪ ના સોમવાર ના રોજ અવસાન થયું છે. સદગત નું બેસણું તા.૨૩.૦૫.૨૦૨૪ ને ગુરૂવાર ના રોજ બપોર ના ૪ થી ૫ કલાકે તેમના નિવાસ સ્થાને હડીયાણા ખાતે રાખેલ છે

# રાજકોટ લોકસભા બેઠકની ચાર ઓબ્ઝર્વરની હાજરીમાં થશે મતગણતરીઃ ૧૨ વાગ્યા સુધીમાં પરિણામ

## તા.૪ના રોજ થનારા કાઉન્ટીંગ માટે ચૂંટણી પંચ દ્વારા સૌ પ્રથમવાર વધુ ત્રણ ઓબ્ઝર્વર ફાળવાયાઃ રાજકીય પક્ષોના ૯૮ એજન્ટો નિમવા પ્રક્રિયા શરૂઃ મતગણતરી માટે ૧૦૦૦નો સ્ટાફ નિયુકત કરવા દરેક વિધાનસભામાંથી લિસ્ટ મંગાવાયુંઃ આગામી સપ્તાહે પ્રથમ રેન્ડમાઈઝેશન

રાજકોટ તા.૨૦

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મતગણતરી આગામી તા.૪ જુનના રોજ કણકોટ ખાતેની સરકારી ઈજનેરી કોલેજ ખાતે કરવામાં આવનાર છે. આ અંગે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ વખતે સૌ પ્રથમવાર ચાર ઓબ્ઝર્વરની હાજરીમાં મતગણતરી કરવામાં આવનાર છે.

રાજકોટ લોકસભા બેઠકની મત ગણતરી માટે ચૂંટણીપંચ દ્વારા વધુ ત્રણ જનરલ ઓબ્ઝર્વર ફાળવી દેવામાં આવેલ છે. જેઓ આગામી તા.૨ના રોજ રાજકોટ ખાતે આવી પહોંચનાર છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભાની બેઠક ઉપર જનરલ ઓબ્ઝર્વર તરીકે રાજસ્થાનના સીનીયર આઈએસ અને સચિવ કક્ષાના અધિકારી ડો. પૃથ્વીરાજે કમાન સંભાળી છે.

જેઓની સાથે અન્ય ત્રણ ઓબ્ઝર્વરની ઉપસ્થિતિમાં રાજકોટ લોકસભા બેઠકની મત ગણતરી કરવામાં આવનાર છે. કણકોટની સરકારી ઈજનેરી કોલેજમાં બે બિલ્ડીંગના ચાર ફલોર ઉપર મતગણતરી માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેમાં દરેક ફલોર પર જનરલ ઓબ્ઝર્વરની ઉપસ્થિતિમાં મત ગણતરી કરવામાં આવશે.

વિધાનસભા વિસ્તાર મુજબ ૧૪-૧૪ ટેબલ પર આ મત ગણતરી કરવામાં આવનાર હોય રાજકીય પક્ષોના



એજન્ટોની નિયુકિત માટેની પ્રક્રિયા ચૂંટણી તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે. દરેક વિધાનસભામાં ૧૪-૧૪ એજન્ટ મળી કુલ ૯૮ એજન્ટો નિયુકત કરવામાં આવેલ છે. રાજકીય પક્ષોના આ એજન્ટોની નિયુકતી માટેની ફોર્મ સ્વીકારવા સહિતની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.

તેની સાથોસાથ મત ગણતરી માટે ૧૦૦૦ જેટલા કર્મચારીઓ ફરજ પર લેવામાં આવનાર હોય આ માટે દરેક વિધાનસભા વિસ્તારોમાંથી કર્મચારીઓના સ્ટાફનું લીસ્ટ મગાવવામાં આવેલ છે. મત ગણતરી માટે ફરજમાં લેવામાં આવનાર સ્ટાફનું પ્રથમ રેન્ડમાઈઝેશન આગામી સપ્તાહે કરવામાં આવનાર છે.

મત ગણતરી માટેની તૈયારીઓ માઈક્રોપ્લાનીંગ સાથે આગળ ધપાવવામાં આવી રહી છે. જેમાં મત ગણતરી કેન્દ્ર પર સૌ પ્રથમ બેલેટ પેપરની મત ગણતરી હાથ ધરવામાં આવશે. તા.૪ના ૧૨ વાગ્યા સુધીમાં મતગણતરી પૂર્ણ કરી પરિણામ જાહેર થાય તે રીતની તૈયારીઓનો તખ્તો ઘડી કાઢવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે ભાજપ-કોંગ્રેસ વચ્ચે રસાકસી ભર્યો ચૂંટણી જંગ ખેલાયો હતો. જેમાં ક્ષત્રિય આંદોલનનું ફેકટર પણ ભાગ ભજવી ગયું હતું.

રાજકોટ બેઠકની ચૂંટણીના પરિણામો અંગે હાલ સસ્પેન્સ રહેલું છે. તા.૪ના મત પેટીઓ ખુલતા જ આ સસ્પેન્શન પરથી પડદો ઉંચકાશે. મત ગણતરી માટે પણ સજજડ સુરક્ષા વ્યવસ્થા સરકારી ઈજનેરી કોલેજ કણકોટ ખાતે ગોઠવવામાં આવનાર છે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકે કામદાર યુનિયન સામે કરેલા આક્ષેપોની તપાસ ન થાય તો આંદોલન

## કૌભાંડો અને અનુ.જાતિના લોકોનું થતું આર્થિક શોષણને દબાવવાના પ્રયાસ થઈ રહ્યાનો આક્ષેપઃ યુનિયનના આગેવાનો દ્વારા કલેકટરને આવેદનપત્ર

રાજકોટ તા.૨૦

રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકે કામદાર યુનિયન સામે કરેલા આક્ષેપોની તપાસ ન થાય તો આગામી તા.૧૭ મેનાં રોજ આ હોસ્પિટલ ખાતે અનુ.જાતિના આગેવાનો દ્વારા રેલી, ધરણા, આંદોલન કરવામાં આવશે તેવી રાજકોટ કામદાર યુનિયન દ્વારા ચેતવણી આપવામાં આવી છે.

રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસભાઈ બેડીયાની આગેવાની હેઠળ આજે આ મામલે જીલ્લા કલેકટર પ્રભવ જોશીને આવેદન પત્ર સુપ્રત કરી જણાવ્યું હતું કે રાજકોટ કામદાર યુનિયન અને સમસ્ત અનુ.જાતિ અધિકાર આંદોલનના આગેવાનો દ્વારા ગત તા.૧૫



મેના રોજ વર્ગ-૪ના કર્મચારીને થતા અન્યાય, શોષણ તેમજ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકના નાક નીચે ચાલી રહેલા ભ્રષ્ટાચારની તપાસ કરી વર્ગ-૪ના કર્મચારીઓને ન્યાય આપવા માટે રજુઆત કરવામાં આવી હતી.

પરંતુ આ સમયે પાછળથી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક દ્વારા કામદાર યુનિયન અને અનુ.જાતિ અધિકાર આંદોલનના આગેવાનો વિરૂધ્ધ રાજકોટ પોલીસમાં ફરીયાદ નોંધાવેલ હતી. જેમાં તા.૧૮ મેનાં રોજ સદર પોલીસ ચોકીમાં તેઓને જવાબ લખાવવા માટે બોલાવાયેલ ત્યારે જણાવેલ કે પીડીયુના તબીબી અધિક્ષક આર.એસ. ત્રિવેદી દ્વારા તેઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ છે કે તેઓએ આત્મવિલોપનની ધમકી આપેલ અને હેરાન પરેશાન કરેલ છે.

પરંતુ તેઓના વિરૂધ્ધની આવી ખોટી અરજી કરાયેલ હોય તેઓને ભયભીત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેથી તેઓના વિરૂધ્ધ તબીબી અધિક્ષકે કરેલા આક્ષેપોની તપાસ કરવા તેઓએ માંગ ઉઠાવી છે.

# ટીપરવાનના ડ્રાઈવર અને હેલ્પર્સનો પગાર છ માસથી બંધ : ૧૦ હજારને બદલે ૭ હજારનું વેતન અપાય છે

## વોર્ડ નં. ૧૩, ૧૪ અને ૧૭માં દેકારો : કોંગ્રેસ મહામંત્રી મહેશ રાજપૂતની આગેવાનીમાં કમિશનરને આવેદન





રાજકોટ, તા. ૨૦

મ્યુનિ. કોર્પોરેશનના સોલીડ વેસ્ટ વિભાગ હેઠળના વોર્ડ નં.૧૩, ૧૪, ૧૭ના ટીપરવાર કોન્ટ્રાકટર દ્વારા છેલ્લા ૬-૭ મહિનાથી પગાર ચુકવવામાં આવતો ન હોય, આજે કોંગ્રેસ દ્વારા મ્યુનિ. કમિશનરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

પ્રદેશ મહામંત્રી મહેશ રાજપૂત, અનુજાતિ વિભાગ કોંગ્રેસના પ્રમુખ નરેશ સાગઠીયા, ડેલીગેટ જગદીશ સાગઠીયા તથા ટીપરવાનના ડ્રાઈવર અને હેલ્પર્સે આજે કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમાં જણાવ્યું છે કે સોલીડ વેસ્ટ શાખા દ્વારા ટીપરવાનના કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. વોર્ડ નં.૧૩, ૧૪, ૧૭માં ડ્રાઈવર અને હેલ્પરનો પગાર ૧૦ હજારને બદલે ૭ હજાર ચુકવવામાં આવે છે. સવારે ૬ થી બપોરે ૨ અને બપોરે ૩ થી સાંજે ૬ સુધી તેઓ કચરો એકત્ર કરીને શહેર સ્વચ્છ રાખે છે. તહેવારોમાં પણ તેમને રજા હોતી નથી.

હાલ છ-સાત મહિનાથી પગાર ન થયો હોય, તેમનું ઘર માંડ ચાલે છે. આથી તાત્કાલીક તેમને પગાર આપીને ફરજ પર ચાલુ રાખવા જોઇએ. આ અંગે ફરિયાદ કે રજુઆત કરનારાને નોકરીમાંથી છુટા કરી દેવામાં આવે છે. આ બારામાં તાત્કાલીક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચિમકી કોંગ્રેસે આપી છે.

(તસ્વીર : પંકજ શીશાંગીયા)

### અમીત શાહ, જયશંકર નિર્મલા સીતારામન બાદ ખુદ વડાપ્રધાનનો વર્તારો

# ચૂંટણી પરીણામ બાદ શેરબજારની ગાડી દોડશેઃ નરેન્દ્ર મોદી

## એનડીએને મોટી બહુમતી મળશેઃ દસ વર્ષમાં સેન્સેકસ ૨૫૦૦૦ થી ૭૫૦૦૦ થયો છે, સરકારે મહતમ આર્થિક સુધારા કર્યાનો દાવો

નવી દિલ્હી તા.૨૦

લોકસભા ચૂંટણીનાં પરીણામ બાદ શેરબજારમાં તેજીની ગાડી બેફામ દોડયાનો વર્તારો હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યો છે.આ પુર્વે કેન્દ્રીય ગૃહપ્રધાન અમીત શાહે પણ આવી ભવિષ્યવાણી કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઈન્ટરવ્યુમાં એમ કહ્યું કે છેલ્લા કેટલાંક દિવસોથી અનિશ્ચિતતાનો અનુભવ કરી રહેલા ઈન્વેસ્ટરો-ટ્રેડરોને ૪થી જુને લોકસભા ચૂંટણી પરીણામોથી રાહત થશે. વર્તમાન અનિશ્ચિતતા દુર થશે ભાજપ-એનડીએને પ્રચંડ બહુમતી મળશે અને તેના જોરે શેરબજાર ભાગશે.

તેઓએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન સરકાર દ્વારા મહતમ આર્થિક સુધારા લાગુ કરવામાં આવ્યા છે. અર્થતંત્રને ગતિ મળે તે માટે ઉદ્યોગલક્ષી કદમ ઉઠાવવામાં આવ્યા છે. ૨૦૧૪ માં પોતાની સરકાર સતારૂઢ થઈ ત્યારે સેન્સેકસ ૨૫૦૦૦ હતો અને હવે ૭૫૦૦૦ પર પહોંચ્યો છે વધુને વધુ સંખ્યામાં રોકાણકારો શેરબજારમાં રોકાણ કરી રહ્યા છે અને તેનો દેખીતો ફાયદો અર્થતંત્રને છે. લોકોમાં જોખમ ઉઠાવીને કમાણી કરવાની માનસીકતાં પણ વધી છે. સહકારી કંપનીઓના શેરોમાં પણ સારો એવો વધારો થઈ રહ્યો છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ૧૯ એપ્રિલથી લોકસભા ચૂંટણીનો પ્રથમ તબકકો શરૂ થયો ત્યારથી એનડીએને મોટી બહુમતી નહીં મળવાની અટકળોને પગલે શેરબજાર નર્વસ થવા લાગ્યુ હતું.આ સ્થિતિમાં અપેક્ષીત આર્થિક સુધારા નહી કરી શકે તેવી ભીતી વ્યકત થવા લાગી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ૧૯ એપ્રિલથી લોકસભા ચૂંટણીનો પ્રથમ તબકકો શરૂ થયો.ત્યારથી એનડીએને મોટી બહુમતી નહીં મળવાની અટકળોને પગલે શેરબજાર નર્વસ થવા લાગ્યુ હતું.આ સ્થિતિમાં સરકાર અપેક્ષીત આર્થિક સુધારા નહીં કરી શકે તેવી ભીતી વ્યકત થવા લાગી હતી.વોલાટીલીટી ઈન્ડેકસ પણ ૪૭ ટકા વધી ગયો હતો. પરંતુ છેલ્લા સપ્તાહથી ચિત્ર બદલાયું છે. અમીતશાહ, સહીત ત્રણ સીનીયર પ્રધાનોએ ચૂંટણી પરીણામ બાદ શેરબજારમાં તેજી થવાની ભવિષ્યવાણી કરતા માર્કેટ તેજીમાં આવી ગયુ છે.

હવે વડાપ્રધાને પણ ચૂંટણી પરીણામોબાદ શેરબજારમાં તેજી થવાનો વર્તારો આવતા માર્કેટમાં ઘણી સારી અસર થવાનો આશાવાદ નિષ્ણાંતો વ્યકત કરી રહ્યા છે. જાણકારોએ કહ્યું કે વડાપ્રધાનની આગાહી એનડીએને તોતીંગ બહુમતી મળવાનો વિશ્વાસ સુચવે છે.


વડાપ્રધાન મોદીએ તાજેતરનાં ચૂંટણી પ્રચારમાં પણ શેરબજારની છેલ્લા ૧૦ વર્ષની તેજીનો ઉલ્લેખ કર્યો હતો તેજીને કારણે લાખો ઈન્વેસ્ટરો માર્કેટ સાથે જોડાઈ ગયાનું કહ્યું હતું. પરીણામે ભારત વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટુ શેરબજાર બની ગયાનું કહ્યું હતું. વિરોધપક્ષો લોકોનો ભરોસો તોડી નાખવા માંગતા હોવાનો પ્રહાર પણ કર્યો હતો. અમિત શાહ ઉપરાંત વિદેશમંત્રી જયશંકર તથા નાણાપ્રધાન નિર્મલા સીતારામને પણ ઈન્વેસ્ટરોમાં તેજીનો વિશ્વાસ જણાવવા ચૂંટણી પરીણામ બાદ તેજી થવાનું જાહેર કર્યું જ હતું.

# અમેરિકા-સિંગાપોરમાં કોરોનાના નવા વેરિઅન્ટ ફિલર્ટના કેસોમાં ઉછાળોઃ ભારતમાં પણ પગપેસારો

## સિંગાપોરમાં ૫ થી ૧૧ મે દરમિયાન ૨૫૯૦૦ કેસ નોંધાયાઃ લોકોને માસ્ક પહેરવા અપીલઃ નવો વેરિએન્ટ વેક્સિનને પણ નથી ગાંઠતો

ન્યુયોર્ક (અમેરિકા), તા.૨૦

કોરોનાની ભયાનકતા હજુ ભુલાઇ નથી. કોરોના જો કે સમયાંતરે નવા નવા સ્વરૂપમાં પ્રગટ થતો રહે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક સ્તરે કોરોનાના કેસો સ્થિર થયા હતા, જો કે તેમાં હવે ઉછાળો જોવા મળ્યો છે. યુએસ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી)ના હાલના રિપોર્ટ મુજબ ગંદા પાણીમાં કોરોનાના નવા વેરિએન્ટનો એક નવો સેટ જોવામાં આવ્યો છે. જેને ફિલર્ટ નામ આપવામાં આવ્યું છે. અમેરિકા, સિંગાપોર સહિત અનેક દેશોમાં આ નવા વેરિએન્ટના કેસો ઝડપથી વધી રહ્યા છે. પરિસ્થિતિ એ છે કે ઝડપથી વધતા આ સંક્રમણને લઇને સિંગાપોર સ્વાસ્થ્ય મંત્રાલયે ફરી એકવાર બધા લોકોને માસ્ક પહેરવાની અપીલ કરી છે.



અધ્યયનકર્તાઓએ જણાવ્યું હતું કે કોરોનાનો આ વેરિએન્ટ ઓમિક્રોન જેવા જ છે. જે ઝડપથી લોકોને સંક્રમિત કરી શકે છે. આ સિવાય આ વેરીએન્ટ પણ વેક્સિનથી બનેલી શરીરની પ્રતિરોધક ક્ષમતાને પણ ચકમો આપવામાં સફળ રહ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ સિંગાપોરમાં કોરોનાની એક નવી લહેર જોવા મળી રહી છે. અહીં તા.૫ મેથી ૧૧ મે સુધીમાં ૨૫૯૦૦ જેટલા કેસ નોંધાયા છે.

### ભારતમાં પણ નવા વેરિએન્ટના રિપોર્ટ

અત્યાર સુધીમાં ભારતમાં પણ કોરોનાના નવા વેરિએન્ટના ફિલર્ટના ૨૫૦ જેટલા કેસ નોંધાયા છે.

# આઈપીએલમાં સૌથી વધુ હારનો સામનો કરનાર કેપ્ટનની યાદીમાં ધોની ટોપ પરઃ ૯૧ મેચ હારી

## વિરાટ કોહલી લીસ્ટમાં બીજા અને રોહિત શર્મા ત્રીજા સ્થાને

મુંબઈ,તા.૨૦

મહેન્દ્ર સિંહ ધોની IPL ઈતિહાસમાં સૌથી સફળ કેપ્ટન રહ્યો છે. માહીની કેપ્ટનશિપમાં ચેન્નાઈ સુપર કિંગ્સ ૫ વખત ટાઈટલ જીતી ચુકી છે. પરંતુ MS ધોની IPLના ઈતિહાસમાં સૌથી વધુ મેચ હારનાર કેપ્ટન પણ છે. મહેન્દ્ર સિંહ ધોની ઈંડક્માં કેપ્ટન તરીકે રેકોર્ડ ૯૧ મેચ હારી ચૂક્યો છે.



બીજી તરફ વિરાટ કોહલી આ લિસ્ટમાં બીજા સ્થાન પર છે. વિરાટ કોહલીની કેપ્ટનશિપમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ૭૦ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ત્યારબાદ રોહિત શર્મા ત્રીજા નંબર પર છે. રોહિત શર્માની કેપ્ટનશિપમાં મુંબઈ ઈન્ડિયન્સે ચોક્કસપણે ૫ વખત IPLનો ખિતાબ જીત્યો છે, પરંતુ તે સૌથી વધુ મેચ ગુમાવનાર ત્રીજા કેપ્ટન છે. રોહિત શર્માની કેપ્ટનશિપમાં ટીમને ૬૭ વખત હાર મળી છે.

આ દિગ્ગજ ખેલાડીઓ બાદ ગૌતમ ગંભીરનું નામ આવે છે. ગૌતમ ગંભીરને કેપ્ટન તરીકે ૫૭ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સ ઉપરાંત આ ખેલાડીએ દિલ્હી કેપિટલ્સની કેપ્ટનશિપ પણ કરી છે.

ડેવિડ વોર્નર આ યાદીમાં પાંચમા સ્થાન પર છે. ડેવિડ વોર્નર કેપ્ટન તરીકે ૪૦ મેચ હારી ચૂક્યો છે. ત્યારબાદ એડમ ગિલક્રિસ્ટનો નંબર આવે છે. એડમ ગિલક્રિસ્ટે IPLમાં કેપ્ટન તરીકે ૩૯ મેચ હારી છે.

આ ઉપરાંત જો એક્ટિવ કેપ્ટનની વાત કરીએ તો કેએલ રાહુલ ટોપ પર છે. કેએલ રાહુલ કેપ્ટન તરીકે ૩૧ મેચ હારી ચૂક્યો છે. જ્યારે શ્રેયસ અય્યર કેપ્ટન તરીકે ૨૯ મેચ હારી ચૂક્યો છે. સંજુ સેમસન કેપ્ટન તરીકે ૨૮ મેચ હારી ચૂક્યો છે.

# બર્થ ડે સર્ટિફિકેટમાં સુધારા માટે હવે એફિડેવિટની જરૂર નહીઃ સરકારના નવા પરિપત્રથી જનતાને મોટી રાહત

## આધાર કાર્ડ પ્રમાણેનું જન્મ પ્રમાણપત્ર મેળવવા કોઈપણ જાતનું સોંગદનામું રજુ કર્યા વિના સુધારો થશેઃ નકલ પણ ફ્રીમાં મળશે

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં સૌથી મોટી સમસ્યા હોય તો નામમાં સુધારણાની છે. રાજય સરકાર દ્વારા જન્મના પ્રમાણપત્રને લઇને ચાલતી અસમંજસ બાબતે કેટલીક સ્પષ્ટતા કરવામાં આવી છે. બાળકોના જન્મ પ્રમાણપત્ર વખતે તેમનું નામ અલગ હોય અને આધારકાર્ડમાં નામ અલગ હોય તેવા સંજોગોમાં આધારકાર્ડ પ્રમાણેનું જન્મ પ્રમાણપત્ર આપવાનું થાય ત્યારે કોઇપણ પ્રકારનું સોંગદનામું કરાવવાની જરૂર નથી.

આરોગ્ય કમિશનરે નવો પરિપત્ર કર્યો છે. જેમાં નકલ પણ ફ્રીમાં આપવાની રહેશે. આ કારણે ઘણા લોકોને રાહત મળી જશે. લોકો બર્થ સર્ટિફિકેટમાં સુધારા માટે ધક્કા ખાતા હોય છે. સરકારના નવા પરિપત્રથી તેમને ફાયદો થશે.

આધારકાર્ડ પ્રમાણે સુધારા જન્મ પ્રમાણપત્ર સિવાય કેટલાક કિસ્સામાં એવી પણ અરજીઓ આવે છે કે, મૂળ નામ અલગ હોય અને તેમને જન્મ પ્રમાણપત્ર અલગ નવા નામથી લેવાની માગ કરી હોય. આવા કિસ્સામાં મૂળ નામ કરતા તદન અલગ નામ જેમ કે, રમેશભાઇનું કિશોરભાઇ કરી શકાય નહીં પણ રમેશભાઈનું રમેશલાલ કરી શકાય છે, એટલે કે સંપૂર્ણ ભાવાર્થ બદલાતો હોય તેવું નવું નામ રજિસ્ટરમાં દાખલ કરી શકાય નહીં. પરિપત્ર કરીને સ્પષ્ટતા કરી છે તેમણે એવી પણ સૂચના આપી છે કે, આધારકાર્ડ પ્રમાણે સુધારો કરેલું જન્મનું પ્રમાણપત્ર આપતી વખતે કોઈ ફી પણ વસૂવાની રહેશે નહીં એટલે કે નવું બર્થ સર્ટિ ફ્રીમાં આપવાનું રહેશે. આરોગ્ય કમિશનરે રજિસ્ટાર અને જિલ્લા આરોગ્ય અધિકારી સહિતના અધિકારીઓને તાકીદ કરી છે.

અત્યારસુધી જન્મના દાખલામાં 'રમેશ'ના બદલે 'મહેશ' નામ થઈ શકતું હતું. પણ હવેથી નિયમો બદલાઈ ગયા છે. અર્થાત મૂળ નામનો ભાવાર્થ બદલી શકાશે નહીં માત્ર મૂળ નામની પાછળ 'ભાઈ'ના બદલે 'લાલ' કે 'કુમાર' માં ફેરફાર કરી શકાશે. સુધારો સૂચવતો આ પરિપત્ર વર્ષો પહેલાં કરાઈ દેવાયો હતો. જન્મ-મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ મુજબ કોઈ પણ વ્યકિત પોતાનું નામ બદલી અને નવું નામ રજિસ્ટરમાં દાખલ કરવાની અરજી કરે તો તે સ્વીકારી શકાય નહીં. નામનો ભાવાર્થ બદલાતો ન હોય તો જ સુધારો થઈ શકે. આવો નિયમ હતો જ પણ વર્ષ ૨૦૦૯ના ઓગસ્ટ મહિનામાં રાજય સરકારે તેમાં સુધારો કરતો પરિપત્ર કર્યો.

'પ્રવર્તમાન સામાજિક પરિસ્થિતિ અનુસાર જન્મ નોંધણી સમયે બાળકનું નામ જન્મ નોંધમાં હોય તેના બદલે શાળા પ્રવેશ વખતે જુદુ હોય અને ત્યારપછીના તમામ સરકારી અથવા અધિકૃત રેકોર્ડમાં બાળક કે વ્યકિતનું નામ તે જ દર્શાવેલ હોય તો આવા સંજોગોમાં સોંગદનામું અને જે તે પુરાવા તપાસીને તેમાં સુધારો કરી દેવો.

આ પરિપત્ર કર્યા બાદ અરજદારો દ્વારા નામ સુધારણા માટે જે તે રજિસ્ટ્રાર કચેરીએ જરૂરી પુરાવા સાથે પહોંચી જતા હતા પણ તેને લઈને અનેક વિવાદો થતા હતા. જન્મ વખતે બાળકનું નામ કંઈક અલગ રાખે અને પછી સ્કૂલમાં બાળકને મૂકે ત્યારે મનસૂફી પ્રમાણે નામ બદલી નાખે. જ્યારે પાસપોર્ટ કઢાવવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે આ પ્રકારે સુધારા કરાતા હતા પણ ફેબ્રુઆરીમાં રાજય સરકારે ફરી એક વખત કાયદામાં જરૂરી સુધારો સૂચવતો પરિપત્ર કર્યો અને મૂળ નામમાં સુધારો નહીં કરવા રાજ્યના તમામ જન્મ-મરણ નોંધણી રજિસ્ટ્રારને આદેશ આપ્યો હતો ત્યારથી આ નિયમ ચાલે છે.

# વૈશ્નોદેવીના યાત્રાળુઓને રાહતઃ જમ્મુથી હેલીકોપ્ટર સેવા

## કટરાથી સાંઝી સુધી રોપ-વે સેવા પણ શરૂ થશે

જમ્મુ: વૈષ્ણોદેવી જનારા ભકતો માટે મહત્વના અને સારા સમાચાર આવ્યા છે.હવે જમ્મૂ-કાશ્મીર સરકારના એક નિર્ણયના કારણે માતા વૈષ્ણોદેવીનાં દર્શન કરવાનું વધારે સરળ બનવાનું છે. સરકાર દ્વારા જમ્મુથી સીધુ વૈષ્ણોદેવીનાં દરબાર સુધી હેલીકોપ્ટર સર્વીસ શરૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. માત્ર એટલુ જ નહિં પણ સરકારનું પ્લાનીંગ કટરાથી સાંઝી છત માટે રોપવે સર્વીસ શરૂ કરવાનું પણ છે. શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડનાં સીઈઓ અંશુલ અગ્રવાલે આ બાબતે માહિતી આપતા જણાવ્યું હતું કે ઉનાળાની રજાઓમાં માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા આવનારા ભકતોની સંખ્યા ખૂબ જ વધારે હોય છે.જેને કારણે બોર્ડ દ્વારા ખાસ સગવડ કરવામાં આવતી હોય છે. આગામી અઢી મહિના માટે રજીસ્ટ્રેશનનાં કાઉન્ટર્સમાં પણ વૃધ્ધિ કરવામાં આવી છે.જેથી શ્રધ્ધાળુઓને ૨૦ થી ૨૫ મીનીટમાં જ યાત્રા માટેના કાર્ડની સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય. હેલી સર્વીસ વિશે વાત કરતા શ્રાઈન બોર્ડે જણાવ્યું હતું કે છેલ્લા વીસ-બાવીસ વર્ષથી લોકોને એનો ફાયદો થઈ રહ્યો છે. હેલીસર્વીસને એક ડગલુ આગળ વધીને સીધુ જમ્મુથી લઈને ભવન સુધી હેલી સર્વીસ શરૂ કરવામાં આવશે. આ માટે ઓપરેટરર્સે ઈન્ફ્રાસ્ટ્રકચર પર અપગ્રેડ કરી લીધુ છે.

**CHANGE OF NAME**

I THE UNDERSIGNED **DHAMI SHARMILABEN BHARATBHAI** HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM **DHAMI SHRMILA BHARATKUMAR** TO **DHAMI SHARMILABEN BHARATBHAI** NOW ONWARDS I WOULD BE KNOWN AS **DHAMI SHARMILABEN BHARATBHAI**

**DHAMI SHARMILABEN BHARATBHAI**
DT. 21/05/2024, RAJKOT.

**પશ્ચિમ રેલ્વે - રાજકોટ ડિવિઝન**

માલવાહક વેગન જાળવણીમાં વધારો / સુધારો
ગતિ શક્તિ વિભાગ

ઈ-ટેન્ડર નોટિફિકેશન નંબર : 02વર્ષ 2024-25 તારીખ : 14-05-2024 ઈ-ટેન્ડર નોટિફિકેશન નંબર : 02/2025/GSU/RJT કામનું નામ : હાપા-રાજકોટ ખાતે માલવાહક વેગન જાળવણીમાં વધારો/સુધારો. અંદાજિત NIT કિંમત : ₹23,33,16,546.94/- ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : 17-06-2024 ના 15:00 કલાકે ઓફિસનું સરનામું : મુખ્ય પ્રોજેકટ મેનેજર, ગતિ શક્તિ યુનિટ જંકશન રોડ, કોઠી કમ્પાઉન્ડની સામે, રાજકોટ, ગુજરાત - 360001 વેબસાઇટ : www.ireps.gov.in 18

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# રાજકોટમાં ૧૨૦ વર્ષ અગાઉ રેકોર્ડબ્રેક ૪૭.૯ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું!

### તા.૨-૫-૧૯૦૫ નો ગરમીનો રેકોર્ડ આજે પણ અકબંધઃ વર્ષ ૧૯૯૧, ૯૫,૯૭ અને ૨૦૦૨ તતા ૨૦૦૪ માં ૪૫ ડીગ્રી ઉપરનું કાળઝાળ તાપમાન નોંધાયુ હતુંઃ ૨૦૦૯ માં ૪૪.૭ બાદ ગત શનિવારે ૪૪.૫ ડીગ્રીએ પારો પહોંચ્યો હતો

રાજકોટ તા.૨૦

સમગ્ર રાજયની સાથોસાથ રાજકોટ શહેરમાં પણ છેલ્લા ત્રણ દિવસથી રેકોર્ડ બ્રેક ગરમી પડી રહી છે. સતત ૪૪ ડીગ્રી ઉપરના કાળઝાળ તાપમાનથી નગરજનો તોબા પોકારી ઉઠયા છે અને હજુ પણ ગુરૂવાર સુધી હીટવેવની અસર રહેનાર હોય આવતા ચાર દિવસ સુધી અસહ્ય ગરમી સહન કરવી પડે તેમ છે.

રાજકોટનાં કાળઝાળ તાપમાનનાં રેકોર્ડ ઉપર નજર કરીએ તો હવામાન વિભાગના સુત્રો અનુસાર આજથી અંદાજે સવા સદી અગાઉ એટલે કે ૧૨૦ વર્ષ પહેલા તા.૨-૫-૧૯૦૫ ના રોજ રાજકોટમાં અત્યાર સુધીનુ રેકોર્ડબ્રેક ૪૭.૯ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. જે રેકોર્ડ આજ સુધી અકબંધ રહેવા પામેલ છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૦૫ માં રાજકોટમાં સીમેન્ટનાં જંગલો ન હતા કે એટલી સંખ્યામાં વાહનો પણ ન હતા અનો ગ્રીનરી વધુ હતી. છતા રેકોર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. જે આશ્ચર્ય પમાડે તેવી બાબત છે.



હવામાન વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ વર્ષ ૧૯૯૧ ૯૫,૯૭,અને ૨૦૦૨ તથા વર્ષ ૨૦૦૪ માં પણ રાજકોટમાં હાઈએસ્ટ ૪૫ ડીગ્રી ઉપર તાપમાન નોંધાવા પામ્યુ હતું.

પ્રાપ્ત વિગતો મુજબ તા.૯-૬-૧૯૯૧ માં રાજકોટનું તાપમાન ૪૫.૩ ડીગ્રી તા.૩૦-૫-૧૯૯૫ માં ૪૪.૯ ડીગ્રી તથા તા.૭-૬ ૧૯૯૭ માં ૪૫ ડીગ્રી જયારે ૫-૫-૨૦૦૪ માં ૪૫.૮ ડીગ્રી અને તા.૨૮-૪-૨૦૦૯ માં ૪૪.૭ ડીગ્રી રેકોર્ડબ્રેક મહતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

અત્રે નોંધનીય બાબત એ પણ છે કે રાજકોટ ચાલુ વર્ષે પણ હીટવેવની આગાહીના પગલે છેલ્લા ત્રણ દિવસથી કાળઝાળ ૪૪ ડીગ્રી ઉપર તાપમાન નોંધાઈ રહ્યું છે અને હજુ આવતા ગુરૂવાર સુધીમાં પણ ૪૫ ડીગ્રી નજીક તાપમાન પહોંચી જાય તેવી શકયતા છે.

દરમ્નયાન આજરોજ પણ રાજકોટ શહેરમાં સવારથી જ સુર્યદેવતાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધુ છે અને સવારથી બપોર સુધીમાં ફરી કાળઝાળ તાપમાનનાં કારણે રાજમાર્ગો સુમસામ ભાસવા લાગ્યા હતા.

આકરા તાપ અને લુનો કહેર નગરજનોને ભારે અકળાવી રહ્યો છે અને સતત એ.સી. અને પંખાનાં સહારે રહેવુ પડે છે.

# શાપરની ફેકટરીમાં આગ ભભૂકી ફાયરબ્રિગેડે બુજાવી : ફાયરમેનને ઈજા

### સવારે પોણા આઠ વાગ્યે રિષી કાસ્ટ કંપનીમાં આગ લાગ્યાની જાણ થતા, ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર સહિતના દોડી ગયા હતા, ૩ કલાકની જહેમતે આગ કાબુમાં આવી : સાધન સામગ્રી સહિતની વસ્તુ બળીને ખાખ





રાજકોટ, તા.૨૦

આજે સવારે શાપરની ફેકટરીમાં આગ લાગી હતી. જેની જાણ થતાં ફાયરબ્રિગેડે દોડી જઇ આગ બુજાવી હતી. સવારે પોણા આઠ વાગ્યે રિષી કાસ્ટ કંપનીમાં આગ લાગ્યાની જાણ થતા, ચીફ ફાયર ઓફીસર ઇલેશ ખેર સહિતના દોડી ગયા હતા. ૩ કલાકની જહેમતે આગ કાબુમાં આવી હતી. સાધન સામગ્રી સહિતની વસ્તુ બળીને ખાખ થઈ ગઈ હતી.

આગ શાપર માઈક્રોમેલ ગેઇટ અંદર આવેલા કારખાનામાં લાગી હતી. જાણ થતાં રાજકોટ મનપાના ફાયરબ્રિગેડના ચીફ ફાયર ઓફિસર ઇલેશ ખેર, એસસટીઓ જોબન, સાજીદભાઈ, જયેશભાઈ ડાભી, મયુરભાઈ પટેલ, ભરતભાઈ વૈશ, વિક્રમભાઈ, રોહિતભાઈ ડાભી સહિતના દોડી ગયા હતા. ૭.૪૫થી ૧૧ વાગ્યા સુધી જહેમત ઉઠાવી હતી. દરમિયાન ફાયરમેન મયુરભાઈ પટેલને ઈજા થતાં સારવારમાં ખસેડાયા હત.

કારખાનામાં લાગેલી આગ સ્ટોર રૂમ થઈ, ફર્નિચર અને ઉપરના છાપરમાં પ્રસરી હતી. અહીં પડેલ મેગ્નેશિયમ નામના પદાર્થમાં આગ લાગી હોય, તેને બુઝાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આગમાં એસી, પંખા સહિતની સામગ્રી બળી ગઈ હતી. કારખાનાના મકાનમાં તિરાડો પડી ગઈ હતી. છાપરૂ તુટી ગયું હતું. અત્રે કંપનીના પરસોત્તમભાઈ પોપટભાઈ સભાયા હાજર હતા. જોજે નુકસાનીનો આંક જાણવા મળેલ નહોતો.

#### કપડાંની દુકાનમાં છમકલું

આજે સવારે ૧૦.૨૫ વાગ્યે યુનિવર્સિટી રોડ પર પુષ્કરધામ મંદિર સામે મિલન ફેશન કપડાં નામની દુકાનમાં આગ લાગ્યાની જાણ થતાં કાલાવડ રોડ ફાયર સ્ટેશથી જયેશભાઈ ભેરૈયા, મહાવીરસિંહ જાડેજા, આયુષભાઈ, વિપુલભાઇ, મગનભાઈ વગેરે દોડી ગયા હતા. પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. દુકાનના માલિક હંસાબેન નવીનભાઈ ઘટના સ્થળે હાજર હતા. નુકસાની જાણવા મળેલ નથી.

# મહિલાના મળેલા બે પગની ગૂંથી વધુ ગૂંચવાઈ, ક્રાઈમ બ્રાંચ વધુ એક વખત આજીડેમ વિસ્તારને ખૂંદી વળશે

### શું હત્યા કરી કટકા નખાયા ? : શું કોઈ હોસ્પિટલનો મેડિકલ વેસ્ટ છે ? : ફોરેન્સિક તપાસમાં પણ હાલ કોઈ કડી નથી મળીઃ પગ સિવાયના બીજા કોઈ અંગો છે કે કેમ? ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમોને કામે લગાડાઇ







રાજકોટ, તા.૨૦

ગઈકાલે આજીડેમના કાંઠેથી મહિલાના મળેલા બે પગની ગૂંથી વધુ ગૂંચવાઈ છે, જેથી ક્રાઇમ બ્રાંચ વધુ એક વખત આજીડેમ વિસ્તારને ખૂંદી વળશે. શુ હત્યા કરી કટકા નખાયા છે? શું કોઈ હોસ્પિટલનો મેડિકલ વેસ્ટ છે ? હાલ ફક્ત પ્રશ્નો છે. તેના કોઈ જવાબ પોલીસ પાસે નથી. ફોરેન્સિક તપાસમાં પણ હાલ કોઈ કળી નથી મળી. પગ સિવાયના બીજા કોઈ અંગો છે કે કેમ? તે જાણવા ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમોને કામે લગાડાઈ છે.

મળતી વિગત મુજબ, ગઈકાલે સાંજે આજી ડેમના કાંઠા નજીકથી કપાયેલા બે પગ મળી આવતાં ચકચાર મચી ગઇ હતી. ભાવનગર રોડ પર માંડાડુંગર નજીક આજી ડેમના કાંઠા પાસેથી આ બે પગ મળ્યા હતા. જાણ થતાં આજી ડેમ પોલીસની ટીમ દોડી ગઈ હતી. બંને પગ થોડા થોડા અંતરેથી મળ્યા હતા. પગ તળિયાથી લઈ ગોઠણથી નીચેના ભાગના છે. પંજા ખવાઈ ગયેલી સ્થિતિમાં હતા. અંદાજે પાંચેક દિવસ પહેલાંના અંગો હતા. બંને પગને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડયા હતા. જયાંથી મળ્યા તેની નજીકના આસપાસના વિસ્તારમાં પોલીસે તપાસ કરી હતી. જે પછી ક્રાઈમ બ્રાંચની ટીમો પણ ઉતરી હતી. અન્ય અવશેષો મળ્યા નહોતા.





આ બે પગમાંથી એક પગ શ્વાન લઈને જતું હતું ત્યારે એક વ્યક્તિનું ધ્યાન જતા તેણે શ્વાનને પથ્થર મારી પગ છોડાવ્યો હતો. ત્યાંથી થોડે દૂર બીજો પગ પણ હતો. પ્રાથમિક દ્રષ્ટિએ જોતા બંને પગ મહિલાના હોવાનું જણાય છે. ફોરેન્સિક પીએમ માટે બંને પગને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ તરફ મહિલાની હત્યા કરી લાશના ટુકડા કરી ડેમમાં ફેંકી દેવાયાની ચર્ચા છે. જોકે તેમાં પણ હજુ સુધી કોઈ કળી મળી નથી. આ તરફ એવુ પણ જણાઈ છે કે, કોઈ મહિલા દર્દીને પગમાં ગેંગ્રીન હોય, અને તબીબે બંને પગ કાપ્યા હોય, પણ નિકાલ કરવા વાળાએ યોગ્ય નિકાલ ન કર્યો હોય અને આ રીતે ડેમમાં ફેંકી દીધા હોય તેવું પણ બની શકે છે.

### જળસંચય બાબતે 'મેઈકીંગ એ વોટર સિકયોર એન્ડ હેલ્ધી સીટી' વિષય પર સેમીનાર યોજાયો : જળસ્તર ઉંચુ લાવ્યા વગર છુટકો નથી : કમિશ્નર આનંદ પટેલ

# ૨૦ ફુટે મળતું પાણી હવે ૧ હજાર ફુટ ઉંડુ ઉતરી ગયું છે : ડીપીઆર મેપીંગથી થશે બોર રીચાર્જ

### નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ અર્બન અફેર્સ, એસોચેમ, ટ્રીવોકસના ઉપક્રમે સેમિનાર યોજાયો : નર્મદા નીર મળતા લોકો નિશ્ચિંત બની ગયા : મનપા ૯૦:૧૦ની સ્કીમથી કામ આગળ વધારશે : પૂરા વિશ્વમાં ભૂગર્ભ જળનો ઉપયોગ ભારતમાં વધુ

રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકા, નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ અર્બન અફેર્સ, એરિડ કોમ્યુનિટીઝ ટેકનોલોજીસ અને ટ્રીવોક્સ, એસોચેમના સંયુક્ત ઉપક્રમે શ્રી પ્રમુખ સ્વામી ઓડીટોરિયમમાં જળ સંચય બાબતે મેઈકિંગ એ વોટર સિક્યોર એન્ડ હેલ્ધી સિટી વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં અધ્યક્ષ સ્થાને કમિશનર આનંદ પટેલ, એરિડ કોમ્યુનિટીઝ ટેકનોલોજીસના યોગેશભાઈ જાડેજા, એનઆઈયુએના ઉદયભાઈ ભોંડે અને ટ્રીવોક્સ, એસોચેમના લોકેન્દ્રભાઈ બાલાસરિયા અને ડે.કમિશનર ચેતન નંદાણી ઉપસ્થિત રહ્યા હતા.

જુદીજુદી સામાજિક સેવાકીય સંસ્થાઓ, ઈજનેરો, આર્કિટેક્ટસ, વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સેમિનારમાં સંબોધન કરતા કમિશનર આનંદ પટેલે એમ કહ્યું હતુ કે, ગુજરાતમાં વોટર વર્કસ ક્ષેત્રે ખુબ જ સારૂ કામ થયું છે અને હજુ પણ થઈ રહ્યું છે. નર્મદાનાં નીર ઉપલબ્ધ બન્યા બાદ સ્વાભાવિકરીતે લોકો થોડા નિશ્ચિંત બન્યા છે, પરિણામે જળ સંચયકની કામગીરીમાં થોડી ઉદાસીનતા પણ દેખાય છે. મહાનગરપાલિકાએ જળ સંચયની પ્રવૃત્તિને વેગ આપવાનાં ઉદ્દેશ સાથે ૨૦૨૪-૨૫નાં બજેટમાં ૯૦:૧૦ની સ્કીમ રજુ કરી જનભાગીદારીને પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યું છે. જેમાં કોર્પો. ૯૦ ટકા અને લોકોએ ૧૦ ટકા ખર્ચ ભોગવવાનો રહેશે. જો લોકો નક્કી કરે તો જળ સંચયની કામગીરી અપેક્ષિત પરિણામ આપી શકે છે.

કમિશનરે એવી ટકોર પણ કરી હતી કે, છેલ્લા એક હજાર વર્ષમાં દુનિયા ના બદલી હોય તેટલી છેલ્લા ૫૦ વર્ષમાં બદલી ચુકી છે. છેલ્લા એક હજાર વર્ષમાં ના વપરાયું હોય તેટલું ભૂગર્ભીય પાણી છેલ્લા ૫૦ વર્ષમાં વપરાયું છે. છેલ્લા પાંચેક વર્ષથી તો એવું પણ અનુભવાયું છે કે, ચોમાસામાં વરસાદનું પ્રમાણ વધ્યું છે. અગાઉ સરેરાશ ૫૦૦ થી ૮૫૦ મી.મી. જેવો વરસાદ પૂરી સિઝનમાં નોંધાતો હતો જે હવે સરેરાશ ૧૧૦૦ થી ૧૫૦૦ મી.મી. જેવો વરસાદ નોધાય છે. જોકે





અહીં એ પણ નોંધવું રહ્યું કે, સમગ્ર ચોમાસાના ચાર માસ દરમ્યાન સારા વરસાદના દિવસો માત્ર આશરે ૮ થી ૧૦૦ જેટલા જ હોય છે. વરસાદની પેટર્ન પણ બદલાઈ રહી છે. દિવસે ને દિવસે બોરનો ઉપયોગ વધી રહ્યો છે અને જમીનમાં જળસ્તર વધુ ને વધુ નીચું ઉતારી રહ્યું છે ત્યારે ચોમાસા પૂર્વે જ તમામ લોકોએ પોતાના મકાનના ધાબાનું પાણી બોરમાં ઉતારવા માટેની વ્યવસ્થા કરી જાહેર સામાજિક હિતમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

મહાનગરપાલિકાના તમામ બિલ્ડીંગ, પમ્પિંગ સ્ટેશન, ફિલ્ટર પ્લાન્ટ, સ્વિમિંગ પૂલ કેમ્પસ, વગેરે સ્થળોએ બોર રિચાર્જના આયોજનને આગળ ધપાવી રહી છે. આયોજનમાં ગીર ગાય સંસ્થા, સદભાવના ટ્રસ્ટ, સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ વગેરે જેવી જુદીજુદી સંસ્થાઓનો સહયોગ સાંપડી રહ્યો છે. જળ સંચય, પર્યાવરણ, સ્વચ્છતા વગેરે જેવી બાબતોમાં સમાજના સહયોગ વગર ઈચ્છિત પરિણામ મેળવી શકાય નહીં. માટે સૌ નાગરિકો જળ સંચયની પ્રવૃત્તિમાં વધુ ને વધુ જાગૃત બને તે વર્તમાન સમયની માંગ છે.

નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ અર્બન અફેર્સના ઉદયભાઈએ એમ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ભારત સૌથી વધુ આશરે ૨૫ ટકા જેટલા પ્રમાણમાં ભૂગર્ભ જળનો વપરાશ કરે છે. કેન્દ્ર સરકારે અમૃત ૨.૦ હેઠળ જળ સંચય પ્રવૃત્તિ માટે પાઈલોટ સિટી તરીકે દેશના જે ૧૦ શહેરો પસંદ કર્યા છે તેમાં રાજકોટનો પણ સમાવેશ થાય છે. આ શહેરોમાં જયપુર, ગ્વાલિયર, થાણે, પુણે, ધનબાદ, કોલકતા, હૈદરાબાદ, બેન્ગ્લુરૂ અને ચેન્નાઈ પણ સામેલ છે. યોગેશભાઈ જાડેજાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે કહ્યું હતું કે, રાજકોટ માટે સાયન્ટીફિક પધ્ધતિએ ભૂસ્તરીય અભ્યાસના આધારે તૈયાર કરવામાં આવેલ ડી.પી.આર. મેપિંગ સહારે યોગ્ય સ્થળોએ બોર રિચાર્જ કરી મહત્તમ ફાયદો મેળવી શકાય છે. રાજકોટનાં ડીપીઆર મેપિંગ માટે શહેરને જુનું રાજકોટ, ત્યાંથી રિંગ રોડ સુધીનું રાજકોટ અને ત્યાંથી પશ્ચિમ તરફનું રાજકોટ એમ ત્રણ હિસ્સામાં વહેંચવામાં આવ્યું હતું હતું. રાજકોટમાં અલગઅલગ કુલ ૭૫ સ્થળોએ બોર બનાવી ભૂસ્તરીય રચના અંગે જાણકારી પ્રાપ્ત કરવામાં આવી હતી. રાજકોટની જમીનમાં કાળમીંઢ પથ્થરો અને જળકૃત ખડકો મળી આવે છે.

લોકેન્દ્રભાઈ બાલાસરિયાએ કહ્યું હતુ કે, આજથી ૪૦ થી ૫૦ વર્ષ પૂર્વે આપણને જમીનમાં ૨૦ ફૂટની ઊંડાઈએ પાણી મળી જતું હતું જે આજે ૧૦૦૦ થી ૨૦૦૦ ફૂટ ઊંડું જઈ ચુક્યું છે. અત્યારે ગુજરાતને નર્મદા નીર મળી રહ્યા છે ને લોકોને ખાસ કાંઈ ચિંતા નથી થતી પરંતુ ધારો કે, નર્મદાની જળ સપાટી અને જળ રાશી ઘટે તો શું થાય એ પ્રશ્ન વિશે પણ વિચારવું ખુબ જ જરૂરી છે. બોરમાંથી જેટલું પાણી ખેંચીએ છીએ તેની સરખામણીએ આપણે બોર રિચાર્જ મારફત જમીનમાં જે પાણી ઉતારીએ છીએ તેનું પ્રમાણ ખુબ જ ઓછું છે. પરમ્પરાગત જ્ઞાન અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરીને જળ સંચયની પ્રવૃત્તિને પુરતો વેગ આપવાની આવશ્યકતા છે.

ડે.કમિશ્નર ચેતન નંદાણીએ પણ મહાનગરપાલિકાની જનભાગીદારી સાથે ૯૦:૧૦ સ્કીમ અંગે છણાવટ કરી જળ સંચયની પ્રવૃત્તિની મહત્તા સમજાવી હતી અને આભાર વિધિ કરી હતી. આ સેમિનારના આયોજન માટે ડે. ઈજનેર કે.પી. દેથરીયા, છૈયા, પટેલ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ૮૦ ધંધાર્થીઓ પાસેથી વધુ સાડા પાંચ કિલો પ્લાસ્ટીક જપ્ત કરતું કોર્પોરેશન

### જુદા જુદા વિસ્તારમાં ગંદકી કરતા આસામીઓને રૂા. ૨૧ હજારનો દંડ

રાજકોટ, તા. ૨૦

મનપાની સોલીડ વેસ્ટ વિભાગની ટીમ દ્વારા તા. ૧૮ અને ૧૯ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૮૦ આસામીઓ પાસેથી સાડા પાંચ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૦૭૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના જામનગર રોડ, સિધિ કોલોનિ રોડ, ત્રિશુલ ચોક રોડ પર ઝુંબેશરૂપે ૨૮ આસામીઓ પાસેથી ૨.૨૮ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૭૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના બાલાજી હોલ મેઇન રોડ, યુનિવર્સિટિ રોડ પર પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૮ આસામીઓ પાસેથી ૨.૭ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૩૫૦નો ચાર્જ વસુલાયો હતો.




જયારે ઈસ્ટ ઝોનના પ્રદ્યુમન પાર્ક રોડ,ભાવનગર પરથી ૧૪ આસામીઓ પાસેથી અર્ધો કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૬૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચનાથી પર્યાવરણ વિભાગની ટીમ કરી રહી છે.

# સંતકબીર રોડ પર કારમાંથી દારૂની ૬૭૨ બોટલ ઝડપાઈઃ બુટલેગર ફરાર


### ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડતાં જ બુટલેગર કાર રેઢી મૂકી નાસી છૂટયોઃ કુલ રૂ.૩.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૨૦

સંતકબીર રોડ પરથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે કારમાંથી દારૂની ૬૭૨ બોટલ પકડી પાડી રૂ.૩.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે દરોડા વખતે નાસી છૂટેલા બુટલેગરની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એ.એસ.ગરચર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે

કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડાને સંતકબીર રોડ સરદાર સ્કુલની દીવાલ પાસે ફુટપાથ પર એક કાળા કલરની સ્વીફ્ટ કારમાં






દારૂનો જથ્થો ભરેલ હોવાની ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી કાળા કલરની સ્વીફ્ટ કાર ઉભેલ હોય અને બાજુમાં એક શખ્સ કારનો દરવાજો અર્ધખુલ્લો રાખી ઉભેલ હતો. જે પોલીસ સ્ટાફને જોઈ નાસી છૂટ્યો હતો. સ્ટાફે સ્વીફ્ટ કાર નં. જીજે.૦૩.એનએફ.૩૦૦૭ માં તપાસ કરતાં પાછળની સીટ પર બોક્ષ પડેલ હોય જે બોક્ષ ખોલી જોતા તેમાંથી વિદેશી દારૂના ૬૭૨ ચપલા મળી આવ્યાં હતાં. ક્રાઈમ બ્રાન્ચની ટીમે દારૂ અને કાર મળી કુલ રૂ.૩.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરની શોધખોળ હાથ ધરી હતી.

# રિક્ષા ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એ ડિવિઝન પોલીસ



રાજકોટ, તા.૨૦

રિક્ષા ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને એ ડિવિઝન પોલીસે મુદ્દામાલ સાથે પકડી પાડયો હતો. ઝનાના હોસ્પિટલના એન્ટ્રી ગેટની સામે ગત તા-૧૬/૦૫/૨૦૨૪ ના રોજ ઓટો રીક્ષા નં.૦૩- બીયુ-૧૫૩૧ ચોરી થયેલ હતી. જેથી રીક્ષા ચોરી ગયેલ શખ્સને શોધવાં રાજકોટ શહેર કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના સી.સી.ટી.વી. કેમેરામાં ચેક કરતા રીક્ષા રૈયા ચોકડી તરફ ગયેલ હોઈ તેવુ જોવામા આવતા તુરંત જ પોલીસ ત્યાં દોડી ગઈ હતી. અને ત્યાં એક ઈસમ રીક્ષા સાથે ઉભેલ હોઈ જેને કોર્ડન કરી ચોરાઈ ગયેલ રીક્ષા, મુદામાલ તથા આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીત્યો ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૨૪ રહે.રખડતો ભટકતો હોસ્પીટલ ચોક પાસે રાજકોટ. મૂળ રહે-જોડીયા જોડીયાના નાકા પાસે દલીતવાસ જી.જામનગર) ને પકડી પાડયો હતો.

### સ્કુલોને ધમકી અને આઈપીએલની ત્રણ ટીમોના આગમન વખતે જ આતંકવાદીઓ પકડાતા સુરક્ષા એજન્સીઓ ખળભળી

# અમદાવાદ એરપોર્ટથી IS સાથે સંકળાયેલા ચાર ત્રાસવાદી ઝબ્બે : ખળભળાટ

## શ્રીલંકાથી વાયા ચેન્નાઇ થઈને અમદાવાદ ઉતરતા જ ઉઠાવી લેવાયા : ગુપ્તચર બાતમીના આધારે કાર્યવાહી : લોકલ સંપર્કો, હથિયારો સહિતના મુદ્દે તપાસ : ખતરનાક ત્રાસવાદી સંગઠન ઈસ્લામીક સ્ટેટ સાથે સંપર્ક હોવાનો ખુલાસો

અમદાવાદ, તા. ૨૦

અમદાવાદ એરપોર્ટ પરથી આઇએસઆઇએસ(ઈસ્લામીક સ્ટેટ) સાથે સંપર્ક ધરાવતા ચાર ત્રાસવાદઓની ધરપકડ કરવામાં આવતા સનસનાટી મચી જવા પામી છે. શ્રીલંકાથી વાયા ચેન્નાઇ થઇને અમદાવાદ એરપોર્ટ પર ઉતરતાની સાથે જ ચારેય શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જ મહત્વના પુરાવા હાથ લાગ્યા હતા અને હવે એમના લોકલ સંપર્ક સહિતના મુદ્દાઓ પર તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

સુરક્ષા એજન્સીઓના સુત્રોએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગુપ્તચર વિભાગ દ્વારા ચોકકસ બાતમી આપવામાં આવી હતી અને તેના આધારે અમદાવાદ એટીએસની એક ટીમ એરપોર્ટ પર ખાસ વોચમાં તૈનાત કરવામાં આવી હતી. આ દરમ્યાન એક શંકાસ્પદ શખ્સ નજરે ચડતા તેને અટકાવીને પુછપરછ કરવામાં આવી હતી અને તપાસમાં બીજા ત્રણ સાગ્રીતો સાથે હોવાનું ખુલતા ચારેયને એરપોર્ટ પરથી દબોચી લેવામાં આવ્યા હતા.

પ્રાથમિક વિગતો પ્રમાણે ચારેય શખ્સો શ્રીલંકાના કોલંબોથી ચેન્નાઇ આવ્યા હતા અને ત્યાંથી અમદાવાદ એરપોર્ટ પહોંચતાની સાથે જ ગુપ્તચર બાતમીના આધારે ચારેયની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ ચારેય શખ્સો આઇએસના આતંકવાદીઓ હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. ચારેય શખ્સો શ્રીલંકાના નાગરિકો છે. અમદાવાદ કયાં કારણોસર આવ્યા છે અને ગુજરાત કે ભારતમાં તેના કોઇ સ્લીપર સેલ છે કે કેમ તેની તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદ કે ગુજરાતમાં તેના કોઇ લોકલ સંપર્કો છે કે કેમ તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. ગુજરાત આવવાની સાથોસાથ હથિયારોની કોઇ હેરાફેરી થઇ છે કે કેમ તે દિશામાં પણ ઉંડી તપાસ શરૂ કરવામાં આવી છે.

સુત્રોએ જણાવ્યું છે કે પ્રાથમિક તપાસમાં જ તેઓએ આઇએસ સાથે સંકળાયેલા હોવાનું કબુલી લીધુ છે તે સંબંધી પુરાવા હાથ લાગ્યા છે. ચાર આતંકી ઝડપાતાની સાથે જ એલર્ટની સુચના આપી દેવામાં આવી હતી. અમદાવાદ એરપોર્ટ કેટલાક વખતથી સોનાની દાણચોરી સહિતના કારણોસર ખાસ નજર રાખવામાં આવી જ રહી હતી તેવા સમયે આજે ચાર ત્રાસવાદીઓ ઝડપાતા ખળભળાટ સર્જાયો છે.

મહત્વની વાત એ છે કે આઇપીએલની ત્રણ ટીમો આજે અમદાવાદ પહોંચવાની હતી તેવા સમયે જ ત્રાસવાદીઓ પકડતા તે દિશામાં પણ તપાસનો દૌર શરૂ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં મંગળ, બુધવારે આઇપીએલના બે મેચ રમાવાના છે અને તેમાં સામેલ થનારી ત્રણ ટીમો આજે અમદાવાદ પહોંચવાની છે.

આ સિવાય ગત સપ્તાહમાં અમદાવાદની ૩૬ સ્કુલોને બોમ્બથી ઉડાવી દેવાની ઇ-મેઇલ દ્વારા ધમકી આપવામાં આવી હતી. જોકે તમામ સ્કુલોમાં ચેકીંગ કરવામાં આવ્યા બાદ કંઇ વાંધાજનક કે શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. આ ધમકીના પ્રકરણમાં પકડાયેલા ત્રાસવાદીઓનો હાથ છે કે કેમ તે દિશામાં પણ પુછપરછ કરવામાં આવી રહી છે. ધમકીના કેસમાં પાકિસ્તાનનું કનેકશન ખુલ્યુ હતું તે અત્રે ઉલ્લેખનીય છે. અમદાવાદ સિવાય અગાઉ દિલ્હી અને બેંગ્લોરમાં પણ સ્કુલોને આવા સમાન ધમકીભર્યા ઇ-મેઇલ થયા હતા અને દેશભરમાં ખળભળાટ સર્જાયો હતો. એક પણ શહેરમાં ધમકી મુજબ કંઇ બન્યુ ન હોવાથી સરકારે રાહતનો શ્વાસ લીધો હતો.

---

### મજબૂત આવક અને સ્થિતિને પગલે....

# આરબીઆઈ કેન્દ્ર સરકારની તિજોરીમાં ૧ લાખ કરોડ રૂપિયાનો વધારો કરશે

## આ રકમથી ૬૦,૦૦૦ કરોડનું દેવું ચૂકવવાની સરકારની યોજના

નવી દિલ્હી, તા.૨૦

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તેની મજબૂત આવક અને સ્થિતિને પગલે આ વર્ષે બ્રેક રેકોર્ડ ડિવિડન્ડ જાહેર કરી શકે છે. જેથી

કેન્દ્ર સરકારની તિજોરીમાં જમા ખજાનામાં રૂ. ૧ લાખ કરોડનો વધારો થશે.

ગતસપ્તાહે આરબીઆઈએ જાહેરાત કરી હતી કે, ટ્રેઝરી બીલ્સ મારફત સરકારના દેવામાં રૂ. ૬૦ હજાર કરોડનો ઘટાડો થયો છે. વધુમાં આરબીઆઈ આગામી ઓપરેશનની સફળતાની ખાતરી કરતાં અમુક માપદંડો અમલમાં મુકી રહી છે. જેમાં સરકાર રૂ.૬૦૦૦૦નું બાકી દેવુ ચૂકવવાની યોજના બનાવી રહી છે. બંને પગલાં સરકારના ફંડસમાં વધારો કરશે. જે કેન્દ્ર સરકારની નાણાકીય સ્થિતિમાં સુધારો કરી વિકાસ કાર્યો માટે વધુ ફંડ ઉપલબ્ધ કરાવશે.

આરબીઆઈ સરકારની ડેટ મેનેજર તરીકે સેવા આપે છે. જે મેમાં આ સરપ્લસ ફંડ સરકારની તિજોરીમાં જમા કરાવશે. યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ ઈકોનોમિક એડવાઈઝરે રિસર્ચ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, આરબીઆઈ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કેન્દ્ર સરકારના ખાતામાં રૂ. ૧ લાખ કરોડ સુધીની સરપ્લસ જમા કરશે. ગતવર્ષએ સૌથી વધુ રૂ. ૮૭૪૧૬ કરોડની સરપ્લસ ટ્રાન્સફર કરી હતી.

જયારે આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝના રિસર્ચ હેડ દ્વારા રૂ. ૧.૨ લાખ કરોડનું ડિવિડન્ડ ચૂકવવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. સેન્ટ્રલ બેન્કની બેલેન્સ શીટ, કોર કેપિટલ રેશિયો વધી રહ્યો છે. જેથી ડિવિડન્ડની રકમ પણ વધી છે. યુએસ ફેડ દ્વારા વ્યાજદરોમાં વધારા સંચાલિત ફોરેન એકસચેન્જ એસેટ્સમાંથી મળતાં વ્યાજમાં વૃદ્ધિના કારણે આરબીઆઈની સ્થિતિ વધુ મજબૂત થઈ છે.

---

# દિલ્હીમાં મેટ્રોટ્રેન-સ્ટેશન પર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મારી નાખવાની ધમકી

## આપના સાંસદ, સંજયસિંહે ભાજપ અને મોદી પર નિશાન સાધ્યું



નવીદિલ્હી,તા.૨૦

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જાનથી મારી નાખવાની ધમકી પર પ્રેસ કોન્ફરન્સ કરી. આ દરમિયાન તેમણે ભાજપ અને પીએમ નરેન્દ્ર મોદીની ટીકા કરતા કહ્યું કે જ્યારથી અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવ્યા છે ત્યારથી ભાજપ ગભરાટમાં છે. ભાજપ હવે અરવિંદ કેજરીવાલ પર ઘાતક હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે.

AAPના રાજયસભા સાંસદ સંજય સિંહે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જાનથી મારી નાખવાની ધમકીના મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. સંજય સિંહે કહ્યું કે જ્યારથી અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવ્યા છે, ત્યારથી ભાજપનો ઉત્સાહ વધી ગયો છે. ભાજપ હવે અરવિંદ કેજરીવાલ પર ઘાતક હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. આ ષડયંત્ર સીધુ પીએમઓથી ચલાવવામાં આવી રહ્યું છે. રાજીવ ચોક અને પટેલ નગર મેટ્રો સ્ટેશન પર કેજરીવાલ પર હુમલો કરવાની ધમકીઓ લખવામાં આવી હતી.

તેમણે વધુમાં કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ નફરત અને બદલાની ભાવનામાં એટલા ડૂબી ગયા છે કે તેઓ મુખ્યમંત્રીનો જીવ લેવાનું કાવતરું કરી રહ્યા છે. હું ગવર્નન્સ, એડમિનિસ્ટ્રેશન અને ચૂંટણી પંચને કહેવા માંગુ છું કે જો અરવિંદ કેજરીવાલને કંઈ થશે તો તેના માટે પીએમઓ, ભાજપ અને નરેન્દ્ર મોદી જવાબદાર હશે. પહેલા આ લોકોને ૨૩ દિવસ સુધી જેલમાં ઇન્સ્યુલિન આપવામાં આવતું ન હતું અને હવે આ બધું કરવામાં આવી રહ્યું છે.

AAP સાંસદે કહ્યું કે અંકિત ગોયલે પટેલ નગર અને રાજીવ ચોક મેટ્રો સ્ટેશન પર કેજરીવાલ પર હુમલો કરવાની ધમકી લખી છે. આ ધમકીની ભાષા ભાજપ રોજ બોલે છે તેવી જ છે. જો દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કોઈ અડચણનો સામનો કરવો પડશે તો તેના માટે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીધા જ જવાબદાર રહેશે.

---

### અક્ષયકુમાર, જાહનવી કપુર, સાન્યા મલ્હોત્રા, આરબીઆઈ ગવર્નર સહિતની હસ્તીઓએ કર્યું વોટીંગ

# લોકસભાની ચૂંટણીનાં પાંચમા તબકકામાં ૪૯ બેઠકો પર ઉત્સાહપૂર્ણ મતદાન

## પિયુષ ગોયેલ, રાજનાથસિંહ, સ્મૃતિ ઈરાની, રાહલ ગાંધી, રોહીણી આચાર્ય, ઉમર અબ્દુલ્લા, સૅહિતની દિગ્ગજ હસ્તીઓનું ભાવિ ઈવીએમમાં કેદ: પાંચમા તબકકાની ચૂંટણીમાં કુલ ૬૯૫ ઉમેદવારો મેદાનમાં



નવી દિલ્હી તા.૨૦

લોકસભા ચૂંટણી ૨૦૨૪ ના પાંચમા ચરણની ચૂંટણીનું મતદાન આજ સવારથી શરૂ થઈ ગયુ છે. ૮ રાજયો અને ૨ કેન્દ્ર શાસીત પ્રદેશોની ૪૯ સીટો પર આજે વોટીંગ શરૂ થયુ છે. આ તબકકામાં ઉતર પ્રદેશની ૧૪, મહારાષ્ટ્રની ૧૩, પશ્ચિમ બંગાળની ૭, ઓરિસ્સાની ૫, બિહારની ૫, ઝારખંડની ૩, જમ્મુ-કાશ્મીરની ૧ અને લદાખની ૧ સીટ પર મતદાન થઈ રહ્યું છે.

આજે પાંચમા ચરણમાં બોલિવુડ સહીત વિવિધ ક્ષેત્રની હસ્તીઓએ વોટીંગ કર્યું હતું. અક્ષયકુમાર, જાહનવી કપુર, સાન્યા મલ્હોત્રા સહીતનાએ મતદાન કર્યું હતું.

પાંચમા ચરણમાં અનેક દિગ્ગજોની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે જેમાં રક્ષામંત્રી રાજનાથસિંહ, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, ચિરાગ પાસવાન, રાજીવ પ્રતાપ રૂડી, રોહીણી આચાર્ય, જમ્મુ-કાશ્મીરનાં પૂર્વ સીએમ ઓમર અબ્દુલ્લાહ અને પિયુષ ગોયેલ જેવા અનેક દિગ્ગજો સામેલ છે.

**બોલીવુડની હસ્તીઓએ કર્યું મતદાન:**

આજે મુંબઈમાં મતદાન દરમ્યાન સવારે બોલીવુડની અનેક હસ્તીઓએ મતદાન કર્યું હતું. એકટર અક્ષયકુમાર, અભિનેત્રી જહાનવી કપુર, એકટર ડાયરેકટર ફરહાન અખ્તર, અને ડાયરેકટર ઝોયા અખતરે મતદાન કર્યું હતું.

**રાયબરેલીમાં ભાજપના દિનેશ પ્રતાપસિંહ સામે રાહુલ ગાંધી:**

ઉતરપ્રદેશની હોટસીટ કહેવાતી રાયબરેલીમાં ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપસિંહનો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો મુકાબલો છે.

**વોટ નાખવા આવ્યા ઉજજવલ નિકમ:**

મુંબઈ ઉતર મધ્ય લોકસભા સીટના ભાજપનાં ઉમેદવાર ઉજજવલ નિકમે જણાવ્યું હતું કે પહેલા હું મંદિરે જઈશ પછી વોટીંગ કરીશ.

બીજી બાજુ રામજન્મભૂમિ અયોધ્યામાં ફૈઝાબાદ લોકસભા સીટ પર ભાજપના ઉમેદવાર લલ્લુસિંહે પોતાનો વોટ નાખ્યો હતો.

**હું વિકસીત ભારત જોવા માંગુ છું: અક્ષયકુમાર**

બોલીવુડ એકટર અક્ષયકુમારે મતદાન શરૂ થયાના કેટલાંક સમય બાદ મતદાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે હું વિકસીત ભારત જોવા માંગુ છું.મે આ વાતને ધ્યાને રાખી વોટીંગ કર્યું છે.

કેન્દ્રીય મંત્રી અને મુંબઈ ઉતર લોકસભા સીટ પરથી ભાજપ ઉમેદવાર પીયુષ ગોયલે પણ મતદાન કર્યુ તો દક્ષિણ મુંબઈનાં ઉદ્ધવ બાલ ઠાકરે શિવસેનાનાં ઉમેદવાર અરવિંદ સાવંતે પણ મતદાન કર્યું હતું.

ઉત્તર પ્રદેશનાં પૂર્વ મુખ્યમંત્રી અને બસપા સુપ્રિમોએ લખનૌમાં મતદાન કર્યું હતું.

**પાંચમા ચરણમાં કરોડપતિ ઉમેદવાર:**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં ૨૨૭ કરોડપતિ ઉમેદવારો છે. તેમાં ભાજપનાં ૩૬, કોંગ્રેસનાં ૧૫ અને સમાજવાદી પાર્ટીનાં ૧૦ એવા ઉમેદવારો છે. જેમની સંપતિ કરોડોમાં છે.કેટલાંક ઉમેદવારની સરેરાશ સંપતિ ૩.૫૬ કરોડ રૂપિયા છે.

### બપોર સુધીમાં ૫૦ ટકાથી વધુ મતદાન: લદાખમાં ૧ વાગ્યા સુધીમાં જ ૫૨ ટકા

#### પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ; મહારાષ્ટ્રમાં ઓછું

નવી દિલ્હી, તા.૨૦

આજે લોકસભા-૨૦૨૪ની ચૂંટણીના પાંચમા તબકકાનું મતદાન થયું હતું. દેશના આઠ રાજ્યોમાં અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આજે બપોરે ૧ વાગ્યા સુધીમાં અંદાજે ૫૦ ટકાથી વધુ મતદાન થયું હતું. લદાખમાં ૧ વાગ્યા સુધીમાં ૫૨ ટકા જેટલું મતદાન થયું હતું. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ અને મહારાષ્ટ્રમાં બપોરે ૧ વાગ્યા સુધીમાં સૌથી ઓછું મતદાન થયું હતું.

આ અંગેની વિગત મુજબ દેશમાં આજે લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીમાં પાંચમાં તબકકાનું મતદાન થયું હતું. બપોરે એક વાગ્યા સુધીમાં દેશમાં વિવિધ રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશોમાં બપોરે એક વાગ્યા સુધીમાં ૫૦ ટકાથી વધુ મતદાન થયું હતું.

જેમાં બિહારમાં ૩૪.૬૨ ટકા, કાશ્મીરમાં ૩૪.૭૯ ટકા, ઝારખંડમાં ૪૧.૮૯ ટકા, મહારાષ્ટ્રમાં ૨૭.૭૮ ટકા, ઓરિસ્સામાં ૩૫.૩૧ ટકા, ઉત્તર પ્રદેશમાં ૩૯.૫૫ ટકા, પશ્ચિમ બંગાળમાં ૪૮.૫૫ ટકા, લદાખમાં ૫૨.૦૦ ટકા જેટલું મતદાન બપોરે એક વાગ્યા સુધીમાં થયું હતું.

### ભારતીય નાગરિકતા મેળવ્યા બાદ અક્ષયે પ્રથમ વખત મતદાન કર્યું હતું : વિકસિત ભારત માટે મત આપ્યો



મહારાષ્ટ્રમાં લોકસભાની ૧૩ બેઠકો માટે મતદાન શરૂ થઈ ગયું છે. આ પાંચમા તબક્કાના મતદાનમાં ઘણા બોલિવૂડ સેલેબ્સ પણ મતદાન કરવા પહોંચ્યા હતા. સોમવારે સવારે અભિનેતા અક્ષય કુમાર પોતાનો મત આપવા માટે મુંબઈના ગાંધી ગ્રામ મતદાન મથકે પહોંચ્યો હતો. ભારતીય નાગરિકતા મળ્યા બાદ અભિનેતાએ પ્રથમ વખત પોતાનો મત આપ્યો. મીડિયા સાથે વાત કરતા અક્ષયે કહ્યું કે તેણે વિકસિત ભારતને ધ્યાનમાં રાખીને મતદાન કર્યું છે. અક્ષય સિવાય, જાન્હવી કપૂર, રાજકુમાર રાવ, તબ્બુ, ફરહાન અને જયા અખ્તર સહિત ઘણા સેલેબ્સ પણ મતદાન કરવા માટે મતદાન મથક પર પહોંચ્યા હતા.

---

# અમદાવાદમાં ફલેટમાં પાણી લીકેજ થતા ફલેટ માલીક દલાલને હાઈકોર્ટમાં ઢસડી ગયા

## હાઈકોર્ટે દલાલ, પડોશી અને કોર્પોરેશનને નોટીસ ફટકારી

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના સેટેલાઈટ એરિયામાં પણ એક સોસાયટીમાં પાણીના લિકેજની સમસ્યા હતી. એક મકાનમાલિકને ત્યાં તેના ઉપરના માળેથી પાણી સતત લિક થતું હતું. અનેક વખત ફરિયાદ કરવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવ્યો ન હતો અને એક વખત તો વોટર લિકેજના કારણે શોર્ટ સર્કિટની ઘટના પણ બની હતી. તેનાથી કંટાળીને એક મકાનમાલિક હવે સોસાયટી સામે ગુજરાત હાઈકોર્ટમાં ગયા છે.



અમદાવાદમાં વસ્ત્રાપુર વિસ્તારમાં સેટેલાઈટ કોમ્પ્લેક્સમાં વોટર લિકેજની સમસ્યા છે. તેનાથી ત્રાસીને કિરણ દલાલ નામના ૭૨ વર્ષના મકાન માલિક પોતાની સોસાયટીને હાઈકોર્ટમાં ઢસડી ગયા છે. કિરણ દલાલનું કહેવું છે કે તેઓ જે ફ્લેટમાં રહે છે તેની ઉપરના ફ્લેટમાંથી પાણી લિક થાય છે અને તેનો કોઈ ઉકેલ નથી આવ્યો. હાઈકોર્ટે સોસાયટી, કિરણ દલાલના પડોશી, અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને નોટિસ ફટકારી છે અને આ અંગે ૧૨ જૂને સુનાવણી થશે.

કિરણ દલાલને ત્યાં પાણીના લિકેજની સમસ્યા છે જેનો કોઈ ઉકેલ ન આવવાથી તેઓ હાઈકોર્ટમાં ગયા છે. તેમની પિટિશનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે આરોપ મૂકવામાં આવ્યો છે કે તેઓ નિયમિત પ્રોપર્ટી ટેક્સ ભરે છે અને છતાં એએમસીએ કોઈ પગલાં નથી લીધા.

દલાલે સેટેલાઈટ કોમ્પ્લેક્સમાં એપ્રિલ ૨૦૧૭માં બી-૯૩ નંબરનો ફ્લેટ ખરીદ્યો હતો. ત્યાર બાદ તેમણે આખા એપાર્ટમેન્ટમાં રિનોવેશન શરૂ કર્યું હતું. તેમણે આખા ફ્લેટમાં પીઓપીનું કામ કરાવ્યું ત્યારે પણ તકલીફ પડી હતી જેમાં ઉપરના ફ્લેટમાંથી પાણી લિકેજ થવાના કારણે શોર્ટ સર્કિટ થઈ હતી.

પિટિશનમાં જણાવાયું છે કે પાણીના લિકેજની સમસ્યા એટલી તીવ્ર છે કે પીવીના પાણીમાં અને રસોડાના કિચન પર રાખેલા પ્લેટફોર્મમાં પણ ઉપરના ફ્લેટનું પાણી પડે છે. લગભગ અડધા પ્લેટફોર્મ પર પાણી લિક થઈ રહ્યું છે અને માસ્ટર બેડરૂમ તથા વોરૂમમમાં પણ પાણી લિક થતું હોવાથી આખી દિવાલમાં ભેજ આવ્યો છે અને દિવાલ ખરાબ થઈ ગઈ છે. તેના કારણે ફર્નિચરને નુકસાન થયું છે અને હજુ પણ શોર્ટ સર્કિટ થવાની બીક છે.આ અંગે હાઈકોર્ટે સોસાયટી દલાલના પડોશી, કોર્પોરેશનને નોટીસ ફટકારી છે.

---


### આઈપીએલ-૨૦૨૪

# જીતના નશામાં આરસીબીના પ્લેયર્સ વિવેક ચૂકયા: ધોનીની કરી બેઈજજતી

## હાથ મિલાવવા રાહ જોતા ધોનીની પરવાહ ન કરી: આ બધું કોહલીની હાજરીમાં થયું

નવી દિલ્હી, તા.૨૦

જીત પચાવવી અઘરી છે. ચેન્નાઇ સુપર કિંગ્સ પર જીત બાદ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનું જીતની ઉજવણીમાં ડૂબી જવું સ્વાભાવિક હતું પણ એમએસ ધોનીએ હાથ મિલાવવા માટે રાહ જોવી પડે તે ક્રિકેટ ફેન્સ અને એકસપર્ટસને પણ પસંદ નહોતી આવી.



વિરાટ કોહલીની ટીમ જ્યારે મોડે સુધી ઉત્સવની ઉજવણીમાં ડુબેલી રહી તો રાહ જોતો ધોની ડ્રેસીંગ રૂમ તરફ ચાલ્યો ગયો હતો.

આ ઘટના જો કે પૂર્વ ક્રિકેટરો, કોમેન્ટટેટરોને પણ ગમી નહોતી, સોશિયલ મીડિયા પર વાયરલ વીડીયોમાં જોવા મળે છે કે ધોનીએ આરસીબીના ખેલાડીઓએ રાહ જોઇ જેઓ હાથ મિલાવ્યા વિના ડ્રેસીંગ રૂમમાં જતા પહેલા જીત સેલિબ્રેટ કરતા રહ્યા. બાદમાં વિરાટ કોહલી સ્ટાર સાથે વાત કરવા માટે તેની પાછળ ક્રિક બેઝ પર ચર્ચા દરમિયાન ઇંગ્લેન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન માઇકલ વોર્ન ધોની સાથે હાથ મિલાવવા માટે સમય ન કાઢવા માટે આરસીબીના ખેલાડીઓની કડક ટીકા કરી હતી.

---

### ચૂંટણી આચાર સંહિતા હજૂ અમલી છે ત્યારે


# સૌરાષ્ટ્ર યુનિ.માં અધ્યાપકોની ખાલી જગ્યા ભરવા સ્પેશ્યલાઈઝેશનની માહિતી મંગાવતા વિવાદના લબકારા

## ૪૮ કલાકમાં જ તાબડતોબ વિગતો મોકવા ભવનના વડાને મહેકમ વિભાગ દ્વારા કરમાન થતા ચર્ચાનું બજાર ગરમ

રાજકોટ,તા.૨૦

લોકસભાની ચૂંટણીની આચારસંહિતા હજુ અમલી છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિ.માં અધ્યાપકોની ખાલી જગ્યા ભરવા માટે તાબડ તોબ ભવનોના વડાને પરિપત્ર પાઠવી સ્પેશ્યલાઈઝેશનની માહિતી મહેકમ વિભાગ દ્વારા મંગાવાતા વિવાદનો મધપુડો છંછેડાઈ જવા પામેલ છે.

લોકસભાની ચૂંટણી આચાર સંહિત વચ્ચે મહેકમ અ વિભાગના ઓ.એસ.ડી.એ યુનિના તમામ ભવનોના વડાને આ બાબતે પરિપત્ર પાઠવી ૪૮ કલાકમાં આ માહિતી મોકલી આપવા ફરમાન થતા આ પ્રકરણ યુનિ.કેમ્પસમાં ચર્ચાનું કેન્દ્ર બની જવા પામેલ છે. લોકસભાની ચૂંટણીની આચાર સહિતામાં યુનિ અનુસ્નાનક ભવનમાં અધ્યાપકોની ખાલી પડેલી જગ્યા ભરવા માટે સ્પેશ્યલાઈઝેશનની વિગતો નિયત ફોરમેરમાં સોફ્ર કોપી અને હાર્ડકોપીમાં મોકલી આપવા માટે કરાયેલ ઉતાવળ કેમ તેવો પ્રશ્ન યુનિ.કેમ્પસપર ઉઠવા પામેલ છે.યુનિના



બાયોબાન્સ ગુજરાતી, નેનો સાયન્સ કાયદા ઈલેકટ્રોનિકસ ઈતિહાસ સંસ્કૃત કાયદા બાયો બાન્સ એમ.એસ.ડબલ્યું ગણિત શાસ્ત્ર કોમર્સ સહિતના ભવનોમાં વર્ષ ૨૦૧૯ પણ ૧૯ જેટલી અમોલિયેટ, પ્રોફેસર આસી.પ્રોફેસર તથા આસી પ્રોફેસર નિવૃત થયેલા હોય આ ભવનોમાં અધ્યાપકોની જગ્યા ભરવા સ્પેશ્ય લાઈઝેશનની માહિતી સાથે યાદી મંગાવાતા આ પ્રકરણે ચર્ચા જણાવી દીધી છે.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૪૦-૨૫૯૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૯૦-૨૫૪૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૨૦-૧૭૫૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૭૦-૧૭૦૦ |
| પામોલીયન તેલ | ૧૪૮૫-૧૪૯૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૭૦-૧૭૦૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૬૦-૧૭૦૦ |
| કોપરેલ | ૨૪૩૦-૨૪૮૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૭૭૨૦૦(+૭૦૦) | ૯૫૩૦૦(+૧૮૦૦) |

કેન્સર એટલે કેન્સલ નહીં'

# રાજકોટમાં સૌ પ્રથમવાર ૧૯ થી ૭૦ વર્ષની કેન્સર વોરિયર મહિલાઓએ કર્યુ રેમ્પવોક

## કેન્સર ક્લબ આયોજિત કાર્યક્રમમાં ૮૦ કેન્સર વીરાંગનાઓએ ટ્રેડીશનલ, ઈન્ડોવેસ્ટર્ન અને વેસ્ટર્ન કોસ્ચ્યુમની થીમમાં ફેશનનો જલવો પાથર્યો



રાજકોટ, તા. ૨૦

જ્યારે કોઈપણ વ્યક્તિ કેન્સર થયાનું સાંભળે ત્યારે ચિંતિત બની જાય. કેટલીક વાર હતાશામાં ગરકાવ થઈ જાય. આવી પરિસ્થિતિમાં દર્દીઓને 'કેન્સર એટલે કેન્સલ નહીં'ની પ્રેરણા આપવા રાજકોટમાં સૌ પ્રથમવાર કેન્સર વોરિયર્સના લાભાર્થે ફેશન શો યોજાયો હતો.

સયાજી હોટેલ ખાતે દાતાના સહકારથી કેન્સર ક્લબ દ્વારા આયોજિત આ ફેશન શોનો મુખ્ય ઉદ્દેશ કેન્સર જેવા ગંભીર રોગ અને તેની સારવાર વિશે જાગૃતિ ફેલાવવાનો તથા લોકોમાં કેન્સરગ્રસ્તો માટે હકારાત્મક અભિગમ કેળવવાનો હતો. આ ફેશન શોમાં કેન્સરની સારવાર ચાલી રહી હોય તેવા અને રોગમાંથી સ્વસ્થ થયેલા કુલ ૮૦ વીરાંગના મહિલાઓએ ભાગ લીધો હતો.

જેમાં ૧૯ વર્ષથી ૭૦ વર્ષની સ્ત્રીઓએ ટ્રેડીશનલ,



ઈન્ડોવેસ્ટર્ન અને વેસ્ટર્ન કોસચ્યુમની થીમ આધારિત મક્કમ મનોબળ સાથે રેમ્પ વોક કર્યું હતું.

આ ફેશન શોમાં મહિલાઓના આત્મા સન્માન મા વધારો થયો હતો. ગર્વ સાથે મહિલાઓ એ રેમ્પ વોક કરી પોતાની કાબેલિયત બતાવી હતી. આ મહિલાઓ લોકો માટે પ્રેરણા સ્ત્રોત બની હતી.

આ તકે આયોજક રૂપલબેન કોટક એ જણાવ્યું હતું કે ગુજરાતમાં આયોજિત આ સૌથી મોટા ફેશન શોનો લિમ્કા બૂક ઓફ રેકોર્ડ અને ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડમાં સમાવેશ કરવા માટેની કાર્યવાહી કરાશે. કાર્યક્રમમાં ઝરણાં નામના લેખકના ''કિંત્સુગી ટેલ્સ'' અને (વ્યસન કેન્સર) ''લાઈફ સ્ટોરી'' નામના બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ઉત્પલ દવે અને આર.જે. હિરવાએ કર્યું હતું.

આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, કેન્સર ક્લબના સ્થાપક અશ્વિનભાઈ સોલંકી, ગ્રીવા ફાઉન્ડેશનના સભ્યો, દાતાઓ તેમજ સામાજિક અને ઔદ્યોગિક એકમોના અગ્રણીઓ, સ્વયં સેવકો ઉપસ્થિત રહ્યા હતાં.

# મહાકારૂણી તથાગત ગૌતમ બુધ્ધ ની ૨૫૬૮ મી જન્મ જયંતી મહોત્સવ ઉજવાશે: ભવ્ય ધમ્મ યાત્રા નીકળશે

## બહુજન સાંસ્કૃતીક કાર્યક્રમનું આયોજન: મહારાષ્ટ્રથી ખાસ ઉપસ્થિત રહેલ વકતાગણ માર્ગદર્શન આપશે




રાજકોટ:તા ૨૦

મહાન અશોકની ૨૩ મી જન્મ શતાબ્દી મહોત્સવ અંતગર્ત વિશ્વમાં શાંતી અને સમાનતાના પ્રતિક મહાકારૂણી તથાગત ગૌતમ બુધ્ધ ની ૨૫૬૮ મી જન્મ જયંતી મહોત્સવ - વૈશાખી બુધ્ધ પુર્ણીમા મહોત્સવ-૨૦૨૪નું ભવ્ય આયોજન કરવામા આવેલ છે. જે આયોજન તા. ૨૩-૫-૨૦૨૪ ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ વાગયાથી ભવ્ય ધમ્મ યાત્રા થી વંદનીય ભંતે પ્રજ્ઞારત્ન (થેરો) ના હસ્તે શરૂ કરવામા આવશે.

ધમ્મ યાત્રા ની શરૂઆત ડો. બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા સીવીલ હોસ્પીટલ પાસેથી થશે. અને રાજકોટના રાજ માર્ગો પર ફરી બુધ્ધ વિહાર કણકોટ પાટીયા પાસે પુર્ણ થશે. ધમ્મ યાત્રામાં સૌ ઉપાસકોને સફેદ વસ્ત્રમાં હાજરી આપવાની રહેશે. ત્યારબાદ સાંજે ૫ થી ૮ ધમ્મ દેશના કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં મહાન અશોકના સમતા સ્વતંત્રતા, બંધુતા અને ન્યાય આધારીત ભારતનું નિર્માણ કેવી રીતે શકય છે તેના ઉપર મહારાષ્ટ્રથી ખાસ ઉપસ્થિત રહેલ વકતાગણ માર્ગદર્શન આપશે.ત્યારબાદ રાત્રે ૯:૦૦ કલાકેથી બહુજન સાંસ્કૃતીક કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં બહુજન ગાયક નિતીન શુકલ તથા તેમના સાજીનતા વૃન્દ બહુજન ક્રાંતિ ગીતો ગાશે.

વૈશાખી પુર્ણીમાના દિવસે તથાગત બુધ્ધનો જન્મ લુંબીનીવન નેપાળ ખાતે થયો હતો વૈશાખી પુર્ણીમાં ના દિવસે તથાગત બુધ્ધને બુધ્ધ ગયા બિહાર ખાતે જ્ઞાન પ્રાપ્તી થઈ અને વૈશાખી પુર્ણીમાં ના દિવસે તથાગત બુધ્ધ કુશીનારા ઉતર પ્રદેશ ખાતે મહા પરી નિર્વાણ પામ્યા તેથી વૈશાખી બુધ્ધ પુર્ણીમાને પુરી દુનિયામા ત્રીગુણી પાવન પર્વ ના રૂપમાં મનાવવામા આવે છે. કાર્યક્રમને સફળ બનાવવા વંદનીય ભતે પ્રજ્ઞારત્ન (થેરો) ની આગેવાનીમાં મોહનભાઈ રાખૈયા (પ્રમુખ) રમેશભાઈ મકવાણા, વલ્લભસાગર દેંગડા, જીતેન્દ્ર મહીડા, દિપંકર સુમન, રમેશ ખીમસુરીયા, મોહનભાઈ રાઠોડ, પ્રવિણ ચૌહાણ, હિતેષ રાઠોડ, સંજય પરમાર, અતુલ રાઠોડ, ડો. એન. પી. પરમાર વગેરે કાર્યકર્તાઓ મહેનત કરી રહ્યા છે.

# કાલે લાખાજીરાજ લાયબ્રેરી ખાતે ''વિવિધતામાં એકતા-ભારતની વિશેષતા'' વિચાર ગોષ્ઠીનું આયોજન

રાજકોટ, તા.૨૦

પ્રજાવત્સલ રાજવી પ્રાતઃ સ્મરણીય પરમ પુજ્ય લાખાજીરાજ બાપુએ કંડારેલી કેડી પર ચાલવાના વિનમ્ર પ્રયાસ અંતર્ગત લાખાજીરાજ લાયબ્રેરી ખાતે 'સંવાદ, વિકાસ અને સાંસ્કૃતિક વિવિધતા વિશ્વ દિવસ નિમિત્તે આવતીકાલ તા.૨૧ને મંગળવારે સાંજે ૫:૩૦ કલાકે રાજકોટ ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજનારી વિચાર ગોષ્ઠીમાં ''વિવિધતામાં એકતા-ભારતની વિશેષતા'' વિષય પર વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં કે.એમ. યુનિવર્સિટી, અમદાવાદના કુલપતિ ડો. સુભાષ બ્રહ્મભટ્ટ બીજ વકતવ્ય આપશે. સાહિત્ય અને સંસ્કૃતિ પ્રેમીઓને ઉપસ્થિત રહેવા માટે નિયામક ડો. કલાધર આર્યએ જણાવ્યું છે.

## નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પીટલ શબરી આશ્રમ અને સી.જે. ગ્રુપ રાજકોટ દ્વારા તા.૨૨ને બુધવારે સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી શબરી આશ્રમ, બોમ્બે હાઉસીંગ શેરી નં.૩, ધોળકીયા સ્કુલ સામે યુની. રોડ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો. હિતાર્થ મહેતા, ડો. નિરવ ગણાત્રા, ડો. માધવી વાગડીયા, ડો. રોમલ પદસુંબીયા, ડો. અલ્ફેઝ કુરેશી (જનરલ ચેકઅપ) તેમજ દાંતના ડો. નિતાબેન ટાંક, ફીઝીયોથેરાપીસ્ટ ડો. વૈશાલીબેન મકવાણા (લેબોલેટરી ચેકઅપ) દયાબેન હિરપરા સેવા આપશે.

### રાજકોટ શહેર જિલ્લાના કોંગ્રેસના આગેવાનો સાથે આયોજિત

# સંવાદ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ સાંસદ સભ્ય શકિતસિંહ ગોહિલએ કર્યા ભાજપ પર આકરા પ્રહારો: સ્માર્ટ મીટર મુકીને લોકો પાસેથી ઉઘાડી લૂંટ

## ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર પરેશભાઈ ધાનાણી અને લલીતભાઈ વસોયા સહિત શહેર જિલ્લામાંથી બહોળી સંખ્યામાં કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા



રાજકોટ, તા.૨૦

વિરાણી હાઈસ્કૂલની સામે નાગર બોર્ડિંગ ખાતે રાજકોટ શહેર/ જિલ્લાના કોંગી કાર્યકર મિત્રો આગેવાનો સાથે કન્વીનર જાહેર હિસાબ સમિતિ (સિવિલ), સંસદ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ, પૂર્વ મંત્રી નાણાં શિક્ષણ આરોગ્ય અભિમાન શકિતસિંહ ગોહિલ તેમજ ઈન્ડિયા ગઠબંધનના રાજકોટ લોકસભાના ઉમેદવાર પરેશભાઈ ધાનાણી, પોરબંદર લોકસભાના ઉમેદવાર લલીતભાઈ વસોયાની ઉપસ્થિતિમાં સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં રાજકોટ શહેર અને જિલ્લામાંથી બહોળી સંખ્યામાં પડધરી, ટંકારા, વાકાનેર, કોટડા સાંગાણી, ગોંડલ, લોધીકા, ધોરાજી, ઉપલેટા, ભાયાવદર સહિતના તાલુકા વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ સ્વાગત પ્રવચન પ્રદેશ મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા ઉપસ્થિત દરેકનું સ્વાગત કર્યું હતું. બાદમાં રાજકોટના લોકસભાના ઉમેદવાર પરેશભાઈ ધાનાણીએ સ્વાભિમાનની લડાઈ લડવા હુ આવેલ હતો. રાજકોટ સંસદીય મત વિસ્તારના તમામ વિસ્તારોના કાર્યકર મિત્રોએ જેને તન મન ધનથી કામગીરી કરી તેઓનો આભાર વ્યકત કરેલ હતો.


બાદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ દ્વારા જણાવ્યું કે, આ સરકાર સામે લડનારા અને ચૂંટણીમાં કામગીરી કરનારા કોંગ્રેસના યોદ્ધાઓને લાખ લાખ સલામ કરું છું અને તમામનો આભાર વ્યક્ત કરું છું ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણી આવે એ પહેલા સ્માર્ટ મીટર મૂકવાને બદલે લોકો પાસેથી હાલ મતો લઈ લીધા બાદ હવે સ્માર્ટ મીટર મુકાશે એટલે તેના પર જીબેસટી પ્રજા પર આવશે સ્માર્ટ મિત્રોના નામ લૂંટ ચલાવવી છે..

વધુમાં તેઓએ કહ્યું કે, આ ગ્રાહકનો હિતમાં છે જો ગ્રાહકોના હિતમાં હોય તો ગ્રાહકોને બે ઓપ્શન આપો એક તો જૂના મીટર છે તે જે ગ્રાહકોને રાખવું હોય તે રાખે અને સ્માર્ટ મીટર ફરજિયાત ન બનાવે. વધુમાં ભાજપ સાથે નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં લોકોના કામો થતા નથી. રામના નામે મત તો લઈ લો છો પણ રામરાજ્ય જેવું હતું તેનું અનુકરણ કરે. ભારતીય જનતા પાર્ટી એ ખેડૂત વિરોધી છે તમે ભૂતકાળ જોવો કોંગ્રેસના સરકારમાં સહેજ પણ ખેડૂતને નુકસાન થતું એને પૂરતી સહાયની રકમ તાત્કાલિક મળતી હતી ઝૂંપડંથ તણાયુ હોય તો પાકું મકાન અને બકરી, ગાય, ભેંસ ગઈ હોય તો કોંગ્રેસએ આપ્યું હતું. હાલ કેટલા વાવાઝોડાઓ ગયા પરંતુ ખેડૂતોને પૂરતી સહાય મળતી નથી અને ૧૬ લાખ કરોડ દેવું ઉદ્યોગકારોનું માફ કર્યું છે. આગામી ચૂંટણીમાં તારીખ ૪ જૂન ના રોજ ભારતીય જનતા પાર્ટીની સાન ઠેકાણે ગુજરાતની પ્રજા લાવશે તેમાં શંકાને સ્થાન નથી.

# ગુરૂવારે ગોંડલ સંપ્ર.ના આદ્યસ્થાપક આચાર્ય ભગવંત ડુંગરસિંહ સ્વામીની ૨૦૪ની પુણ્યતિથિ: વંદના

રાજકોટ,તા.૨૦

જૈન દર્શનમાં સમયક જ્ઞાનની વાત હોય કે શ્રદ્ધાની,ચારિત્રની વાત હોય કે તપની દરેક બાબતોમાં ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયના ઉપકારી પૂ.સાધુ - સાધ્વીજીઓનું નામ સૌ ધર્મે પ્રેમીઓના મુખપર પ્રથમ આવે.સમગ્ર ભારતભરમાં કાલાવડ હોય કે કોલકત્તા,ગોંડલ હોય કે ગાંધીનગર,જેતપુર હોય કે જમશેદપુર દરેક ક્ષેત્રોમાં ગોંડલ સંપ્રદાયના પૂ.સાધુ - સાધ્વીજીઓ પગપાળા વિહાર કરી તિન્નાણં - તારયાણં,સ્વ- પરના કલ્યાણાર્થે જિનાજ્ઞા મુજબ વિચરતા - ધર્મ લાભ આપતા દ્રશ્યમાન થાય છે.ગોંડલ સંપ્રદાય વટ વૃક્ષ બન્યો છે.ગોં.સં.ના સાધુ - સાધ્વીજીઓ ગોંડલથી લઈને ગાંધીનગર અરે ! છેક વાઘા બોર્ડર સુધી જૈન ધર્મનો જય જયકાર કર્યો છે તેના બીજ જેઓએ રોપ્યા છે તે મહા પુરુષ એટલે પૂ.ડુંગરસિંહજી મ.સા.આગામી વૈશાખ સુદ પૂનમના રોજ તેઓની ૨૦૪ મી પૂણ્ય તિથી સમગ્ર દેશમાં તપ - ત્યાગ સાથે ઉજવાશે.તો ચાલો...આપણે પણ ઉપકારી પૂ.આચાર્ય ભગવંતના જીવનમાં ડોકીયું કરી પાવન બનીએ. વિ.સં.૧૭૯૨ માં માંગરોળની પાવન ભૂમિ ઉપર સંસ્કાર સંપન્ના રત્નકુક્ષિણી માતા હીરબાઈ તથા ધર્મ નિષ્ઠ પ્રેમાળ પિતા કમળસિંહભાઈ બદાણી પરીવારના ખાનદાન ખોરડે કોહીનૂર અને કમળ જેવા એક ભૂલકાનું અવતરણ થયું. માતાએ સ્વપનમાં લીલોછમ પર્વત સાથે કેસરી સિંહને નજદીક આવતા નિહાળેલ તેથી જન્મ થનાર બાલૂડાનું નામ '' ડુંગરસિંહ '' રાખ્યું. ચાર - ચાર બહેન અને બે ભાઈઓ સહિતના વિશાળ પરીવારમા આ બાળકનો લાડકોડથી ઉછેર થયો.




બદાણી પરીવાર એટલે પૂ.સાધુ - સંતોની સેવા - વૈયાવચ્ચ અને સદા ચતુર્વિધ સંઘની ખેવના કરનારો પરીવાર.નિત્ય જિનવાણીનું શ્રવણ કરનારો આ બદાણી પરીવાર.એક વખત પરીવાર સાથે યુવાન ડુંગરસિંહ પણ ગયાં. જિન શાસનના અણમોલ રત્ન સમાન પૂ.ગુરુદેવ રત્નચંદ્રજી મ.સા. ''માનવ ભવની પ્રત્યેક ક્ષણ અમૂલ્ય છે,સંસારમાં રહીને દૂર્લભ ભવને વેડફશો નહીં.'' વૈરાગ્ય સભર પ્રવચન સાંભળી આ યુવાનમાં [illegible]ગ પોંઈટ આવ્યો.મનોમન નક્કી કર્યું કે બસ...હવે આ સંસારમાં રહેવું જ નથી.માવિત્રો તેમજ પરીવારની સવિનય અનુજ્ઞા પ્રાપ્ત કરી વિ.સં.૧૮૧૫ કારતક વદ દશમના દિવ બંદરની દિવ્ય ભૂમિ ઉપર પૂ.રત્નચંદ્રજી મ.સા. પાસે ભર યુવાન વયે સંયમ ધર્મનો સ્વીકાર કરી બીજો મનોરથ પૂર્ણ કર્યો.ડુંગરસિંહમાથી નૂતન દીક્ષિત પૂ.ડુંગરસિંહજી મ.સા.ઘોષિત થયા. પૂ.ડુંગરસિંહજી મ.સા.ના પગલે - પગલે તેઓના માતુશ્રી હીરબાઈ,બહેન વેલબાઈ, ભાણેજ હીરાચંદભાઈ,ભાણેજી માનકુંવરબહેને જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી ગોંડલ સંપ્રદાય એવમ્ જિન શાસનમાં ડંકો વગાડી દિધો અને પૂ.ડુંગરસિંહજી મ.સાહેબે તિન્નાણં - તારયાણં અર્થાત પોતે સંસાર સાગરમાથી તર્યા અને અન્યોને પણ તાર્યા સૂત્રને તેઓશ્રીએ ચરિતાર્થ કર્યુ.પૂ.ડુંગરસિંહજી મ.સા.કહેતા કે સાધુ બન્યા પછી સાધના જ કરવાની હોય...મન ને શૂન્ય થવું એ મૌન અને જેનું મન શૂન્ય થાય તે મુનિ....મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે પૂ.ડુંગરસિંહજી મ.સાહેબે સતત સાડા પાંચ વર્ષ સુધી નિદ્રાનો ત્યાગ કરી તત્વ જ્ઞાનનો ગહન અભ્યાસ કર્યો.તેઓ કહેતા કે સાધુ બન્યા પછી તપ અને સાધના જ કરવાની હોય.

વૈશાખ સુદ પૂનમ ના ચત્તારી શરણં પવજ્જામિના ભાવ સાથે સમાધિભાવમાં લીન થઈ પંડિત મરણને પ્રાપ્ત કરી દેવલોક તરફ પ્રયાણ કર્યુ. તેઓએ ૮૪ વર્ષની ઉંમરમાં છ દાયકા ઉપરાંત સંયમ જીવનનું રૂડી રીતે પાલન કરી ૩૨ વર્ષ આચાર્ય પદને દીપાવી ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયની ગરીમા અને ગૌરવ વધારી સ્વ - પરના કલ્યાણ સાથે જિન શાસનનું નામ ઉજ્જવલ કર્યું.

આચાર્ય ભગવંત પૂ.ડુંગરસિંહજી મ.સા.ની ૨૦૪ મી પૂણ્ય તિથી ગોંડલ સહિત ભારતભરમાં તપ - ત્યાગ પૂર્વક અનંત ઉપકારી આચાર્ય ભગવંતના ગુણોના સ્મરણ સાથે ઉજવવામાં આવશે તેમ મનોજ ડેલીવાળા( મો.૯૮૨૪૧ ૧૪૪૩૯) એ જણાવ્યું છે.

## ઓર્થોપેડિક ડોકટરોની રાહતદરે સેવા

રાજકોટ,તા.૨૦

શ્રી લોહાણા સેવામંડળ ટ્રસ્ટ કનકરોડ, એસ.ટી.સ્ટેશનની પાછળ શ્રી કૃષ્ણ ચિકિત્સાલય ખાતે ઓર્થોપેડીક નિષ્ણાંત ડો.એમ.પી.રાજા દર સોમ,બુધ, ગુરૂ, શનિવારે તેમજ ડો.હિરેનભાઈ કોઠારી દર મંગળ તથા શુક્રવારે સવારે ૯ થી ૧૦ રાહતદરે સેવા આપશે.

# રાજયકક્ષાએ સ્પેશિયલ ખેલ મહાકુંભ ૨.૦ એથ્લેટિકસમાં દિવ્યાંગો ઝળહળ્યા

## દિવ્યાંગાએ વિવિધ રમતમાં ૨ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવી રાજકોટનું ગૌરવ વધાર્યુ

રાજકોટ તા.૨૦

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ૨.૦માં ઓ.એચ. દિવ્યાંગ કેટેગરીની રાજ્યકક્ષાની એથ્લેટીક સ્પર્ધાનું તા.૧૩થી ૧૬ મેના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ મરીડા ભાગોળ, નડીયાદ ખાતે આયોજન કરાયું હતું.

સોશિયલ ખેલ મહાકુંભ ૨.૦ એથ્લેટીકસ સ્પર્ધામાં યુનીક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટના દિવ્યાંગોએ ૭ મેડલ સાથે જીત મેળવીને રાજકોટનું ગૌરવ વધારેલ છે. જેમાં નીલેશભાઈ રાઠોડ દિવ્યાંગ કેટેગરી બી લાંબીકુદ ૩૫ વર્ષ ઉમરની આ રમતમાં બ્રોન્ઝ પ્રાપ્ત કર્યો. કેટેગરી સીમાં રામ બાંભવાએ ૧૬થી ૩૫ વર્ષ ઉમરની કેટેગરી ગોળાફેંક રમતમાં ગોલ્ડ અને ભાલા ફેંકમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. કેટેગરી બીમાં મૈત્રા હેતલબેન ચક્ર ફેંકમાં સિલ્વર મેડળ અને ભાલા ફેંક રમતમાં બ્રોન્ઝ મેડલ કેટેગરી ડી મહિલાઓમાં સોનલ વસોયાએ ૩૫થી ઉપરની ઉંમરની કેટેગરીમાં ગોલ્ડ મેડલ તેમજ મનીષાબેન ખખ્ખરે ૧૬થી ૩૫ ઉંમરની ચક્ર ફેંકમાં રમતમાં બ્રોન્ઝ સાથે દિવ્યાંગોએ આ રમતમાં કુલ ૭ મેડલ હાંસલ કર્યા છે.

## માનસિક રોગોની રાહતદરે સારવાર

રાજકોટ,તા.૨૦

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રી કૃષ્ણ ચિકિત્સાલય કનકરોડ એસ.ટી.સ્ટેશન પાછળ માનસિક રોગોની સારવાર રાહતદરે મળશે જેમાં સાયકોલોજીસ્ટ નમ્રતા ખેતાણી દર મંગળવારે તથા શુક્રવારે સાંજે ૫ થી ૬ દરમિયાન સેવા આપશે.

# મીનાબેન કુંડલીયા મહિલા કોલેજના જીસીએએસનાં હેલ્પ સેન્ટરની મુલાકાત લેતા કુલપતિ નિલાંબરીબેન

## પ્રવેશ પદ્ધતિ અંગે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરૂ પડાયું




રાજકોટ,તા.૨૦

રણછોડદાસજી બાપુ મહિલા હોમ સાયન્સ કોલેજ સ્વ.મીનાબેન જયંતિલાલ કુંડલીયા ઈંગ્લિશ મીડિયમ મહિલા કોમર્સ એન્ડ બી.બી.એ.કોલેજ ખાતે ચાલતા જીસીએએસના હેલ્પ સેન્ટરની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના વાઈસ ચાન્સેલર પ્રો.ડો. નિલાંબરીબેન દવે તેમજ એકેડેમિક વિભાગના હેડ સી.એમ.કાનાબારએ મુલાકાત લીધેલ હતી.આ પ્રસંગે કોલેજના ટ્રસ્ટીમંડળ વતી ડો.અર્જુનસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે વાઈસ ચાન્સેલરને પુષ્પગુચ્છ વડે આવકાર્યા હતા.આ પ્રસંગે કોલેજના કેમ્પસ ડાયરેકટર અમિતકુમાર જોશી તેમજ પ્રા.ડો. આશિષ મકવાણા, પ્રા.ડો.મનીષ રાવલ, પ્રા.ડો.દિપક રાઠોડ, પ્રા.ડો.ધારા જેઠવા, પ્રા.ડો.ગીતાબેન વાઘેલા, કૃતિબેન રાવલ, નમ્રતાબેન પાટડીયા તેમજ વહીવટી સ્ટાફ મયુરભાઈ પંડિત, વિવેકભાઈ ડાંગરેચીયા, આશિષભાઈ સોજીત્રા તેમજ ઉપસ્થિત પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીની બહેનો વચ્ચે પ્રો. ડો. નિલાંબરીબેન દવે એ મુલાકાત લીધેલ હતી તેમજ જીસીએએસ પ્રવેશ પદ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું તેમજ સુચારૂ વ્યવસ્થાને બીરદાવેલ હતી.

# સાસીયા ગામે દશામાનો ૧૬ માં પાટોત્સવની ભવ્ય ઉજવણી: ૨૦ હજારથી વધુ પ્રસાદનો લાભ લેશે

## સતરંગ જગ્યાના મહંત શ્રી હરિદાસ બાપુ કાળાસર જગ્યા વાલજી ભગત ઉપસ્થિત રહશે



રાજકોટ, તા.૨૦

રાજકોટ તાલુકાના સાસીયા ગામે દશામાનો ૧૬ મો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ૨૫ વર્ષથી દશામાનું મંદિર આવેલ છે. દશામાના મંદિરે હજારો અને લાખો લોકો માનતા કરવા માટે આવે છે. દશામાના મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. દર વર્ષે દશામાના હવન વિધિ, નેજા વિધિ, ભજન, ભોજન અને રાત્રે દશામાના ભવ્ય લોકડાયરો રાખવામાં આવે છે. ગાયત્રીબેન ધાનધણીયા અને એની ટીમ રાત્રે ભજન અને રાસ ગરબાની રમઝટ બોલાવશે અને આયા સમસ્ત સાસીયા ગામ દ્વારા ૨૦ થી ૨૫ હજાર લોકો દશામાનો પ્રસાદ લેશે. અહીંયા મોટી સંખ્યામાં સાધુ સંતો અને મહંતો આજના પાવન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સતરંગ જગ્યાના મહંત શ્રી હરિદાસ બાપુ કાળાસર જગ્યા વાલજી ભગત અને આજુબાજુના દશામાના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દશામાના દર્શન કરવા માટે ગુજરાત ઘરમાંથી લોકો સાસીયા ગામે દર્શન કરવા માટે આવે છે.

# બુધ્ધપુર્ણિમાં નિમિતે ઓશો ધ્યાન મંદિરનો ૩૯માં વર્ષમાં પ્રવેશ

## ગુરૂવારે ઓશો ધ્યાન શિબિર હૃદયાંજલી પુષ્પાંજલી, સંતવાણી ઉત્સવનું આયોજન

રાજકોટ,તા.૨૦

બુદ્ધપુર્ણિમાં ગુરૂવારે ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરના ૩૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે નિઃશુલ્ક ઓશો ધ્યાન શિબિર હૃદયાંજલી પુષ્પાંજલી સંન્યાસ ઉત્સવ સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉત્સવમાં જગદીશભાઈ રાઠોડ (સ્વામી જગદીશ ભારતી) સંચાલક સ્વામી સત્ય પ્રકાશ અને કેતનભાઈ (અન્નુ) જે.રાઠોડની પ્રથમ વાર્ષીક નિર્વાણતીથી નિમિતે હૃદયાંજલી પુષ્પાંજલી ઉત્સવ ઉજવાશે જેમાં સાંજના ૪ થી ૮ દરમિયાન ગુરૂવંદના, ઓશોના વિવિધ ધ્યાન પ્રયોગો, ઓશો વિડિયો દર્શન, ઓશો કીર્તન તેમજ હૃદયાંજલી પુષ્પાંજલી, સંધ્યા ધ્યાન બાદ રાત્રે ૮ વાગ્યે મહાપ્રસાદનું આયોજન તેમજ મહાપ્રસાદ પછી રાત્રે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન બકુલભાઈ ટીલાવત (સ્વામી આનંદ તીર્થ) તથા સાથી કલાકારો દ્વારા સંતવાણીનું રસપાન કરાવશે.

**પરિચય**



- ★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- ★ પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
- ★ વાસ્તુ : પાવર ઓફ ડાઇરેક્શન એક્સપર્ટ.
- ★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- ★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- ★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- ★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- ★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

## અઠવાડિક રાશિ ભવિષ્ય

**તારીખ :- ૨૦/૫/૨૦૨૪ થી ૨૬/૫/૨૦૨૪**

**સનતકુમાર વી. પોપટ : (પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ,સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર) (મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૯**

ૐ સોમવાર થી રવિવાર ૐ

### મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનનો સ્વામી ચંદ્રછઠ્ઠા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. માતાની તબિયત અંગે ચિંતા ઉદભવી શકે, દોડધામ, ખર્ચ તથા યોગ્ય કાળજી દ્વારા પ્રશ્ન ઉકેલી શકાય. અહી ગ્રહણ યોગની અસર હરીફો સાથે સાવધાનીથી કામ લેવાનું સૂચન કરે છે. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર બુધ સાથે પ્રતિયુતિમાં આવશે. જાહેરજીવનમાં ઓળખાણ સંપર્કમાં વધારો થઈ શકે. વ્યક્તિત્વનો વિકાસ થાય. વકૃત્વ ક્ષમતામાં વધારો થાય. બુદ્ધિગમ્ય દલીલો અથવા યોજના દ્વારા સફળતા પ્રાપ્તિનો માર્ગ મોકળો બનતો જણાય. સપ્તાહના મધ્યભાગમાં વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર શનિની દ્રષ્ટિમાં આવશે. વાહન ચલાવવામાં ખૂબ જ કાળજી રાખવી ઇચ્છનીય ગણાશે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથી થશે. જે ભાગ્ય ઉન્નતિ માટે સહાયક સિદ્ધ થશે. વૃષભ રાશિમાં શુક્રનું ભ્રમણ આર્થિક ચિંતા હળવી બનાવશે.

### વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર પાંચમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. ભાઈભાંડુઓને લગતી સમસ્યાઓનું નિરાકરણ પ્રાપ્ત થતાં મન હળવું બને. અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન હોવાથી આર્થિક વ્યવહારો ખૂબ જ સમજપૂર્વક કરવા જરૂરી બનશે. પ્રણય પ્રસંગોમાં સાવચેતી અનિવાર્ય બને. સંતાનો સાથે વિવાદ નિવારવો. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર આપની રાશિ કુંડળીમાં છઠ્ઠા સ્થાન પરથી પસાર થશે. મોસાળ પક્ષને ઉપયોગી નીવડી શકો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાનમાં શનિની દ્રષ્ટિમાં રહીને થશે. અહીં વિષયોગની અસર ઉત્પન્ન થતાં દાંપત્યજીવનમાં ગેરસમજ નિવારવી. જીવનસાથી સાથે કડવાશ યુક્ત ભાષાનો ઉપયોગ કરવો નહીં. સપ્તાહના અંત ભાગમાં આઠમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર આકસ્મિક લાભ અપાવી શકશે. સ્વગૃહી રાશિપતિ શુક્રનું ભ્રમણ વ્યકિતત્વમાં પ્રભાવશાળી પણું વિકસાવશે.

### મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો અધિપતિ ચંદ્ર ચોથા સ્થાનમાં રહેલા કેતુ પરથી પસાર થઇ રહ્યો છે. અહીં મિલકતના વિવાદિત સૌદાઓથી દૂર રહેવું આવશ્યક બનશે. માનસિક સ્વાસ્થ્ય બાબતે ખૂબ જ કાળજી રાખવી ઇચ્છનીય ગણાશે. કોઈપણ પ્રકારની વાયરલ સમસ્યાઓને બેદરકારી પૂર્ણ લેવી નહીં. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. અહીં બુધ સાથે ચંદ્રની પ્રત્યુતિ શુભ પુરવાર થઈ શકે. આકસ્મિક નાણાકીય લાભ પ્રાપ્ત કરી શકો. સંતાનો દ્વારા સહકાર પ્રાપ્ત થઈ શકે. વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર શનિની દ્રષ્ટિમાં રહીને વિષયોગ રચશે. અહીં મોસાળ પક્ષ સાથેના વ્યવહારો સ્પષ્ટતાપૂર્વકના રાખવા. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે. જીવન સાથી દ્વારા આર્થિક સહકાર પ્રાપ્ત થઈ શકે. જાહેરજીવનમાં પ્રતિષ્ઠામાં વધારો પ્રાપ્ત કરી શકો.

### કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાંરાશિપતિચંદ્રત્રીજા સ્થાન પરથી પસાર થઇ રહ્યોછે. સ્ટેમિના તથા કાર્યક્ષમતામાં વધારો થતો અનુભવી શકો. અહી અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન ગ્રહણ યોગની અસર ઉત્પન્ન કરે છે. પાડોશીઓ સાથે સૌજન્યપૂર્ણ વર્તન રાખવુંઇચ્છનીય ગણાય. એગ્રીમેન્ટના કાર્યો સમજપૂર્વક આગળ વધારવા. કોઈપણ ડોક્યુમેન્ટમાં સહી કરતા પૂર્વે ઉતાવળ કરવી નહીં. મિત્રોને આપેલાં નાણાં પરત પ્રાપ્ત કરવામાં મુશ્કેલી અનુભવી શકો. ચોથા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર બુધ સાથે પ્રતિયુતિમાં આવતા ઘર મકાનને લગતા રીનોવેશન કે રંગકામના અધૂરા રહેલા કાર્યો આગળ વધારી શકો. પાંચમા સ્થાનમાં શનિની દ્રષ્ટિમાં રહીને ચંદ્ર પસાર થતાં સપ્તાહના મધ્યભાગમાં શેરબજાર તથા જોખમપૂર્ણ વ્યવહારોમાં નાણાં રોકતા પૂર્વે સાવધાની વર્તવી. સપ્તાહના અંત ભાગમાં છઠ્ઠા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર સ્વાસ્થ્યના પ્રશ્નોમાં રાહત અપાવી શકે.

### સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર બીજા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. અહી અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન ગ્રહણ યોગની અસર ઉત્પન્ન કરે છે. જેથી નાણાકીય ખર્ચ ઉપર નિયંત્રણ રાખવું જરૂરી બને. આકસ્મિક ખર્ચાઓ આવી જતા આર્થિક આયોજન ખોરવાઇ શકે છે. ત્રીજા સ્થાન પરથી પસાર થનાર ચંદ્ર બુધ સાથે પ્રતિયુતિમાં આવશે. પરિવાર સાથે હળવાશભર્યો સમય વિતાવી શકો. કર્મક્ષેત્રનો વિકાસ કરી શકો. દૂરના સ્થળે વ્યાપાર વિકસાવવામાં મદદ મળતાં નાણાકીય આવકમાં વૃદ્ધિ અનુભવી શકાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાનમાં શનિની દ્રષ્ટિમાં રહીને થશે. અહીં વિષયોગની અસર ઉત્પન્ન થતાં માનસિક મનોભાર અનુભવી શકાય. યોગ્ય આયોજન પૂર્વક આગળ વધવું ઇચ્છનીય બને.સપ્તાહના અંત ભાગમાં પાંચમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર શુભ અસર ઉત્પન્ન કરશે. શેરબજારમાં ભૂતકાળમાં રોકેલા નાણા ઉચિતવળતર સાથે છૂટા પડે.

### કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં લાભ સ્થાનનો સ્વામી ચંદ્ર આપની રાશિ પરથી પસાર થઇ રહ્યો છે. નવા વિચારોતથાયોજનાઓ અમલમાં મૂકી શકાય. પરંતુ અહી અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન ગ્રહણ યોગની અસર ઉત્પન્ન કરે છે. કોઈ એક કાર્ય પર વધુ પડતું ચિંતન કરીને મનોભાર ઉત્પન્ન કરવો નહીં. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર બુધ સાથે પ્રતિયોગમાં આવતા વકૃત્વ ક્ષમતામાં વધારો થઈ શકે. વાણીના યોગ્ય ઉપયોગ દ્વારા કાર્ય પાર પાડી શકો. કર્મક્ષેત્રે પ્રગતિ પામવા માટે પરિશ્રમમાં વધારો કરી શકો. પ્રારબ્ધની મદદ મળતી જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ શનિની દ્રષ્ટિમાં રહીને થશે. અહીં વિષયોગની અસર કોઈપણ ડોક્યુમેન્ટમાં સહી કરતા પૂર્વે સાવધાની રાખવાનું સૂચવે છે. મુસાફરી યાત્રામાં પૂરતી સાવચેતી રાખવી. સપ્તાહના અંત ભાગમાં ચોથા સ્થાનનો ચંદ્ર મિલકતના કાર્યો પૂર્ણ બનાવીશકે.

### તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં દશમા સ્થાનનો સ્વામી ચંદ્ર બારમા સ્થાન પરથી પસાર થઈરહ્યો છે. અહી અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન ગ્રહણ યોગની અસર ઉત્પન્ન કરે છે. વ્યવસાયિક ક્ષેત્રે કોઈ વિઘ્ન અનુભવી શકો. વિકાસના કાર્યોને બ્રેક લાગતી જણાય શકે છે. ગણતરી મુજબના કાર્યો સંપન્ન બનતાં જણાય નહીં. માટે કોઈ પણ કાર્યમાં ઉતાવળ કે વધુ પડતું સાહસ કરવાથી થોડો સમય દૂર રહેવું. પ્રથમ સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર બુધ સાથે પ્રતિયોગમાં આવતા વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાનમાં શનિની દ્રષ્ટિમાં રહીને થતાં વાણી સ્થાન દૂષિત બનશે. બોલવા ચાલવામાં સંયમ રાખવો અનિવાર્ય બનશે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. લાભકારક સૌદાઓ કે વ્યવહારોની તક પ્રાપ્ત કરી શકો. રાશિપતિ શુક્ર સ્વગૃહી બળવાન હોતા મનોબળ મજબૂત બનતું જણાય.

### વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાંનવમા સ્થાનનો સ્વામી ચંદ્ર અગિયારમાં સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. અહીં ભાગ્ય ઉન્નતીને લગતી કોઇ તક પ્રાપ્ત કરી શકો. વ્યવસાય કે સર્વિસમાં પ્રગતિ તથા પ્રમોશન માટેના પ્રયત્નો સફળ બનતાં જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પરથીથશે. અહીં ચંદ્ર તથા બુધનો પ્રતિયોગભૌતિક સગવડમાં વધારો અપાવી શકે છે. પરિવાર સાથે આનંદદાયક સમય વિતાવી શકો.વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર આપની રાશિમાં વિષયોગની અસર ઉત્પન્ન કરશે. બિનજરૂરી મનોભાર કે માનસિક તણાવ લેવાથી દૂર રહેવું. મિત્રતાને ભાગીદારીમાં ફેરવવા માગતા જાતકોએ થોડો સમય પૂરતું મુલતવી રાખવું ઇચ્છનીય ગણાશે. જાહેર જીવનમાં દરેક લોકો પર વધુ પડતો વિશ્વાસ કરીને આગળ વધવું નહીં. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ધન સ્થાન પરથી થશે. આવકમાં વૃદ્ધિ મળતી જણાય.

### ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનનો અધિપતિ ચંદ્ર દશમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. અહી અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન ગ્રહણ યોગની અસર ઉત્પન્ન કરે છે. વ્યવસાયિક પ્રતિષ્ઠા સાચવવા પરિશ્રમની આવશ્યકતા રહે. વિલ વારસાના પ્રશ્નોમાં સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ રહે. અગિયારમાં સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર બુધ સાથે પ્રતિયોગમાં આવશે. મિત્રો સહેલીથી સાથ સહકાર પ્રાપ્ત કરી શકાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાનમાં શનિની દ્રષ્ટિમાં રહીને થતા બારમું સ્થાન વિષયોગની અસરથી દુષિત બનશે. કોઈના વાદ વિવાદોમાં મધ્યસ્થી બનવાથી દૂર રહેવું. દાંપત્ય જીવનમાં કોઈ પણ નાની બાબતને વિવાદનું સ્વરૂપ આપવાથી બચવું. કર્મક્ષેત્રે વધુ પડતા જોખમયુક્ત નિર્ણય લેવા નહીં. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આપની રાશિ પરથી થશે. માનસિક શાંતિ પ્રાપ્ત કરી શકો. કર્મક્ષેત્રે પ્રગતિ માટે આગળની યોજનાઓ ઘડી શકવામાં અન્ય લોકોનો સહકાર પ્રાપ્ત કરી શકાય.

### મકર રાશિ (ખ, જ)

મકર રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર નવમા સ્થાન પરથી પસાર થઈ રહ્યો છે. અહી અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન ગ્રહણ યોગની અસર ઉત્પન્ન કરે છે. દાંપત્યજીવનમાં ગેરસમજ ન થાય તે માટે જીવનસાથી સાથે સ્પષ્ટતાપૂર્વક વર્તવું. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર બુધ સાથે પ્રતિયોગમાં આવતા વ્યાવસાયિક મિલકતોના ફાયદાકારક વ્યવહારો પૂર્ણ બનાવી શકો છો.સર્વિસમાં કોઈ ઉત્તમ કાર્ય પૂર્ણ બનાવીને ઇમેજમાં વધારો કરી શકો. વ્યાપાર ક્ષેત્રે પ્રગતિ માટે નવી તકો તથા નવી ઓળખાણો ઉપયોગી નીવડી શકે.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાનમાં શનિની દ્રષ્ટિમાં રહીને થતા વિષયોગની અસર આપને મિત્રો સાથેના વ્યવહારો સાવચેતીપૂર્વક કરવા સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં સપ્તમેશ ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પરથી થશે. ધર્મ તથા પરોપકારના કાર્યમાં યોગદાન આપી શકાય. જાહેરજીવનમાં બોલવા-ચાલવામાં સંયમ રાખવો.

### કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોએ નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી ચંદ્ર આઠમા સ્થાન પરથી પસાર થઇને વિપરિત રાજયોગ રચી રહ્યો છે. અહીં હરિફો પ્રતિસ્પર્ધીઓથી વિજય પ્રાપ્ત કરીને આગળ રહી શકો. મોસાળ પક્ષ સાથે મિલન-મુલાકાત ફળદાયી નિવડી શકે. સંતાનોના પ્રશ્નોનો ઉકેલ પામવાથી મન હળવું બને. અહી અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન ગ્રહણ યોગની અસર ઉત્પન્ન કરે છે. કોઈપણ જગ્યાએ નાણાંકીય રોકાણ કરતાં પહેલાં નિષ્ણાંતોની સલાહ અવશ્ય લેવી ઇચ્છનીય બને. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર બુધ સાથે પ્રતિયોગમાં આવતા નાની મુસાફરી તથા યાત્રા ફળદાયી નિવડી શકે. ભાઇભાંડુઓ સાથે હળવાશપૂર્વકનો સમય માણી શકો. સપ્તાહના મધ્યભાગમાં દશમા સ્થાનમાં શનિની દ્રષ્ટિમાં રહીને ચંદ્ર પસાર થતાં વ્યવસાયિક ક્ષેત્રે સમજપૂર્વક નિર્ણય લેવા ઇચ્છનીય ગણાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમાં સ્થાનપરથી થશે. અટકેલા નાણાંની ઉઘરાણીનો પ્રાપ્ત થતાં નાણાકીય લિકવિડીટીમેળવી શકો.

### મીન રાશિ (દ, ચ)

મીન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર સાતમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. અહી ચંદ્ર કેતુ કોમ્બિનેશન ગ્રહણ યોગની અસર ઉત્પન્ન કરે છે. ભાગીદારો સાથે મનમેળ જળવાય રહે તે માટેના પ્રયત્નો આવશ્યક બને. ચંદ્રનું ભ્રમણ આઠમા સ્થાન પરથી થતા બુધ તથા ચંદ્રનો પ્રતિયોગ રચાશે. વિલ વારસા તથા હક હિસ્સાજેવી બાબતો માટે શુભ ફળ પ્રાપ્ત કરી શકો. મિલકતને લગતા ડોકયુમેન્ટ્સના કાર્યો આગળ વધારી શકો. વ્યવહારિક કાર્યોમાં જ્યાં મધ્યસ્થી બનવાનો અવસર આવે ત્યાં આપની સહાયથી કાર્ય સફળતા તરફ આગળ વધી શકે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ શનિની દ્રષ્ટિમાં રહીને થશે. ધાર્મિક તથા માંગલિક પ્રસંગોના કાર્યોમાં બેદરકારી રાખવી નહીં. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમાસ્થાન પરથી થશેકર્મક્ષેત્રે વિકાસની તક પ્રાપ્ત કરી શકશો. સર્વિસમાં પ્રમોશનના ચાન્સ ઉજળા બનતાં જણાય.

* * *

ગોંડલના દાસી જીવણ પાર્ટી પ્લોટમાં રામકથાના પ્રારંભમાં હજારો ભાવિકો ઉમટી પડ્યા

# વિશ્વના પ્રાણીમાત્રનું જીવનદર્શન રામાયણમાં છેઃ પૂ.મોરારીબાપુ

**ગોંડલમાં પૂ.લોહલંગરિબાપુની ચૈતન્ય સમાધિ છે, આ ભૂમિ પ્રગટ-અપ્રગટ ચેતનાઓથી ભરેલી પાવન ભૂમિ છે**

**રામચરિતમાનસનો સાર રામ છે, તે વેદમય છે, બ્રહ્મમય છે, રામકથામાં આત્માની કલા રહેલી છે**

**હું અહીં જ્ઞાનના ઓરડા સાફ કરવા અને પોતા મારવા આવ્યો છું, ગોંડલની કથા કર્ણોત્સવ છે, વર્ણોત્સવ છે**

**રામકથા બ્રહ્મ છે, તુલસીદાસજીની રામકથા અરણી મંથન છે, રામકથાની કોઇ સીમા નથી તે અનંત છે**





(તસ્વીર : પીન્ટુ ભોજાણી)





(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ તા. ૨૦

ગોંડલનાં દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે આજથી રામાયણી પુ.મોરારીબાપુ ની રામકથા નો પ્રારંભ કરાયો હતો.કથાનાં પ્રથમ દીવસે જ ૨૫ હજાર ની ક્ષમતા સાથેનો ડોમ શ્રોતાઓ થી ભરચક બન્યો હતો.

મોરારીબાપુ એ કથાનાં પ્રારંભ માં આયોજક વડવાળી જગ્યા લોહલંગધામ અંગે કહ્યુ કે અહી પુ.લોહલંગરીબાપુ ની ચૈતન્ય સમાધી છે.ગોંડલ ની ભુમી પ્રગટ અપ્રગટ ચેતનાઓ થી ભરેલી પાવન ભુમી છે.સિધ્ધપુરુષો ની ભુમી છે.આ સાથે મોરારીબાપુ એ વ્યાસપીઠ પર થી ગોંડલ નરેશ સર ભગવતસિહ ને યાદ કરી રાજતંત્ર માં મોટું લોકતંત્ર કામ કરતું હતુ.તેવું કહી સર ભગવતસિહ ને બત્રીસલક્ષણો રાજવી કહી નમન કર્યુ હતું.

તેમણે ગોંડલ ની રામકથા ને માનસ રામકથા નામ આપી કહ્યુ કે રામચરીત માનસ નો સાર રામ છે.તે વેદમય છે.બૃમ્હમય છે.રામકથા માં આત્માની કલા રહેલી છે.દુનિયાનાં પ્રાણી માત્રનું જીવન દર્શન રામાયણ માં છે.તુલશીદાસજી એ રામાયણ ને સાત ભાગ માં ગોઠવી છે.

તેમણે લોહલંગધામ માં ચાલી રહેલા અંદાજે પાંચસો વર્ષ જુના અન્નક્ષેત્ર નો ઉલ્લેખ કરી દ્રષ્ટાંત સાથે કહ્યુ કે બ્રાહ્મણ ની ઓળખ તેના ચહેરા અને વાણી થી, ક્ષત્રીય ની ઓળખ તેની ભુજાઓ થી વૈષ્ય ની ઓળખ તેના પેટ થી અને સાધુની ઓળખ તેની સેવાથી થાય, સાધુ જીવન નાં ગાડા ખેચેછે.

તેમણે કહ્યુ કે હું અહી પારેવા ને ચણ નાખવા આવ્યો છુ.યુગાન્ડા નાં મનોરથી ચેતનભાઈ સાંગાણી એ સઘળી ચિંતા અને વ્યવસ્થા સંભાળી લીધી છે.ત્યારે ગોંડલ ઘુવાળાબંધ જમવા આવે એવી મારી લાગણી છે.

પુ.મોરારીબાપુએ લોહલંગધામ અન્નક્ષેત્ર માં રુ.સવાલાખ નું દાન જાહેર કરી વ્યાસપીઠ પરથી સવાલાખ નું તુલશીપત્ર અર્પણ કરુ છુ.તેવું જણાવ્યું હતુ.

કથા નો પ્રારંભ કેન્દ્રીય મંત્રી પરષોતમ રુપાલા,સાંસદ રમેશભાઈ ધડુક, ધારાસભ્ય ગીતાબા જાડેજા,પુ.સીતારામ બાપુ સહિત સંતો મહંતોએ દિપ પ્રાગટ્ય દ્વારા કરાવ્યો હતો.કથા પુર્વે બપોર એક વાગ્યે ભગવતપરા લોહલંગધામ થી સંતો મહંતો અને શહેરીજનો ની વિશાળ હાજરી વચ્ચે પોથીયાત્રા નીકળી હતી.જે રાજમાર્ગોપર ફરી કથા સ્થળ દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે પંહોચી હતી. બાદમાં પુ.બાપુની કથાનો પ્રારંભ થયો હતો. ૪૩ ડીગ્રી તાપમાન વચ્ચે પણ લોકો રામકથા શ્રવણ માટે ઉમટી પડ્યા હતા.

માનસ રામકથા નાં બીજા દીવસે પુ.મોરારીબાપુ એ કથાને મર્મ સમજાવતાં કહ્યુ કે રામકથા બૃમ્હ છે.તુલસીદાસજી ની રામકથા અરણી મંથન છે. રામકથાને કોઈ સીમા નથી તે અનંત છે.

તેમણે આજે પણ મહારાજા ભગવતસિહ ને યાદ કરી ભગવદ ગૌમંડલ અંગે કહ્યુ કે શબ્દ નાં અનેક પર્યાય ભગવદ ગૌમંડલ માં લખાયા છે.આપણે કોટી શબ્દ નો પ્રયોગ કરતા હોઇએ.ભગવદ ગૌમંડલ માં કોટી એટલે હજાર, ગતી,જથ્થો,સમુહ, જાતી,પદવી, પ્રમાણ, શ્રેષ્ઠતા,સંજ્ઞા સહિત અર્થ દર્શાવાયા છે.

મોરારીબાપુ એ કહ્યુ કે હું અહીયા પ્રણામ કરવા આવ્યો છુ.પ્રવચન કરવા નહી.ગોંડલ નાં બેતાળા ને કાઢવા ૪૨ વર્ષે રામકથા આવીછે.

હું અહી જ્ઞાનનાં ઓરડા સાફ કરવા અને પોતા મારવાં આવ્યો છુ.ગોંડલ ની કથા કર્ણોત્સવ છે.વર્ણોત્સવ છે.

ગુરુ પરંપરા અંગે તેમણે કહ્યું કે જો ગુરુ પરંપરા ને માનતા હોતો અહંકાર ના કરવો,ગુરૂની આજ્ઞા માનવી અને ખોટું નાં બોલવું.નહીતો આ ત્રણ અપરાધ છે.

મોરારી બાપુએ રામચરીત માનસ અંગે કહ્યુ કે યુગો પહેલા ભગવાન શિવજી એ રામચરીત માનસ ની રચના કરી હતી.માનસ એટલે હ્દય.તેમણે રામકથા હ્દયસ્થ કરી હતી. આદીથી અંત સુધી કેવળ રામ છે.શિવજી નો મહામંત્ર અને બીજમંત્ર રામ છે.વાલ્મીકી આદી કવિ છે.તો શિવજી અનાદિ કવિ છે.


પુ.મોરારીબાપુ એ ગોંડલ ને તપોભુમી કહી આજે ફરી વંદન કર્યા હતા.ગોંડલ ની વિશિષ્ટતા સાથે ગોંડલ નાં મરચા ને પણ યાદ કરી મનોરથી ચેતનભાઈ ને કહ્યુ કે ભાવીકોને ભોજન માં મરચાનાં ભજીયા ખવરાવજો.

રામકથા નાં બીજા દીવસે પણ વાતાનુકુલિત ડોમ શ્રોતાઓ થી ભરચક બન્યો હતો.

## આજી ડેમ દેરાસરની ૧૫મી સાલગિરિ







રાજકોટમાં આજી ડેમ પાસે ભાવનગર રોડ પર આવેલ યુગાદીશપુરમ તીર્થ શ્રી આદિ પાર્શ્વપ્રસાદ (જિનાલય)ની આજે પંદરમી સાલગીરી ધર્મોલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી.

આજે સવારે ૬-૩૦ કલાકે ધ્વજાનું પૂજન બાદ ધ્વજારોહણ લાભાર્થી પરિવાર દ્વારા કરવામાં આવેલ. પૂ.ગણિવર્ય શ્રી દિવ્યયશવિજયજી મ. આદિઠાણા તથા પૂ. સાધ્વીજી શ્રી અતુલયશાશ્રીજી મ. આદિઠાણાની નિશ્રામાં ધ્વજારોહણ તથા ૧૮ અભિષેકનો પ્રસંગ ધર્મોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. વિધિકાર તરીકે પ્રકાશભાઈ દોશી તથા અલ્પેશભાઈ હિંમતલાલ શાહ (એ-ગ્રુપ) પધારેલ હતા. ઉપરોકત કાર્યક્રમમાં ટ્રસ્ટી કિશોરભાઈ દોશી, પ્રવીણભાઈ શાહ સહિત અન્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોકત તસ્વીરો સાલગિરિ ઉત્સવની છે.

## પૂ.મોરારીબાપુની રામકથાનું શ્રવણ કરવા દેશ-વિદેશથી પાંચ હજાર ભાવિકોની ઉપસ્થિતિ



(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ તા. ૨૦

પ્રખર રામાયણી પુ.મોરારીબાપુ ની રામકથા નો શ્રોતાવર્ગ દેશ વિદેશ માં પથરાયો છે.ત્યારે ગોંડલ ખાતે પુ.બાપુની ૯૩૬ મી કથાનુ રસપાન કરવા છેક નૈરોબી,અમેરીકા,આફ્રીકા, લંડન થી એનઆરઆઈ પરીવારો ઉપરાંત કલકત્તા, દિલ્હી, મુંબઈ, પંજાબ, વલસાડ, મહેસાણા,ડીસા, હિંમતનગર, કચ્છ સહિત ભાવિકો પરીવાર સહિત ગોંડલ ઉમટી પડ્યા હોય ગોંડલ ની હોટેલો,જ્ઞાતિઓ ની વાડીઓ, સ્કુલો, પ્રાઇવેટ બંગલાઓ ઉપરાંત રાજકોટ, વિરપુર, જેતપુર ઉતારાની વ્યવસ્થા કરાઇ છે.

કથાસ્થળ દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે વિશાળ પંડાલ માં ભોજનાલય ધમધમી રહ્યુ છે.જ્યાં સવારે ચા નાસ્તો અને બપોરે તથા રાત્રે ભોજન ની અલાયદી વ્યવસ્થા કરાઇ છે. હાલ હીટવેવ સાથે કાળઝાળ ગરમી સાથે આકરો તાપ વરસતા હોય કથા મંડપ તથા ભોજનાલય મળી કુલ સવાસો જેટલા એરકંડીશનર કાર્યરત કરાયા છે.મુખ્ય ડોમ જ્યાં અંદાજે પચ્ચીસ હજાર શ્રોતાઓ કથા શ્રવણ કરી રહ્યા છે તે ડોમ માં ૧૨૦૦ ટન નાં એ.સી.ડોમ ને વાતાનુકુલિત કરી રહ્યા છે.ગોંડલ નાં અનેક યુવક મંડળો અને જ્ઞાતિમંડળો નાં યુવાનો અલગ અલગ વિભાગ માં સેવા આપી રહ્યા છે.

અજરબૈજાનના દુર્ગમ જંગલ વિસ્તારમાં દુર્ઘટના સર્જાઇ હતી

# હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીનું મોત

### કલાકોના ઓપરેશન બાદ તૂટી પડેલા હેલિકોપ્ટરનો કાટમાળ મળ્યો : રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસી ઉપરાંત વિદેશ મંત્રી સહિત ૯ લોકો સવાર હતા





તહેરાન, તા. ૨૦

ઇરાનના રાષ્ટ્રપતિ ઇબ્રાહીમ રઇસીનું હેલીકોપ્ટર દુર્ઘટનામાં મોત નિપજતા દેશમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે. ગઇકાલે તેમનું હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત બન્યા બાદ કલાકોના બચાવ ઓપરેશન બાદ આજે સવારે કાટમાળ મળી આવ્યો હતો અને હેલીકોપ્ટર સવાર તમામ ૯ લોકોના મોત નિપજયા હોવાનું જાહેર થયું હતું.

ઇરાની મીડિયાના રીપોર્ટ પ્રમાણે ઇરાનના રાષ્ટ્રપતિ ઇબ્રાહીમ રઇસી સાથેનું હેલીકોપ્ટર ગઇકાલે અજરબૈજાનના ગાઢ જંગલમાં ગઇકાલે તુટી પડયું હતું. આ બનાવની જાણ થતા તાબડતોબ રેસ્કયુ ઓપરેશન હાથ ધરીને શોધખોળ કરવામાં આવી હતી. ખરાબ વાતાવરણને કારણે શોધખોળમાં ભારે વિધ્ન સર્જાયુ હતું. છેવટે આજે સવારે તુટી પડેલા હેલીકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો હતો. હેલીકોપ્ટર આગની જવાળામાં સપડાઇને સંપૂર્ણ રીતે સળગી ગયાનું અને તેમાં સવાર રાષ્ટ્રપતિ ઇબ્રાહીમ રઇસી સહિત તમામ ૯ લોકોના મોત થયા હોવાનું જાહેર થયું છે.

ઇરાની રાષ્ટ્રપતિ ઇબ્રાહીમ રઇસી ઉપરાંત વિદેશ મંત્રી અને અનેક સિનિયર અધિકારીઓ હેલીકોપ્ટરમાં સવાર હતા. તેઓ અજરબૈજાનની સીમાએ એક ડેમના ઉદઘાટન બાદ પરત ફરી રહ્યા હતા. હેલીકોપ્ટરમાં વિદેશ મંત્રી હોસેન અમીર અબ્દુલ્લાહીયાન પણ મોજુદ હતા.

હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયાની જાણ થતા શોધખોળ માટે ટીમો ઉતારવામાં આવી હતી અને આખી રાત રેસ્કયુ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું હતું. રાત દરમ્યાન કોઇ સગડ મળ્યા ન હતા. આજે વ્હેલી સવારે તુર્કીના ડ્રોન મારફત દુર્ગમ પહાડી વિસ્તારમાં સળગતી ચીજ જોવા મળી હતી. તેને પગલે આ સ્થળે તુટી પડેલા હેલીકોપ્ટરનો કાટમાળ હોવાનું માલુમ પડયું હતું. ડ્રોન ફુટેજ મળ્યા બાદ રેસ્કયુ ટીમને તાબડતોબ એ જગ્યાએ દોડાવવામાં આવી હતી. ઇરાનની સમાચાર

### ઈરાનમાં ઘેરો શોક : ઉપરાષ્ટ્રપતિને શાસનનો હવાલો સોંપાયો

એજન્સી ફાર્સ ન્યુઝના રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે હેલીકોપ્ટરનો જ કાટમાળ હોવાનું જણાયું હતું અને રેસ્કયુ ટીમો પણ ત્યાં પહોંચી ગઇ હતી. આખુ હેલીકોપ્ટર સળગીને ખાખ થઇ ગયું હોવાનું માલુમ પડયુ હતું અને પ્રમુખ ઇબ્રાહીમ રઇસી સહિત કોઇ જીવીત હોવાની સંભાવના જણાઇ ન હતી. તમામ લોકોના મોત થયા હોવાનું જણાયું છે.

દુર્ઘટનાગ્રસ્ત હેલીકોપ્ટરનો કાટમાળ ગાઢ પર્વતીય વિસ્તારમાં વિખરાયેલો દર્શાવતો વિડીયો ફૂટેજ પણ જારી થયો છે. દુર્ગમ વિસ્તાર હોવાથી રેસ્કયુ ટીમોને પહોંચવામાં પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. વાતાવરણ પણ ધુમ્મસભર્યુ અને ખરાબ હતું.

સુત્રોના કહેવા પ્રમાણે ખરાબ વાતાવરણને કારણે જ રાષ્ટ્રપતિનું હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત બન્યું હોવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે. તપાસના આદેશ કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિનું મોત જાહેર થતા હવે શાસનધુરા ઉપરાષ્ટ્રપતિને સોંપવામાં આવી છે. ઇરાનમાં હવે ૨૦ દિવસમાં નવા ઉપપ્રમુખ માટેની ચૂંટણી યોજવામાં આવશે.

## દુઃખની આ ઘડીમાં ભારત ઈરાન સાથે ઉભું છે

### ઈરાનના રાષ્ટ્રપતિના નિધન પર મોદીએ શોક વ્યકત કર્યો



નવી દિલ્હી, તા.૨૦

ઇરાનના રાષ્ટ્રપતિ ડો. સૈયદ ઇબ્રાહિમ રઇસીનું હેલીકોપ્ટર દુર્ઘટનામાં નિધન થતાં વડાપ્રધાન મોદીએ શોક વ્યકત કરીને જણાવ્યું હતું કે દુઃખની આ ઘડીમાં ભારત-ઇરાનની સાથે છે.

હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઇરાનના રાષ્ટ્રપતિ સૈયદ ઇબ્રાહિમ રઇસી ઉપરાંત વિદેશ મંત્રી હુસેન અમર અબ્દુલ્લાહિયન, પૂર્વ અઝર બેજાન, પ્રાંતના ગર્વનર માલેક રહનતી અને ધાર્મિક નેતા મોહમ્મદ અલી આલે-હાસમનું પણ નિધન થયું હતું.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ઇરાનના રાષ્ટ્રપતિ સૈયદ ઇબ્રાહિમ રઇસીના નિધનથી ઉંડુ દુઃખ થયું છે. ભારત-ઇરાન દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવામાં તેમના યોગદાનને હંમેશા યાદ રખાશે.

રૂઢિવાદી–કટ્ટર માનસિકતા ધરાવતા ઈરાનના રાષ્ટ્રપતિને વિરોધીઓ 'તહેરાનના કસાઈ' પણ કહેતા હતા

# ઈબ્રાહિમ રઈસીના મોતથી ભારત-ઈરાન સંબંધોનું શું થશે?

### ઈરાનના કટ્ટરવાદી રાષ્ટ્રપતિ રઈસીએ બાળકો સહિત હજારો જેટલા રાજનીતિક વિરોધીઓને ફાંસી આપી મોતને ઘાટ ઉતારી દીધા હતાઃ તેણે જબરદસ્તીથી લાદેલા હિજાબ કાનૂન સામે મહિલાઓએ જોરદાર વિરોધ કરેલોઃ અમેરિકાએ રઈસી પર લાદયો હતો બાન

નવી દિલ્હી, તા.૨૦

ઇરાનના રાષ્ટ્રપતિ ઇબ્રાહીમ રઇસીનું હેલીકોપ્ટર દુર્ઘટનામાં મોત થયું છે ત્યારે ભારત અને ઇરાન વચ્ચેના સંબંધો વિશે અનેકવિધ સવાલો ઉભા થવા લાગ્યા છે. છેલ્લા કેટલાક વખતથી બંને દેશો વચ્ચે ગાઢ સંબંધો સર્જાયા હતા. અને પખવાડિયા પૂર્વે જ ઇરાનનું ચબાહાર બંદરનું સંચાલન ભારતને સોંપવામાં આવ્યું હતું. હવે બંને દેશો વચ્ચેના સંબંધો પર કેવી અસર થાય છે તેના પર નજર રહેવાનું સ્વાભાવિક છે.

ભારત સાથે ગાઢ મિત્રતા વચ્ચે પણ બહુ ઓછા લોકો જાણતા હશે કે ઇરાનના આ રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ રઇસીને 'તહેરાનના કસાઇ' તરીકે ઓળખવામાં આવતા હતા. તેણે હજારોની સંખ્યામાં વિરોધીઓને ફાંસી અપાવી મોતને ઘાટ ઉતાર્યા હતાં.

### રૂઢિવાદી માનસિકતાનો પક્ષકાર

તેમણે ૨૦૨૧માં એક ચૂંટણી બાદ રાષ્ટ્રપતિ પદ સંભાળ્યું હતું તેના રાષ્ટ્રપતિ બનવા સામે પૂરા દેશમાં વિરોધ થયો હતો. કારણ કે તેમને રૂઢિવાદી માનસિકતાના પક્ષકાર માનવામાં આવતા હતા અને રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં ગોટાળાના આક્ષેપો થયા હતા. જો કે અંતે તો રઇસીને જ વિજયી માનવામાં આવ્યા હતા. જેમાં માત્ર ૬૨ ટકા વોટ જ નાખવામાં આવ્યા હતા. આ ઇરાનમાં ચાર દાયકાનું ઓછામાં ઓછું મતદાન હતું.

રઇસીને ઇરાનના સર્વોચ્ચ નેતા અને સૌથી શક્તિશાળી ધાર્મિક ગુરુ અલી ખોમૈનીનો રાજનીતિક સહયોગી અને તેનો સંભવિત ઉતરાધિકારી માનવામાં આવતો હતો.




### રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ ઈઝરાયેલ સાથે સંઘર્ષ વધ્યો

રઇસીએ ઇરાનના પ્રભાવને વિસ્તારવાનું કામ કર્યું હતું. આ કારણે ઇઝરાયેલ અને ઇરાન વચ્ચે જંગની હાલત ઉભી થઇ ગઇ હતી. બન્ને દેશો તરફથી મિસાઇલો પણ છોડાઇ હતી.

### હિજાબ કાયદા પર થયો હતો મોટો વિવાદ

રઇસીના શાસનમાં હિજાબના કાયદાનો જબરદસ્તીથી અમલ કરાતા તેની સામે ઇરાનની મહિલાઓએ જોરદાર વિરોધ કર્યો હતો. જેને લઇને મહિલાઓ મહસા અભિની અને અર્મિતા ગેરાવદના મોત થયા હતા. હિજાબ કાનૂન સામે વાળ કપાવીને મહિલાઓએ વિરોધ કર્યો હતો.

### અમેરિકાએ લાદયો હતો બાન

અમેરિકાના ટ્રેઝરી વિભાગે પણ વર્ષ ૨૦૧૯માં બાન મૂક્યો હતો. ખરેખર તો ઇરાનમાં રઇસીના કાર્યકાળમાં જ બાળકોને ફાંસી, મુખ્ય માનવ અધિકાર વકીલોને જેલમાં પુરી દેતાં જેને લઇને અમેરિકાએ રઇસી પર બના મુકી દીધો હતો.

### 'તહેરાનના કસાઈ' તરીકે જાણીતો હતો રઈસી

વર્ષ ૧૯૮૮માં રાજનીતિક વિરોધીઓને ખતમ કરવા માટે ઇરાનમાં ચાર સભ્યોની કમિટિની રચના કરાઇ હતી. જેમાં રઇસી પણ સામેલ હતો. આ કમિટીને 'ડેથ કમિટી' તરીકે પણ ઓળખવામાં આવતી હતી. આ સમયગાળામાં રાજનીતિક કેદીઓને ફાંસી આપવાનો સિલસિલો રહ્યો હતો. જેમાં અંદાજે ૩૦૦૦ જેટલા રાજનીતિક કેદીઓને ફાંસી આપવામાં આવી હતી. આ કારણે રઇસીને 'તહેરાનનો કસાઇ' કહેવામાં આવતો હતો.

### કટ્ટર ઈસ્લામિક હતો રઈસી

૬૩ વર્ષીય રઇસી ધાર્મિક વિદ્વાન હતો, તેણે ઇરાનમાં ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિ બાદ સરકારમાં પોતાની જગ્યા બનાવી લીધી હતી. રઇસીએ ત્યારે દેશની રાજાશાહીને ઉખાડીને શરિયા કાનૂન આધારિત એક નવી રાજનીતિ વ્યવસ્થા સ્થાપિત કરી હતી.

## હવે ઈરાનના રાષ્ટ્રપતિની જવાબદારી કોણ સંભાળશે? ૫૦ 'દિ'માં થશે ફાઈનલ



તહેરાન (ઈરાન): રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ રઈસીનાં હેલીકોપ્ટર દુર્ઘટનામાં મોત બાદ ઈરાનમાં શોન ફેલાયો છે. ઈરાનનાં વરિષ્ઠ નેતાઓએ વર્તમાન સ્થિતિને લઈને ઈમરજન્સી મીટીંગ બોલાવી છે. રઈસીનાં મૃત્યુ બાદ હવે ઈરાનના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ મોખબર દેજફુલીને ઈરાનનાં અંતરીમ (વચગાળાના) રાષ્ટ્રપતિ પદની જવાબદારી સોંપી શકાય છે. ઉલ્લેખનીય છે કે અંતરીમ રાષ્ટ્રપતિ બન્યા બાદ રાષ્ટ્રપતિ તરીકે મોખબર સંસદનાં અધ્યક્ષ અને ન્યાયપાલીકાનાં પ્રમુખ સાથે ત્રણ સભ્યોની પરિષદનો પણ ભાગ બનશે. રાષ્ટ્રપતિ રઈસીનાં મોત બાદ ૫૦ દિવસમાં જ ઈરાનમાં નવા રાષ્ટ્રપતિ માટેની ચૂંટણી યોજાશે. ઉલ્લેખનીય છે કે મોખબરને પણ સર્વોચ્ચ નેતા ખોમૈનીની નજીકનાં માનવામાં આવે છે.

## ઈરાની રાષ્ટ્રપતિના હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોતનું ચીનને દેખાય છે કાવતરૂં!

તહેરાન (ઈરાન): ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ રઈસની ગઈકાલે રવિવારે હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોતના મામલે ચીની વિશેષજ્ઞોએ શંકા વ્યકત કરી છે. ચીની વિશેષજ્ઞોનું માનવું છે કે રઈસીની હત્યા પાછળ કોઈ ષડયંત્રની શંકા જન્માવે છે.

હાલ તો રઈસીના હેલિકોપ્ટરની દુર્ઘટના માટે ગાઢ ધુમ્મસને જવાબદાર ઠેરવવામાં આવ્યું છે. ઈરાન હાલ ઘરેલુ અને આંતર રાષ્ટ્રીય સ્થિતિમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. આ સ્થિતિમાં હેલિકોપ્ટર દુર્ઘટના માટે ચીની વિશેષજ્ઞોને કાવતરાની આશંકા જાગી છે. શાંઘાઈ ઈન્ટરનેશનલ સ્ટડીઝ યુનિવર્સિટીના મિડલ ઈસ્ટ સ્ટડીઝના પ્રો. લિરૂ ઝોંગમિને કહ્યું હતું કે પહેલી નજરે આ દુર્ઘટના માટે ગાઢ ધુમ્મસ જવાબદાર લાગે છે. પણ હાલની ઈરાનની સ્થિતિ, ઈઝરાયેલ સાથે સંઘર્ષ આ ઘટનાથી ષડયંત્રની શંકા પેદા થાય છે.

## ચારધામ યાત્રા દરમિયાન ભક્તોના મોતનો સિલસિલો યથાવત; એક દિવસમાં ૯ના મોતઃ મૃત્યુઆંક ૨૯ એ પહોંચ્યો

દહેરાદૂન, તા ૨૦

આ વખતે પણ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાની શરૂઆત સાથે જ શ્રદ્ધાળુઓના મોતનો સિલસિલો શરૂ થયો છે. એક જ દિવસમાં ૯ લોકોના મોત સાથે યાત્રા દરમિયાન મૃતકોની સંખ્યા વધીને ૨૯ થઈ ગઈ છે. ૧૦ મેથી શરૂ થયેલી આ યાત્રાનો આ આંકડો આગામી ૯ દિવસનો છે.

બે દિવસ પહેલા શનિવારે બદ્રીનાથમાં એક અને યમુનોત્રીમાં બે શ્રદ્ધાળુના મોત સાથે મૃત્યુઆંક વધ્યો હતો. જેમાંથી ૨ ગુજરાતના અને એક પુણે, મહારાષ્ટ્રના રહેવાસી હતા. જ્યારે કેદારનાથમાં ૬ લોકોના મોત થયા છે. યાત્રાધામો પર ભારે ભીડના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગુજરાતના સુરતના રહેવાસી ૪૯ વર્ષીય શશિકાંતનું બદ્રીનાથ ધામ ખાતે કાર્ડિયાક અરેસ્ટને કારણે મૃત્યુ થયું હતું. તે જ સમયે, ગુજરાતના રહેવાસી ૫૩ વર્ષીય કમલેશભાઈ પટેલ યમુનોત્રીમાં રસ્તામાં પડી ગયા હતા. નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવતા તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પુણેની ૫૪ વર્ષીય રોહિણી દલવી, જે યમુનોત્રી દર્શન માટે આવ્યા હતા, તે ઉત્તરકાશીના ખરેડી ગામની હોટલમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા.



ઉત્તરકાશીના ચીફ મેડિકલ ઓફિસર ડો. બી.એસ. રાવતે કહ્યું કે યમુનોત્રીમાં ૧૧ લોકો અને ગંગોત્રી ૨ માં લોકો મૃત્યુ પામ્યા છે.

રુદ્રપ્રયાગ પ્રશાસનના સૂત્રોના જણાવ્યા અનુસાર કેદારનાથમાં આ વખતે અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે. બાકીના મૃતકોના આંકડા બદ્રીનાથ ધામના છે. યાત્રા પર આવતા શ્રદ્ધાળુઓને લઈને એક મોટી વાત સામે આવી છે.

હેલ્થ ચેકઅપ કરાવ્યા વિના જ તીર્થયાત્રા પર આવવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આવી સ્થિતિમાં, ઉત્તરાખંડ સરકારે તીર્થયાત્રીઓને તેમના સ્વાસ્થ્યની તપાસ કરાવ્યા પછી તીર્થયાત્રા પર આવવાની અપીલ કરી છે.

EPFOના સભ્યના નિધનની સ્થિતિમાં દાવેદારોને અપાશે છૂટ

## આધારની વિગતો વગર પણ નોમિની પીએફમાંથી રકમ ઉપાડી શકશે

નવીદિલ્હી,તા.૨૦

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ ક્લેમ સેટલમેન્ટના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. સંસ્થાએ એવા કિસ્સાઓમાં રાહત આપી છે કે જ્યાં EPFO સભ્યનું અવસાન થયું હોય અને તેમની આધાર વિગતો PF ખાતા સાથે લિંક ન હોય અથવા વિગતો ગઅગ સાથે મેળ ખાતી ન હોય. હવે તેમના નોમિની/દાવેદારો આધાર વિગતો વગર પણ પીએફ ખાતાની રકમ મેળવી શકશે.

EPFOએ હાલમાં જ આ અંગે એક પરિપત્ર બહાર પાડ્યો છે. એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા અનુસાર, EPF સભ્યોના મૃત્યુના કિસ્સામાં, પ્રાદેશિક સત્તાવાળાઓને તેમની આધાર વિગતોને લિંક કરવા અને ચકાસવામાં વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આવી સ્થિતિમાં, EPF સભ્યના નોમિની અને કાનૂની વારસદારોને ચૂકવણી કરવામાં વિલંબ થયો હતો.

**પ્રાદેશિક અધિકારીઓ ને આ માટે મંજૂરી આપશે**




EPFO મુજબ, સભ્યના મૃત્યુ પછી આધારની વિગતો સુધારી શકાતી ન હોવાથી, મૃત્યુના તમામ કેસોમાં આધારને લિંક કર્યા વિના દાવાની ચકાસણીને હવે ભૌતિક આધાર પર મંજૂરી આપવામાં આવી છે. પ્રાદેશિક અધિકારીની પરવાનગી બાદ જ આ કરી શકાશે. એટલું જ નહીં આવા કેસમાં છેતરપિંડી અટકાવવા માટે મૃતક અને દાવેદારોના સભ્યપદની પણ તપાસ કરવામાં આવશે.

**નોમિનીને આધાર સબમિટ કરવાની મંજૂરી આપવામાં આવશે**

જો કોઈ સભ્ય આધાર વિગતો દાખલ કર્યા વિના મૃત્યુ પામે છે, તો નોમિનીની આધાર વિગતો સિસ્ટમમાં સાચવવામાં આવશે અને તેને સહી કરવાની મંજૂરી આપવામાં આવશે. જ્યારે આવા પ્રશ્નોપર મૃતક સભ્યએ નોમિની બનાવ્યું ન હોય તેવા કિસ્સામાં, પરિવારના કોઈપણ સભ્ય અને કાનૂની વારસદારોને તેમનો આધાર સબમિટ કરવાની મંજૂરી આપવામાં આવશે.

**નિયમો અહીં લાગુ થશે**

આ નિયમો એવા મામલાઓ પર લાગુ થશે જ્યાં સભ્યની વિગતો EPF UANમાં સાચી છે, પરંતુ આધાર ડેટામાં ખોટી છે. તે જ સમયે, જો આધારમાં વિગતો સાચી છે પરંતુ UAN માં ખોટી છે, તો નોમિનીએ આ માટે એક અલગ પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.

### અહીં ઉભી થતી અડચણો

૧ આધારમાં ખોટી/અપૂર્ણ વિગતો અથવા આધારમાં અન્ય તકનીકી સમસ્યાઓ

૨ લાંબા સમયથી આધાર નંબરની નિષ્ક્રિયતા, જેના કારણે વિગતો અપડેટ ન થવી

૩ આધાર EPFOના UAN ખાતામાં દાખલ કરેલી વિગતો સાથે મેળ ખાતો ન હોય

૪. સભ્ય પોતાના PF ખાતામાં નોમિનેશન રજીસ્ટર નથી કરતા, જેના કારણે ક્લેમ સેટલમેન્ટમાં સમસ્યા માં અડચણ આવે

## કાશ્મીરમાં એક જ દિવસમાં બે ત્રાસવાદી હુમલા : પ્રવાસીને નિશાન બનાવાતા તંત્ર સ્તબ્ધ

### રાજસ્થાનનું દંપતિ ત્રાસવાદી ગોળીબારમાં ઘાયલ

શ્રીનગર, તા. ૨૦

જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ તેવો દાવો કરવામાં આવે છે, પરંતુ કેટલીક જગ્યાએ હજુ પણ ત્રાસવાદી હુમલાની ઘટના બની રહી છે. આવા એકથી વધુ હુમલામાં ભાજપ સાથે સંકળાયેલા એક ભૂતપૂર્વ સરપંચની હત્યા કરવામાં આવી છે અને એક ટુરિસ્ટ દંપતી ઈજાગ્રસ્ત થયું છે. શોપિયાનમાં અજાઝ શેખ નામના ભૂતપૂર્વ સરપંચને ત્રાસવાદીઓએ ઠાર માર્યા હતા. જ્યારે અનંતનાગમાં રાજસ્થાનથી આવેલા એક ટુરિસ્ટ કપલ પર ફાયરિંગ થયું હતું જેમાં દંપતીને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે.



જમ્મુ અને કાશ્મીર પોલીસે ટવીટર પર લખ્યું છે કે ટુરિસ્ટ પર કોઈના દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું જેમાં એક મહિલાને ઈજા થઈ હતી. ફરહા નામની મહિલા જયપુરની વતની છે અને તેની સાથે તેનો પતિ તબરેસ પણ હતો. તેમના પર અનંતનાગમાં આ હુમલો થયો હતો. તેમને સારવાર માટે એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

### ભાજપ સામે સંકળાયેલા પૂર્વ સરપંચની હત્યા

પહેલો હુમલો થયા પછી અડધા કલાકમાં જ બીજો હુમલો થયો હતો જેમાં ભૂતપૂર્વ સરપંચ ઐજાઝ શેખની હત્યા કરવામાં આવી હતી. ઐજાઝ શેખ ભાજપ સાથે જોડાયેલા હતા અને શોપિયાનના હિરપોરામાં તેમના પર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. ભાજપે પોતાના નિવેદનમાં જણાવ્યું કે ઐજાઝ શેખ તેમની પાર્ટીના બહુ બહાદુર આગેવાન હતા અને ભાજપ તેના પરિવારની પડખે ઉભો રહેશે.

## રાયબરેલીમાં કોંગ્રેસ ગેસ્ટહાઉસ પાસે લાગ્યો માઈલસ્ટોન-વાયનાડ ૨૦૦૦ કિલોમીટર

### માઈલસ્ટોને જગાવી ચર્ચાઃ અંતે ઓથોરીટીએ પથ્થર હટાવી લીધોઃ આ કામ હલકી માનસિકતાવાળાનું : કોંગ્રેસ

રાયબરેલી તા.૨૦

ગાંધી પરિવારનો ગઢ મનાતા રાયબરેલી લોકસભામાં મતદાન પહેલા રસ્તાના કિનારે લગાવેલા એક માઈલ સ્ટોન હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. જીલ્લામાં કોંગ્રેસનાં ગેસ્ટ હાઉસ પાસે રોડ પર લગાવાયેલા આ માઈલ સ્ટોન પર લખાયું છે




**'વાયનાડ ૨૦૦૦ કી.મી**

લોકસભા ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસનાં આરોપ પ્રત્યારોપ વચ્ચે આ માઈલ સ્ટોન ચર્ચાનો વિષય બન્યો છે.આ માઈલ સ્ટોનને ચૂંટણી કટાક્ષ તરીકે જોવામાં આવી રહ્યો છે. રાહુલ ગાંધી અહી પારીવારીક વારસો બચાવવાની જંગ લડી રહ્યા છે.

રાયબરેલીમાં આ પથ્થર પ્રયાગરાજ રાજમાર્ગ અને પરશેદપુર માર્ગ પર ભુએમઉ ગામ પાસે લગાવાયો છે. અહી કોંગ્રેસનું ગેસ્ટહાઉસ છે. અને ગાંધી પરિવાર રોકાય છે. આ માઈલ સ્ટોનનો વીડીયો વાયરલ થતાં નેશનલ હાઈવે ઓથોરીટીએ ખોટી રીતે લગાવાયેલો આ માઈલ સ્ટોન હટાવી દીધો છે. કોંગ્રેસ જીલ્લા અધ્યક્ષ પંકજ તિવારીએ જણાવ્યું હતું કે આ એક નિમ્ન માનસીકતાવાળા લોકોનું કામ છે.

## કાશ્મીરના રાજૌરી લોકસભા મત વિસ્તારમાં પ્રચાર-પ્રસાર કરતા ગુજરાતના શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરીયા

રાજકોટ તા.૨૦

આજે પાંચમા તબકકા માટે મહારાષ્ટ્ર, ઓડીશા, ઉતરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, જમ્મુકાશ્મીર, લદ્દાખ, ઝારખંડમાં મતદાન થઈ રહ્યુ છે. ત્યારે આ ચૂંટણીમાં સવારથી જંગી મતદાન થઈ રહ્યું છે. આથી ભાજપનો ભવ્ય વિજય થાય તે માટે ભાજપના અગ્રણીઓ દ્વારા જોરશોરથી પ્રચાર કરવામાં આવ્યો હતો. ગુજરાતના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાને કાશ્મીરના રાજૌરી લોકસભા મત વિસ્તારમાં પ્રચારની જવાબદારી સોપવામાં આવી હતી.

સાત તબકકામાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે. આજે પાંચમાં તબકકાનું મતદાન થઈ રહ્યું છે. કાશ્મીરમાં પણ આજે મતદાન થઈ રહ્યું છે. કાશ્મીરમાં જંગી મતદાન થાય તે માટે ગુજરાતના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાને કાશ્મીરના રાજૌરી લોકસભા મત વિસ્તારમાં પ્રચાર, પ્રસારની જવાબદારી સોંપવામાં આવી હતી. તેઓએ રાજૌરી મત વિસ્તારમાં લોકોનો ઘરે ઘરે સંપર્ક કરી મતદાન પ્રચાર કરવામાં આવ્યો હતો. તેમજ ભાજપને જીતાડવા જંગી મતદાન માટે અપીલ કરી હતી.



# ચોમાસા અગાઉ વાવાઝોડાનું સંકટ : બંગાળની ખાડીમાં ચક્રવાતની સંભાવના

## ૨૨ મેથી સિસ્ટમ આકાર લેશે : માસાંત સુધીમાં વાવાઝોડાનું સ્વરૂપ લઈ શકે : બંગાળ-ઓડિશા ઉપરાંત મહારાષ્ટ્ર- ગુજરાતને અસરની શકયતા



નવી દિલ્હી, તા. ૨૦

છેલ્લા ઘણા વર્ષોથી ચોમાસા સિવાયના મહિનાઓમાં દેશમાં અલગ અલગ વિસ્તારોમાં વાવાઝોડા આવી રહ્યા છે. આગામી અઠવાડિયે આવા વધુ એક વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે જેની અસર ગુજરાતમાં પણ જોવા મળશે. હાલમાં બંગાળની ખાડીમાં એવી સિસ્ટમ બંધાઈ રહી છે જેના કારણે ઓડિશા, બંગાળમાં તેની મજબૂત અસર દેખાશે અને મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં પણ તેના કારણે ભારે વરસાદ પડે તેવી શકયતા છે. ચોમાસાના આગમન પહેલાં બંગાળની ખાડી પર એક લો પ્રેશર એરિયા બનતો જોવા મળી રહ્યો છે. તેનાન કારણે ભારતીય હવામાન વિભાગએ ૨૨ મેની આસપાસ દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર વાવાઝોડું સર્જાવાની આગાહી કરી છે.

પાંચ દિવસ બાદ બંગાળની ખાડીમાં સાયક્લોનિક સ્ટોર્મ પેદા થવાની શક્યતા છે. જેના કારણે ગુજરાતને પણ આંશિક અસર થવાની સંભાવના છે. દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં ૨૨ મે આસપાસ લો પ્રેસર સર્જાશે અને ૨૪ મેની આસપાસ બંગાળની ખાડીની મધ્યમાં તે ડીપ્રેશનમાં ફેરવાય તેવી સંભાવના જોવામાં આવે છે. આ વાવાઝોડું શકિતશાળી બને અને ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધે તો ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૨૭ મે આસપાસ ભારે વરસાદની સંભાવના હવામાન ખાતા દ્વારા વ્યકત કરવામાં આવી છે.

આ દરમિયાન હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડીમાં તથા આંદામાન, નિકોબાર ટાપુઓમાં નૈઋત્યનું ચોમાસું આગળ વધવાની આગાહી કરી છે. કેટલાક હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે તેના કારણે ગંભીર ચક્રવાતની પણ સંભાવના છે. આઈએમડીના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રા જણાવે છે કે, "નીચા દબાણના વિસ્તાર ચોમાસાને આંદામાન સમુદ્ર અને અડીને આવેલા બંગાળની ખાડી પર આગળ વધવામાં મદદ કરશે. તેના કારણે કેરળમાં ચોમાસું આગળ વધશે. તેની અસર ઓડિશા, મહારાષ્ટ્ર અને ગુજરાત અને તેની આસપાસના રાજ્યો પર પડશે.

આ વેધર પેટર્ન આગળ જતા ચક્રવાતમાં પરિવર્તિત થાય તેવી સંભાવનાને પણ નકારી શકાતી નથી. હાલમાં તો તેની પુષ્ટિ કરવી ખૂબ જ વહેલું છે. ચક્રવાતની સિસ્ટમ રચાય તો તે ચોમાસાને કેટલી હદે અસર કરશે તે કહેવું મુશ્કેલ છે. સ્કાયમેટ વેધર સર્વિસીસના પ્રમુખ જી પી શર્માએ જણાવ્યું હતું કે અત્યારે સિસ્ટમમાં ચક્રવાત બનવાની સંભાવના વધારે છે, પરંતુ તેના કારણે ચોમાસાની પ્રગતિ રોકાય તેવી શક્યતા નથી. બંગાળની ખાડીની સિસ્ટમ ધીમે ધીમે ચક્રવાતમાં ફેરવાઈ શકે છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રોપિકલ મેટિરોલોજીના વેધર સાયન્ટિસ્ટ રોકસી મેથ્યુ કોલે જણાવ્યું કે, 'આગામી સપ્તાહે દક્ષિણ બંગાળની ખાડીમાં નીચા દબાણની સિસ્ટમ ડેવલપ થવાની છે. દરિયાની સપાટીનું તાપમાન ખૂબ ગરમ છે, તેથી દરિયાની સ્થિતિ અનુકૂળ છે.'

### નિકોબાર ટાપુઓ ઉપર ચોમાસુ આવી ગયું

# ગુજરાતમાં તા.૧૯ થી ૩૦ જૂન વચ્ચે નૈઋત્ય ચોમાસાની પધરામણી

### મધ્યપ્રદેશમાં ૧૬ થી ૨૧ જૂન દરમિયાન ચોમાસાનું આગમન થશે

અમદાવાદ, તા.૨૦

ભયંકર ગરમીથી ત્રાસેલા લોકો વરસાદની રાહ જોઈ રહ્યા છે ત્યારે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચોમાસુ ક્યારે આવશે તેની તારીખો આવી ગઈ છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે ૩૧મેએ કેરળમાં ચોમાસાનું આગમન થઈ જશે. હાલમાં નિકોબાર ટાપુઓ પર ચોમાસુ આવી ગયું છે. ગુજરાતમાં ૧૯થી ૩૦ જૂન વચ્ચે ચોમાસાની એન્ટ્રી થશે. આ દરમિયાન મધ્ય પ્રદેશમાં ૧૬થી ૨૧ જૂન દરમિયાન અને રાજસ્થાનમાં ૨૫ જૂને ચોમાસાનો પ્રારંભ થાય તેવી શક્યતા છે.

ભારતીય હવામાન વિભાગે ચોમાસાની ગતિવિધિની માહિતી આપી છે. તે અનુસાર હાલમાં ચોમાસુ અંદામાન-નિકોબાર સુધી પહોંચી ગયું છે. તે૩૧મી મે સુધીમાં ચોમાસુ કેરળ પહોંચશે.

ગયા વર્ષે પણ અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું ૧૯ મેના રોજ પહોંચ્યું હતું, પરંતુ કેરળમાં ૯ દિવસ મોડું ૮ જૂને પહોંચ્યું હતું. કેરળમાં સામાન્ય



રીતે પહેલી જૂને ચોમાસાનું આગમન થતું હોય છે. પરંતુ આ વખતે તે વહેલું આવી શકે. આ આગાહીમાં ત્રૂટીની શક્યતા પ્લસ માઈનસ ૪ દિવસ છે. એટલે કે હવામાન ખાતાએ જાહેર કરેલી તારીખથી ચાર દિવસ આગળ અથવા પાછળ ચોમાસુ આવી શકે છે. પરિણામે ચોમાસુ ૨૮મી મેથી ૩જી જૂન વચ્ચે ગમે ત્યારે પધરામણી કરી શકે છે.

હવામાન ખાતાનો ડેટા દર્શાવે છે કે કેરળમાં ચોમાસાના એન્ટ્રીની તારીખો છેલ્લાં ૧૫૦ વર્ષોમાં ઘણી વખત અલગ રહી છે. ૧૯૧૮માં ચોમાસું ૧૧ મેના રોજ સૌ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે ૧૯૭૨માં કેરળમાં તારીખ બદલાઈ ગઈ અને ૧૮ જૂને ચોમાસુ બેઠું હતું. છેલ્લા ચાર વર્ષનો દેખાવ જોવામાં આવે તો ૨૦૨૦માં ચોમાસુ ૧ જૂને, ૨૦૨૧માં ૩ જૂને, ૨૦૨૨માં ૨૯ મે અને ૨૦૨૩માં ૮ જૂને કેરળ પહોંચ્યું હતું.

આ વખતે ભારતમાં ચોમાસામાં લા નીનાની અસર જોવા મળશે અને તેથી સારું વરસાદ રહે તેવી શક્યતા છે. ભારતમાં અલ નીનો અને લા નીના એમ બે પ્રકારની પેટર્ન છે.

આગામી ત્રણથી પાંચ અઠવાડિયામાં લા નીનાની અસર પેદા થશે. અલ નીનોમાં ઓછો વરસાદ પડે છે. ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન લા નીના અસર હતી તેથી ૯૯ ટકાથી લઈને ૧૦૬ ટકા સુધી વરસાદ થયો હતો. ભારતીય હવામાન ખાતાએ ગયા મહિને જણાવ્યું હતું કે આ વર્ષે ભારતમાં સરેરાશ ૯૭ સેમી સુધી વરસાદ પડી શકે છે. તેથી આ વખતે ભારતમાં ખેતીનો પાક બહુ સારો ઉતરે તેવી શક્યતા છે.

ગુજરાત સહિત આખા દેશમાં આ વર્ષે ગરમી રેકોર્ડ બનાવી રહી છે. આવી સ્થિતિમાં ચોમાસાનો પ્રારંભ થાય તો ગરમીમાં રાહત મળી શકે છે. અત્યારે તો ગુજરાતમાં ભયંકર ગરમી છે અને સાત શહેરોમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

# વિદેશી રોકાણકારોની ગતિવિધિઓથી નક્કી થશે આ સપ્તાહે શેરબજારની દિશા!

### હાલ દેશમાં લોકસભા ચૂંટણીના કારણે રોકાણકાર સતર્ક વલણ અપનાવી શકે છેઃ એફપીઆઈએ ભારતના શેરબજારમાંથી ૨૮૨૦૦ કરોડ રૂપિયા ખેંચી લીધા

મુંબઇ, તા.૨૦

હાલની લોકસભા ચૂંટણીના કારણે રોકાણકાર હાલ સતર્ક વલણ અપનાવી શકે છે. મુંબઇમાં આજે લોકસભા ચૂંટણીના કારણે શેરબજાર બંધ રહેશે, એકસપર્ટ્સનું કહેવું છે કે કંપનીઓના ત્રિમાસિક પરિણામો, ગ્લોબલ વલણ અને વિદેશી રોકાણકારોની કારોબારી ગતિવિધિઓ આ સપ્તાહે શેર બજારનું વલણ સ્પષ્ટ કરશે. આ સપ્તાહે ઓછું કારોબારી સેશન થશે.

સ્વસ્તિકા ઈન્વેસ્ટ માર્ટ લિમિટેડના પ્રવેશ ગૌડે જણાવ્યું હતું કે ચોથી ત્રિમાસિકના પરિણામોની સીઝન સમાપ્ત થનાર છે. કંપનીઓના બહેતર પરિણામો અસંમજસમાં ફસાયેલા બજારને કંઇક રાહત આપી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ



ઉપરાંત જાપાન વચ્ચે અમેરિકાના આર્થિક આંકડા અને વૈશ્વિક મુદા બજારમાં ચડાવ-ઉતારની દિશા માટે મહત્વપૂર્ણ રહેશે. સપ્તાહ દરમિયાન ઓએનજીસી, શેલ, વીએચઇએલ, જેકે ટાયર, વન-૯૭ કોમ્યુનિકેશન્સ, પાવર ગ્રીડ, ઇંટરગ્લોબ એવિએશન, આઇટીસી અને એનટીપીસી પોતાના ત્રિમાસિક પરિણામોની જાહેરાત કરશે.

માસ્ટર કેપિટલ સર્વિસીઝના અરવિંદસિંહ નંદાએ જણાવ્યું હતું કે, આ સપ્તાહે બજારનો સીનારિયો ઘરેલું અને ગ્લોબલ આર્થિક આંકડાથી નક્કી થશે.

### એફપીઆઇએ ૨૮,૨૦૦ કરોડ રૂપિયા ઉપાડી લીધા

સામાન્ય ચૂંટણીના પરિણામોને લઇને અનિશ્ચિતતા અને ચીનના બજારોમાં આકર્ષક વેલ્યુએશનને લઇને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ)એ મે મહિનામાં અત્યાર સુધીમાં ભારતીય શેરબજારોમાંથી ૨૮,૨૦૦ કરોડ રૂપિયા ઉપાડી લીધા છે.

### ટીકાકારોને કોહલીનો જવાબ

# મારે કોઇના સર્ટિફીકેટની જરૂર નથીઃ હું બરાબર છું



બેંગલુરુ, તા.૨૦

અનુભવી બેટ્સમેન વિરાટ કોહલીએ તેના સ્ટ્રાઇક રેટ પર થઇ રહેલી ટીકા અને ચર્ચાનો જવાબ આપતાં કહ્યું કે તેને પોતાની ક્ષમતા અંગે કોઇના પ્રમાણપત્ર કે ખાતરીની જરૂર નથી કારણ કે તે જાણે છે કે તે મેદાન પર શું કરી શકે છે.

મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કર સહિત ઘણા પૂર્વ ક્રિકેટરોએ વિરાટ કોહલીની ટીકા કરી હતી. ચેન્નાઇ સામેની મેચ પહેલા બેંગલુરુ દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં વિરાટે કહ્યું કે, મારે કોઇ પ્રતિક્રિયા આપવાની જરૂર નથી. હું જાણું છું કે હું મેદાન પર શું કરી શકું છું. હું કેવા પ્રકારનો ખેલાડી છું અથવા મારી ક્ષમતાઓ શું છે તે જણાવવા માટે મારે કોઇના પ્રમાણપત્રની જરૂર નથી. તેણે કહ્યું કે મેં કોઇને પૂછયું નથી કે મેચ કેવી રીતે જીતવી. મે મેદાન પરના મારા અનુભવમાંથી આ શીખ્યું છે. જ્યારે તમે તમારી ટીમને સતત મેચો જીતાડતા હો છો ત્યારે તે કોઇ ચમત્કાર નથી.

કેપ્ટન રોહિત શર્મા સાથે સહમત થતાં વિરાટ કોહલીએ ઇમ્પેક્ટ પ્લેયર નિયમની ટીકા કરી અને કહ્યું કે તે રમતનું સંતુલન બગાડે છે. આ નિયમ આઇપીએલની છેલ્લી સિઝનથી શરૂ થયો છે. રોહિતે પણ આ અંગે નારાજગી વ્યકત કરી હતી.

તેણે કહ્યું, હું રોહિતને સપોર્ટ કરું છું. મનોરંજન એ રમતનું એક પાસુ છે પરંતુ તેમા સંતુલન હોવું જોઇએ. તેનાથી રમતનું સંતુલન ખોરવાઇ ગયું છે.

### આખરે ૪૦૫ દિવસ પછી..

# યશની કિસ્મત બદલી : ગઇ રાત્રીએ ચેન્નાઇ સામે છેલ્લી ઓવરમાં બેંગ્લોરને જીત અપાવી દીધી

### પ્રથમ દડે જયારે ધોનીએ છગ્ગો માર્યો ત્યારે હુ નવર્સ થયો હતો



આરસીબીના યશ દયાલે આ વર્ષે ૧૩ મેચમાં ૧૫ વિકેટ લીધી છે.

બેંગ્લુરૂ, તા. ૨૦

જયારે એમ.એસ.ધોનીએ ચિન્નાસ્વામી સ્ટેડીયમની છત પર ૨૦મી ઓવરનો પહેલો બોલ છગ્ગો મારીને મોકલ્યો ત્યારે બોલશ યશ દયાલને ગયા વર્ષની મેચ યાદ આવી ગઇ.

ત્યારે રીંકુસિંહના બેટમાંથી સતત પાંચ સિકસર યાદ આવી. પછી તેણે પોતાની જાતને સંભાળી અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને આઇપીએલ પ્લેઓફમાં લઇ જવા માટે એક શાનદાર છેલ્લી ઓવર ફેંકી.

છેલ્લી સિઝન બાદ યશને ગુજરાત ટાઇટન્સ દ્વારા છુટો કરવામાં આવ્યો હતો. બેંગ્લુરૂની ટીમે તેને હરાજીમાં ૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. યશે કહ્યું, જયારે મારા પહેલા બોલ પર સિકસર ફટકારીત્યારે મને ગયા વર્ષની યાદ આવી ગઇ. પરંતુ મેં આખી સિઝનમાં સારી બોલિંગ કરી હતી અને હું મારી જાતને કહેતો રહ્યો કે મારે માત્ર એક સારા બોલની જરૂર છે. મેં આત્મવિશ્વાસ જાળવી રાખ્યો. છેલ્લી વખતે જે પણ થયું, હું નર્વસ હતો. પરંતુ બેંગ્લોરની ટીમમાં આવ્યા બાદ મેં સખત મહેનત કરી અને માત્ર સારા બોલ નાખવા પર જ ધ્યાન આપ્યું. મારા સીનીયર ખેલાડીઓએ મને ઠપકો આપ્યો નહીં અને હંમેશા મારી પડખે ઉભા રહ્યા અને મને પ્રોત્સાહિત કર્યો હતો.

યશે કહ્યું, મારે ૧૯મી ઓવર નાખવાની હતી, પરંતુ અચાનક ડીકે ભૈયા (દિનેશ કાર્તિક) અને ફાફ (ડુપ્લેસીસ) મને વાત કરી મને ખબર નથી કે શું થયું તેણે કહ્યું કે લોકો ૧૯મી ઓવર નાખશે અને હું છેલ્લી ઓવર ફેંકીશ.યશે આરસીબીના ચાહકોનો આભાર માન્યો અને કહ્યું મે બાળપણથી આવું કયારેય માણ્યુ નથી. જયારે પણ હું ટીવી પર આરસીબી મેચ જોતો હતો ત્યારે મેં વિચાર્યુ ન હતું કે હું કયારેય આ ટીમનો ભાગ બનીશ.

### 'મા'ને પૂછયું કેવું લાગે છે ?

કલકતા : ૪૦૫ દિવસ પહેલા એક ઓવરમાં રિંકુએ મને પાંચ છગ્ગા લગાવ્યા હતા. ત્યારે મને લાગતુ હતું કે મારી કારકીર્દીનો આ અંત છે. મને વધુ અફસોસ ત્યારે થયો કે આ જોઇને મારી માતા ગંભીર રીતે બીમાર પડી ગઇ હતી પણ આ વખતે મારી છેલ્લી ઓવરે બધુ જ બદલાવી દીધું. રીંકુએ તેમના ઇન્સ્ટાગ્રામ પેજ પર લખ્યું કેવું ફિલ કરી રહ્યો છે. ત્યારે મને બહુ જ સારૂ લાગ્યું. યશના પરિવારમાં અને આજુબાજુમાં રહેતા પાડોશીઓએ પુરી રાત જશ્ન મનાવ્યો. મારી 'મા'ના આંખોમાં મેં 'હર્ષ'ના આંસુ જોયા.

### નાણાંકીય વ્યવહારમાં આંધળો ભરોસો કરનારા માટે બોધપાઠરૂપ કિસ્સો

# 'ચા' વાળાને ઈન્કમટેક્સની ૪૯ કરોડની નોટીસ

### ઉંઝાના વેપારીઓએ ચાના વેપારીના નામે બેંક ખાતુ ખોલાવીને કરોડોના ટ્રાન્જેકશન કરી નાખ્યાનો ઘડાકો

પાટણ તા.૨૦

ચાનો ધંધો રોકડિયો બિઝનેસ કહેવાય છે અને લોકો ટી સ્ટોલ ચલાવીને પણ સારું એવું કમાઈ શકે છે. પરંતુ શું ચાના બિઝનેસમાં કોઈને એટલી કમાણી થાય કે તેને ૪૯ કરોડ રૂપિયાની ઈન્કમ ટેકસની નોટિસ ફટકારવી પડે? પાટણમાં ટી સ્ટોલ ચલાવનાર એક વ્યક્તિને આઈટી વિભાગે એક નોટિસ ફટકારીને ૪૯ કરોડનો દંડ ભરવા કહ્યું છે. ખેમરાજ દવે મૂળ બનાસકાંઠાના કાંકરેજના વતની છે અને તેમના ખાતામાં એટલા મોટા શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયા છે કે આવકવેરા વિભાગે તેમને ૪૯ કરોડ રૂપિયાની પેનલ્ટી ફટકારી છે. હકીકતમાં ખેમરાજે કોઈના પર વિશ્વાસ મૂક્યો તેના કારણે આ સ્થિતિ પેદા થઈ છે.

આવકવેરા વિભાગનું કહેવું છે કે ખેમરાજ દવેના એકાઉન્ટમાં ૩૪ કરોડ રૂપિયાની શંકાસ્પદ હેરાફેરી થઈ હતી. ખેમરાજને નોટિસ મળતા તેને આંચકો લાગ્યો હતો. પરંતુ પછી જાણવા મળ્યું કે તેઓ બે ગ્રાહકોને ૧૦ વર્ષથી ચા પીવડાવતા હતા તેમણે જ તેમના નામે બેન્ક ખાતું બનાવીને બેન્કમાં ગેરકાયદે ટ્રાન્ઝેકશન કર્યા હતા.આ અંગે પાટણ બી ડિવિઝન પોલીસમાં એક FIR પણ નોંધાઈ છે. તેમાં જણાવાયું છે કે ખેમરાજ દવે પાટણના કોમોડિટી માર્કેટમાં વર્ષ





૨૦૦૧૪થી પોતાનો ટી સ્ટોલ ચલાવે છે. તેઓ અલ્પેશ પટેલ અને વિપુલ પટેલ નામના બે ભાઈઓની ઓફિસમાં વર્ષોથી ચા પીવડાવતા હતા. આ પટેલબંધુ મહેસાણાના ઊંઝાના હતા અને પાટણ કોમોડિટી માર્કેટમાં ૧૦ વર્ષથી બ્રોકરેજનો બિઝનેસ ચલાવતા હતા.

વર્ષ ૨૦૧૪માં ખેમરાજ દવેએ પોતાના પેન નંબરને બેન્ક ખાતા સાથે લિંક કરવા માટે અલ્પેશ પટેલની મદદ લીધી. તેણે પોતાનો આધાર કાર્ડ, પાન કાર્ડ અને આઠ ફોટોગ્રાફ અલ્પેશને આપ્યા. બીજા દિવસે અલ્પેશ પટેલ ખેમરાજ દવેના ટી સ્ટોલ પર આવ્યો અને કેટલાક ડોક્યુમેન્ટ પર તેની સહી લીધી. થોડા દિવસ પછી ખેમરાજને તેનું આધાર કાર્ડ પાછું આપી દીધું અને આઈટી ડિપાર્ટમેન્ટમાં કાગળિયા આપવાના છે એવું કહીને અલ્પેશ પટેલ તેની ફોટોકોપી લઈ ગયો.

આ ઘટનાના લગભગ એક દાયકા પછી ઓગસ્ટ ૨૦૨૩માં ખેમરાજ દવેને આવકવેરા વિભાગ તરફથી બે નોટિસ મળી પરંતુ દવેને અંગ્રેજી વાંચતા આવડતું ન હોવાથી તેણે તેનો કોઈ જવાબ ન આપ્યો.

ખેમરાજે પોલીસમાં અરજી કરી તો જાણવા મળ્યું કે અલ્પેશ પટેલ અને વિપુલ પટેલ તેના નામે બેન્ક ખાતું ખોલાવીને ગેરકાયદે ટ્રાન્ઝેકશન કરતા હતા. આ બંનેની પૂછપરછ કરવામાં આવી છે પરંતુ હજુ સુધી ધરપકડ નથી થઈ. દવેની ફરિયાદના આધારે પાટણ પોલીસે અલ્પેશ પટેલ અને વિપુલ પટેલ સામે વિશ્વાસભંગ, ફોર્જરી અને ચિટિંગનો કેસ દાખલ કર્યો છે.

# મતદાન ન કરનારાઓને સજા થવી જોઈએઃ પરેશ રાવલ

### મતદાન કર્યા બાદ એકટરનું વિવાદી નિવેદન



મુંબઈઃ લોકસભા ૨૦૨૪ ની ચૂંટણીના પાંચમાં ચરણ મતદાનમાં મહારાષ્ટ્રમાં ૧૩ સીટ પર મતદાન ચાલુ છે.

મુંબઈમાં બોલીવુડની હસ્તીઓએ પણ મતદાન કર્યું હતું.દરમ્યાન બોલીવુડમાં અભિનેતા પરેશ રાવલે મતદાન કર્યા બાદ એવુ વિવાદી વિધાન કર્યું હતું કે મતદાન ન કરનારાઓને સજા થવી જોઈએ.

મતદાન કર્યા બાદ પરેશ રાવલે શાહીના નિશાની વાળી આંગળી સાથે તસ્વીર શેર કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે વોટીંગ ન કરનારને સજા થવી જોઈએ.

# છેલ્લી ઓવરમાં ધોનીના છગ્ગાથી RCBને ફાયદો



બેંગ્લુરુ: ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સે આઈપીએલ-૨૦૨૪ની છેલ્લી મેચ રમી લીધી છે. આ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે સીએસકેને છેલ્લી ઓવરમાં હરાવ્યું હતું. જીત બાદ આરસીવીના વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે કહ્યું કે એમએસ ધોનીની સિકસ આરસીવીની જીતમાં મદદગાર બની હતી. ધોનીએ યશના પહેલા જ બોલ પર ૧૧૦ મીટર લાંબી સિકસર ફટકારી હતી. ભીનો બોલ સ્ટેડિયમની બહાર પહોંચી ગયો અને બોલરને નવો ડ્રાય બોલ મળ્યો, જેનાથી બોલરને ફાયદો થયો. કાર્તિકે કહ્યું આરસીવી માટે સૌથી સારી બાબત એ હતી કે એમએસ ધોનીએ છેલ્લી ઓવરમાં મેદાનની બહાર સિકસર ફટકારી હતી. જે સીએસકે માટે લકકી સાબીત બની ગઈ. નવો બોલ આવતાની સાથે જ બીજા દડે ધોનીની વિકેટ મળી. અને બાદમાં જાડેજા છેલ્લા બે દડા રમી શકયો નહીં. બન્ને દડા જાડેજાથી મીસ થયા. જાડેજા આ દડાને મારવા જતા ચુકી ગયો અને મેચ સીએસકેની જોડીમાં આવી ગયો.

# આર.સી.બી. અને '૧૮' આંકનું કનેકશન

બેંગ્લુરૂ:-

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) અને ૧૮ નંબરનું અદ્ભુત જોડાણ છે. વિરાટ કોહલી જે શરૂઆતની સીઝનથી તેમની સાથે જોડાયેલો છે, તે ૧૮ નંબરની જર્સી પહેરે છે અને આંકડા દર્શાવે છે કે તેની આઇપીએલ ટીમ ૧૮ મેના રોજ રમાયેલી દરેક મેચમાં ક્યારેય હાર્યા નથી. વિરાટ આઇપીએલમાં ૧૮ વખત પ્લેયર ઓફ ધ મેચ બન્યો છે.



### ૧૮મેમાં રમાયેલ આરસીબીની મેચો

| વર્ષ | વિરૂધ્ધ | પરિણામ |
|---|---|---|
| ૨૦૧૩ | ચેન્નઇ સુપરકિંગ્સ | ૨૪ રનથી જીતી હતી |
| ૨૦૧૪ | ચેન્નઇ સુપરકિંગ્સ | ૫ વિકેટે જીત મેળવી હતી |
| ૨૦૧૬ | પંજાબ કિંગ્સ | ૮૨ રનથી જીત્યું (ડી/એલ) |
| ૨૦૨૪ | ચેન્નઇ સુપરકિંગ્સ | ૨૭ રનથી જીતી |

**સૌથી વધુ વખત પ્લેયર ઓફ ધ મેચ**

**૨૩** એબી ડી વિલિયર્સ

**૧૮** વિરાટ કોહલી

**૧૭** ક્રિસ ગેલ

**૫** ફાફ ડુપ્લેસીસ

# કોરોનાની કોવેક્સિન રસીથી જોખમનો દાવો નકારતું ICMR: તપાસ માટે સમિતિનું ગઠન

## સંશોધન કરનાર બનારસ હિંદુ યુનિવર્સિટીએ પૂર્વ મંજૂરી નહીં મેળવ્યાનો નિર્દેશ: તપાસના કેટલાક તારણો સામે સવાલ




વારાણસી, તા ૨૦ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ BHU માં કોરોના વાયરસ સામે રક્ષણ માટે તૈયાર કરાયેલ કોવેક્સિન પર કરવામાં આવેલા અભ્યાસ સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

કાઉન્સિલે ચાર મુદ્દાઓ પર વાંધો ઉઠાવ્યો છે અને અભ્યાસ હાથ ધરનાર BHUના બે વૈજ્ઞાનિકો પાસેથી જવાબ પણ માંગ્યો છે.જારી કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે કાઉન્સિલ કોઈ પણ અભ્યાસ અથવા તેના રિપોર્ટ સાથે સંકળાયેલ નથી. અભ્યાસ કરનારાઓને પૂછવામાં આવ્યું છે કે શા માટે તેમની સામે કાયદાકીય અને વહીવટી પગલાં લેવામાં ન આવે.BHU ના ફાર્માકોલોજી અને ગેરિયાટ્રિક્સ વિભાગ દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં, એવું નોંધવામાં આવ્યું હતું કે કોવેક્સિન લેતા કિશોરો અને પુખ્ત વયના લોકોમાં ઘણી આડઅસરો હતી. અભ્યાસના આધારે, રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૩૦ ટકાથી વધુ લોકોને તેનાથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. આ અહેવાલ જાહેર થયા બાદ ભારે ગભરાટ ફેલાયો હતો અને લોકો શંકા થવા લાગી હતી.

આ અભ્યાસ જેરીયાટ્રીક્સ વિભાગના વડા પ્રો. શુભ શંખ ચક્રવર્તી અને ફાર્માકોલોજી વિભાગના ડો. ઉપિન્દર કૌરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કહેવામાં આવ્યું હતું કે કોવેક્સિનની અસરને કારણે લોકોને સ્ટ્રોક, લોહી ગંઠાઈ જવા, વાળ ખરવા, ત્વચાની સમસ્યાઓ વગેરે જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.કો-વેક્સિન અંગેના અહેવાલના મામલે બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો. સુધીર જૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ડાયરેક્ટર પ્રો. એસએન સાંખવાર પાસેથી રિપોર્ટ માંગવામાં આવ્યો છે. ડિરેક્ટરે તેમને રિપોર્ટ સોંપ્યો છે. દિગ્દર્શકે પણ કબૂલ્યું છે કે સંશોધન ઉતાવળમાં કરવામાં આવ્યું છે.

આ સાથે તેમણે આ સંશોધનની તપાસ કરવા માટે IMSના ડીન રિસર્ચ પ્રો. ગોપાલનાથના નેતૃત્વમાં ચાર સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે અને તેને રિપોર્ટ સોંપવા માટે કહેવામાં આવ્યું છે. સમિતિનો તપાસ રિપોર્ટ આવ્યા બાદ સ્થિતિ વધુ સ્પષ્ટ થશે.

### કાઉન્સિલથી જોડાયેલ ભાગ દૂર કરવા કહ્યું

નોટિસમાં કહેવામાં આવ્યું હતું કે કાઉન્સિલ સંબંધિત હિસ્સાને રિપોર્ટમાંથી હટાવી દેવામાં આવે અને ખેદ વ્યક્ત કરવામાં આવે. ડો. બહલે એમ પણ કહ્યું છે કે આ અભ્યાસ માટે ICMR પાસેથી કોઈ મંજૂરી લેવામાં આવી નથી. અગાઉ પ્રકાશિત થયેલા અહેવાલોમાં પણ કહેવામાં આવ્યું હતું કે ઈઈખછને ખોટી રીતે સામેલ કરવામાં આવ્યું હતું.

### કાઉન્સિલે આ મુદ્દાઓ પર પ્રશ્નો ઉઠાવ્યા

૧. જેમણે રસી લીધી અને ન લીધી તેઓ વચ્ચેના તુલનાત્મક અભ્યાસ વિશે રિપોર્ટ સ્પષ્ટ નથી.
૨. રસી પછી જે લોકોને સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો તેઓને અગાઉ આવી કોઈ સમસ્યા હતી કે કેમ તે અંગે કોઈ ઉલ્લેખ નથી. આ રિપોર્ટમાં જે લોકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો તેમની માહિતીનો અભાવ છે.
૩. અભ્યાસની પદ્ધતિઓ ટાંકવામાં આવેલી વિશેષ રુચિની પ્રતિકૂળ ઘટનાઓ સાથે મેળ ખાતી નથી.
૪. રસીકરણના એક વર્ષ પછી ટેલિફોન દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો અને તેની ચકાસણી કરવામાં આવી ન હતી.

# પહેલા આરએસએસની જરૂર હતી, આજે ભાજપ સક્ષમ છે: જે .પી.નડ્ડા

## હવે ભાજપ પોતે જ ચલાવે છે; કાશી-મથુરામાં મંદિરની કોઈ યોજના નથી



ન્યુ દિલ્હી : ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે પહેલા અમને (ભાજપ)ને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની જરૂર હતી, પરંતુ આજે ભાજપ સક્ષમ છે. આજે પાર્ટી પોતે જ ચલાવી રહી છે. નડ્ડાએ એ પણ સ્પષ્ટ કર્યું કે હાલમાં કાશી-મથુરામાં મંદિર બનાવવાની કોઈ યોજના નથી. નડ્ડાએ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી.

જ્યારે જે.પી.નડ્ડાને પૂછવામાં આવ્યું કે ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના સમય અને હવે વચ્ચે RSSની સ્થિતિ કેવી રીતે બદલાઈ છે? ત્યારે તેઓ જણાવ્યું કે શરૂઆતમાં આપણે બિનકાર્યક્ષમ રહીશું. થોડું ઓછું થશે. ત્યારે આરએસએસની જરૂર હતી. આજે આપણે મોટા થયા છીએ અને સક્ષમ છીએ તેથી ભાજપ પોતે ચાલે છે. આ તફાવત છે.

આગળ જે.પી. નડ્ડાને પૂછવામાં આવ્યું કે શું મથુરા અને કાશીમાં વિવાદિત સ્થળો પર મંદિરો બનાવવાની ભાજપની કોઈ યોજના છે?તેઓએ જણાવ્યું કે ભાજપ પાસે એવો કોઈ વિચાર, યોજના કે ઈચ્છા નથી. આ અંગે હજુ સુધી કોઈ ચર્ચા થઈ નથી. અમારી સિસ્ટમ એવી રીતે કામ કરે છે કે પક્ષની વિચાર પ્રક્રિયા સંસદીય બોર્ડમાં ચર્ચા દ્વારા નક્કી કરવામાં આવે. પછી આ મુદ્દો રાષ્ટ્રીય પરિષદમાં જાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નક્કી કર્યું છે કે પાર્ટીનું ફોકસ ગરીબો, શોષિતો, દલિતો, મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને સમાજના પછાત વર્ગો પર રહેશે. તેમને મુખ્ય પ્રવાહમાં લાવીને સશક્તિકરણ કરવું જોઈએ. આપણે તેમને મજબૂત કરવા પડશે. પત્રકારે પૂછ્યું કે યોગી આદિત્યનાથ અને હિમંતા બિસ્વા સરમા જેવા ભાજપના નેતાઓ તેમના ચૂંટણી પ્રચાર ભાષણોમાં કાશી અને મથુરામાં મંદિરોની વાત કરે છે. આ અંગે તમે શું કહેશો? ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાએ કહ્યું કે ભાજપે તેના પાલમપુર ઠરાવમાં (જૂન ૧૯૮૯ના) રામ મંદિરની માંગનો સમાવેશ કર્યો હતો. લાંબા સંઘર્ષ બાદ મંદિરનું નિર્માણ થયું. તે અમારા એજન્ડામાં હતું. કેટલાક લોકો ભાવુક થઈ જાય છે અને અન્ય મુદ્દાઓ વિશે વાત કરવાનું શરૂ કરે છે. અમારી પાર્ટી એક મોટી પાર્ટી છે અને દરેક નેતાની વાત કરવાની સ્ટાઇલ હોય છે.

# હૈદરાબાદે પંજાબને ૪ વિકેટે હરાવ્યું: પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચ્યું, અભિષેકની અડધી સદી, નટરાજને ૨ વિકેટ લીધી

### ૨૮ બોલમાં ૬૬ રન ફટકારનાર અભિષેક શર્મા પ્લેયર ઓફ ધી મેચ જાહેર થયો






હૈદરાબાદ : IPL ૨૦૨૪માં ગઈકાલે યોજાયેલી ડબલ હેડરની પ્રથમ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને ૪ વિકેટે હરાવ્યું હતું. આ સાથે ટીમ પોઈન્ટ ટેબલમાં ૧૭ પોઈન્ટ સાથે બીજા ક્રમે આવી ગઈ છે.

બીજા સ્થાને સનરાઇઝર્સનું સ્થાન નિશ્ચિત નથી. જો રાજસ્થાન રોયલ્સ લીગ તબક્કાની છેલ્લી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવે છે, તો હૈદરાબાદ ત્રીજા સ્થાને રહેશે.

રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં પંજાબે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પંજાબ કિંગ્સે પ્રથમ દાવમાં ૫ વિકેટ ગુમાવીને ૨૧૪ રન બનાવ્યા હતા. જવાબમાં હૈદરાબાદે ૧૯.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને લક્ષ્યનો પીછો કરી લીધો હતો.

હૈદરાબાદ તરફથી અભિષેક શર્માએ અડધી સદી ફટકારી હતી. તેણે ૨૮ બોલમાં ૬૬ રનની ઈનિંગ રમી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો.


પંજાબ તરફથી પ્રભસિમરન સિંહે અડધી સદી ફટકારી હતી . તેણે ૪૫ બોલમાં ૭૧ રનની ઈનિંગ રમી હતી. તેમના સિવાય રિલે રૂસોએ ૪૯ રન અને અથર્વ તાયડે ૪૬ રન બનાવ્યા હતા. હૈદરાબાદ તરફથી ટી નટરાજને ૨ વિકેટ લીધી હતી. પેટ કમિન્સ અને વિજયકાંતને ૧-૧ વિકેટ મળી હતી. શશાંક સિંહ રન આઉટ થયો હતો.

લક્ષ્યનો પીછો કરતી વખતે હૈદરાબાદ તરફથી અભિષેક શર્માએ સૌથી વધુ રન બનાવ્યા હતા. તેના સિવાય હેનરિક ક્લાસને પણ ૨૫ બોલમાં ૪૨ રન બનાવ્યા હતા. આ બંને સિવાય નીતિશ રેડ્ડીએ ૩૭ રનની ઈનિંગ રમી હતી અને રાહુલ ત્રિપાઠીએ ૩૩ રનની ઈનિંગ રમી હતી. પંજાબ તરફથી હર્ષલ પટેલ અને અર્શદીપ સિંહે ૨-૨ વિકેટ લીધી હતી. હરપ્રીત બ્રાર અને શશાંક સિંહને ૧-૧ વિકેટ મળી હતી.

# યમુનોત્રીમાં વરસાદ-આંધી: ચારધામ યાત્રામાં ભાવિકોનો રેકોર્ડ

## આઠ જ દિવસમાં ૨.૪૬ લાખ યાત્રાળુઓએ કેદારનાથનાં દર્શન કર્યા : ૨૯.૫૨ લાખનુ રજીસ્ટ્રેશન







દહેરાદુન તા.૨૦ હિન્દુઓનુ પવિત્ર ચારધામ યાત્રાની શરૂઆત થતાની સાથે જ હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હોવાથી પડકારજનક હાલત સર્જાઈ જ છે. જયારે યમુનોત્રીમાં હવામાન પલટો થવા સાથે વરસાદ ખાબકયો હતો અને પવનની આંધી ફુંકાતા ભાવિકો મુશ્કેલીમાં મુકાયા હતા. વહિવટી તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી.

ચારધામ યાત્રાળુઓને માર્ગમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે કેદાર માર્ગની ક્ષતિગ્રસ્ત રેલીંગનું સમારકામ કરવામાં આવી જ રહ્યું છે. બરફ ઓગળવાથી કુબેર ગ્લેશીયરનાં પથ્થરો આડા પડયા હોવાથી હટાવવામાં આવી રહ્યા છે.બીજી તરફ ભાવિકોનો મોટો પ્રવાહ ચાલુ જ રહ્યો છે. રવિવારની સ્થિતિએ ૨૯,૫૨,૯૪૧ ભાવિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યાનું જાહેર થયુ છે.

રવિવારે એક જ દિવસમાં ગંગોત્રી-યમુનોત્રીમાં ૨૫૨૦૨ ભાવિકો ઉમટી પડયા હતા.ઉતરાખંડનાં પોલીસ વડા અનુભવકુમાર પણ સુરક્ષા વ્યવસ્થા ચકાસવા પહોંચ્યા હતા. ટ્રાન્ઝીટ કેમ્પની રૂબરૂ મુલાકાત લઈને યાત્રાળુઓ સાથે વાતચીત કરી હતી. યાત્રાળુઓનું વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવાની સુચના આપી હતી.

સતાવાર રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ચાલુ વર્ષે ચારધામ યાત્રાનાં પ્રથમ આઠ દિવસમાં જ રેકોર્ડબ્રેક સંખ્યામાં ભાવિકો પહોંચી ગયા છે.આ ગાળામાં ૨,૪૬,૮૨૦ યાત્રાળુઓએ બાબા કેદારનાં દર્શન કર્યા હતા. ભાવિકોનાં અભૂતપૂર્વ ઘસારા સામે વ્યવસ્થા જાળવવા માટે વધારાના કદમ ઉઠાવવામાં આવ્યા છે. રજીસ્ટ્રેશન વિના જ આવી જતા ભાવિકોને પાછા ધકેલાતા રહ્યા છે.૧૫૪,૭૭૫, ભાવીકોએ કેદારનાથની પગપાળા યાત્રા કરી હતી.

ચારધામ વ્યવસ્થાનાં ભાગરૂપે કેટલાંક નિયમંત્રણો લાગુ કરવામાં આવ્યા જ છે. સરકાર દ્વારા પાયાની સુવિધા વધુ વધારવાનાં આદેશ કરાયા છે.

### નવા નિયંત્રણો લાગુ

ચારધામ યાત્રામાં ભાવિકોના અસામાન્ય ઘસારાને પગલે નવા નિયંત્રણો લાગુ કરાયા છે. મંદિરોનાં ૫૦ મીટર વિસ્તારમાં રીલ્સ-વીડીયો બનાવવા પર પ્રતિબંધ મુકાયો છે. આમ કરતા કોઈ પકડાય તો ગુનો દાખલ કરાશે

- ★ મંદિરનાં ૨૦૦ મીટર વિસ્તારમાં ફોનનો ઉપયોગ નહીં કરવા સુચવાયુ છે.
- ★ યાત્રા મામલે ગેરસમજ કે ખોટી હકીકતો રજુ કરનાર સામે ફોજદારી કરાશે.
- ★ ૫૦ વર્ષથી વધુની વયના યાત્રાળુઓ માટે હેલ્થ ચેકઅપ જરૂરી કરાયું છે. આ દરમ્યાન મેડીકલ હીસ્ટ્રી જણાવવી પડશે
- ★ ટુરીઝમ વિભાગની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન ન હોય તેવા યાત્રાળુઓને પ્રવેશ નહિં અપાય.

### ધવલ કુલકર્ણી સાથે વાતચીત વખતે 'રોહિતે' કેમેરામેનને હાથ જોડયા

# 'ના પાડવા છતાં અંગત વિડીયો પ્રસારીત'.. રોહિત ભડકયો

### અભિષેક નાયર સાથેની વાતચીત જાહેર થતા ભારતીય કેપ્ટન નારાજ



ભારતીય ટીમનો સુકાની રોહિત શર્મા હવે આઈપીએલની જવાબદારમાંથી મુકત થઈને ટી-૨૦ વર્લ્ડ કપની તૈયારીઓમાં લાગી ગયો છે. રોહિત શર્મા મુંબઇ ઈન્ડિયન્સમાંથી રમે છે અને તે આ વખતે પ્લે ઓફમાં કવોલિફાય થઇ શકયું નથી. રોહિત શર્મા આઇપીએલ પ્રસારણકર્તાથી નારાજ હોવાનું જણાય છે. પ્રાઇવસીના ભંગ બદલ રોહિત આઇપીએલ પ્રસારણકર્તા પર ભડકયો છે અને તેણે સોશ્યલ મીડિયા પર કડક શબ્દોમાં એક પોસ્ટ શેર કરી હતી. આઇપીએલ પ્રસારણકર્તા દ્વારા આઇપીએલ મેચ કે ટ્રેનિંગ વખતે મિત્રો, અન્ય સહયોગીઓ સાથે સહજ વાતચીતને પણ રેકોર્ડ કરીને ચલાવવા સામે રોહિતે ભારે નારાજગી વ્યકત કરી છે. રોહિત શર્મા અને કોલકાતા નાઇટ રાઇડર્સના સહયોગી કોચ અભિષેક નાયબ વચ્ચેની વાતચીતનો વિડીયો રોહિતે ના પાડી હોવા છતાં સ્ટાર સ્પોર્ટસ પ્રસારિત કર્યો હતો. આ બાબતથી રોહિત ભડકયો હતો. રોહિત નાયબ સાથે મુંબઇ ઇન્ડિયન્સમાં તેના ભાવી અંગે વાતચીત કરી રહ્યો હતો. રોહિતે પ્રસારણકર્તાને આ વિડીયો ઓન એર નહીં કરવા સ્પષ્ટ જણાવ્યું હતું તેમ છતાં તેની ગુપ્તતાનો ભંગ કરી ચેનલે વિડીયો પ્રસારીત કર્યો હતો જે ઘણો વાયરલ થયો હતો.

રોહિત એકસ પર એક સંદેશમાં જણાવ્યું કે ક્રિકેટરોનું જીવન એટલી હદે ખલેલવાળુ બની ગયું છે કે કેમેરા પર તેમની તમામ વાતચીતને રેકોર્ડ કરીને ચલાવવામાં આવી રહી છે. મેચના દિવસે અથવા ટ્રેનિંગ દરમિયાન અમે મિત્રો અને સાથીઓ સાથેની અંગત વાતચીત પણ હવે માધ્યમમાં પ્રસારણ કરવામાં આવે છે. આ ગુપ્તતાનો ભંગ છે. રોહિતે વધુમાં ઉમેર્યુ કે, મે માધ્યમને મારી વાતચીત રેકોર્ડ ના કરવા જણાવ્યું હોવા છતાં તેમણે કેમેરા ચાલુ રાખ્યો અને બાદમાં આ વિડીયો પ્રસારીત પણ કર્યો હતો. કંઇક નોખું આપવાની હોડ અને માત્ર વાયરલ બનાવવાથી એક દિવસ ક્રિકેટર, ક્રિકેટ અને ચાહકો વચ્ચેનો વિશ્વાસ તૂટી શકે છે.

કેકેઆર દ્વારા સોશ્યલ મીડિયા પર રોહિત અને નાયરની વાતચીતનો ઓડિયો પોસ્ટ કરાયો હતો. અને ચાહકો એવું સમજી બેઠા હતા કે રોહિત આ સિઝન બાદ મુંબઇ ઇન્ડિયન્સને અલવિદા કરી દેશે. આ મામલે વિવાદ વકરતા કેકેઆરે બાદમાં વિડીયો હટાવી દીધો હતો.

ત્યારબાદ ૧૭ મેના મુંબઇ અને લખનૌ સામેની મેચ વખતે પણ રોહિત તેના સાથી ધવલ કુલકર્ણી સાથે વાતચીત કરતો હતો ત્યારે માધ્યમના કેમેરામેને આ વિડીયો લેવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે રોહિતે હાથ જોડીને કેમેરામેનને ઓડિયો બંધ કરવા જણાવ્યું હતું. રોહિતે જણાવ્યું કે, એક વિડીયોને લીધે મારી સ્થિતિ કફોડી બની છે માટે મહેરબાની કરીને ઓડિયો બંધ રાખજો.

# મનીપાવરની બોલબાલા: ભાજપ-કોંગ્રેસનાં અર્ધાથી વધુ ઉમેદવારોની સંપતિ ૫ કરોડથી વધુ

## ૨૭ ટકાથી વધુ ઉમેદવારો રાજવી પરિવારના; મહિલાઓને ટીકીટ ટકાવારી માત્ર ૧૩.૪ ટકા



નવી દિલ્હી તા.૨૦ ભારતીય રાજકારણમાં મની-મસલ પાવરનો પ્રભાવ વધી જ રહ્યો છે તેના પુરાવારૂપે રીપોર્ટમાં એવુ બહાર આવ્યું છે કે ભાજપ તથા કોંગ્રેસનાં અર્ધા કરતા વધુ ઉમેદવારોની સરેરાશ સંપતિ પાંચ કરોડ કે તેથી વધુની છે.

બીન સરકારી સંગઠન પ્રજાતંત્ર ફાઉન્ડેશનનાં રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે લોકસભાની વર્તમાન ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપનાં ૭૬૮ ઉમેદવારો છે. જે પૈકી ૫૦ ટકાથી વધુની સંપતિ પાંચ કરોડથી અધિકની છે અને ૨૭ ટકા રાજવી પરિવાર સાથે સંકળાયેલા છે.

રાજકીય પક્ષો ઉમેદવારોની પસંદગીમાં પૈસાની તાકાત તથા રાજવી પરિવારને ખાસ મહત્વ આપતા હોવાનું માલુમ પડે છે. આ સિવાય ૧૫.૪ ટકા ઉમેદવારો પાર્ટી સંગઠન સાથે સક્રિય રીતે જોડાયેલા છે. ૧૨.૨ ટકા ઉમેદવારો સ્થાનિક રાજકારણમાં સક્રિય છે. જયારે ૯.૫ ટકા ઉમેદવારો સ્થાનિક રાજકારણમાં સક્રિય છે. જયારે ૯.૫ ટકા ઉમેદવારો વિદ્યાર્થી-રાજકારણમાં સક્રિય છે.

૨૭.૬ ટકા ઉમેદવારો રાજવી પરિવારો સાથે સંકળાયેલા છે. તેમાંથી ૭૧.૨ ટકા ઉમેદવારો બીજી પેઢીનાં રાજકારણી છે. અર્થાત રાજવી પરિવારનાં જ દાદા-પિતા અગાઉથી રાજકારણમાં હતા અને તેઓનાં પુત્ર-પુત્રી-ભત્રીજા-ભાણેજ વગેરેએ તેઓનું સ્થાન લીધુ હોય.૨૫ ટકા રાજવી પરિવારનાં ઉમેદવારો પ્રથમ જ વખત ચૂંટણી લડી રહ્યા છે. જયારે ૩ ટકા પેઢીઓથી રાજકારણમાં રહેલા પરિવારોનાં છે. રાજવી પરિવાર સાથે સંકળાયેલા સૌથી વધુ ઉમેદવારો કર્ણાટક, બિહાર તથા મહારાષ્ટ્રનાં છે જયારે હરીયાણામાં આ સંખ્યા સૌથી ઓછી છે. રીપોર્ટમાં એમ પણ માલુમ પડયુ છે કે ભાજપે તથા કોગ્રેસે માત્ર ૧૩.૪ ટકા ટીકીટ મહિલાઓને આપી છે અને તેમાં ૫૦ ટકાથી વધુ રાજવી પરિવાર સાથે સંકળાયેલા છે.

# કોલકાતા-રાજસ્થાન વચ્ચે મેચ વરસાદને કારણે રદ: બંનેને એક-એક પોઈન્ટ: હવે અમદાવાદમાં KKR-SRH વચ્ચે ક્વોલિફાયર-૧ મુકાબલો, RR - RCB વચ્ચે એલિમિનેટર રમાશે







ગુવાહાટી : કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪ની છેલ્લી લીગ મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી છે. ગુવાહાટીમાં રવિવાર સાંજથી જ વરસાદ પડી રહ્યો છે. રાત્રે ૧૦:૩૦ વાગ્યે ટોસ લગભગ સાડા ત્રણ કલાક વિલંબિત થયો હતો, પરંતુ વરસાદે ચાહકોની આશા પર પાણી ફરી વળ્યું હતું. આવી સ્થિતિમાં બંને ટીમોને એક-એક પોઈન્ટ મળ્યા છે.


આ પોઈન્ટ સાથે કોલકાતા (૨૦ પોઈન્ટ) પહેલા અને રાજસ્થાન (૧૭ પોઈન્ટ) ત્રીજા સ્થાને છે. આવી સ્થિતિમાં ક્વોલિફાયર-૧ કોલકાતા અને હૈદરાબાદ વચ્ચે ૨૧ મેના રોજ અમદાવાદમાં રમાશે. આ જ મેદાન પર ૨૨ મેના રોજ રાજસ્થાન અને બેંગલુરુ વચ્ચે એલિમિનેટર રમાશે.

રવિવારે ડબલ હેડર દિવસની પ્રથમ મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને ૪ વિકેટે હરાવ્યું હતું. આ જીત સાથે હૈદરાબાદ ટોપ-૨માં આવી ગયું છે.

# હેલ્થ ઈન્સ્યોરન્સ લેતી વખતે, પ્રપોઝલ ફોર્મ જાતે ભરો નહીંતર કલેમ થઈ શકે છે રદ

નવી દિલ્હી, તા.૨૦ લોકો ગંભીર બિમારીઓની સારવાર માટે અથવા અણધાર્યા ખર્ચાઓને આવરી લેવા માટે સ્વાસ્થ્ય વીમો લે છે, પરંતુ ઘણી વખત કંપનીઓ દાવો નકારી કાઢે છે. આનું કારણ એ છે કે, ઘણા લોકો વીમો ખરીદતી વખતે તેમની પૂર્વ-અસ્તિત્વમાં રહેલી બીમારીને જાહેર કરતા નથી. આ માટે પ્રપોઝલ ફોર્મ ભરવું જરૂરી છે. જો વીમાધારક આમ કરવામાં નિષ્ફળ જાય, તો તેનો દાવો વીમા કંપની દ્વારા નકારી શકાય છે. તેથી, પોલિસી લેતી વખતે, આ ફોર્મ જાતે ભરવું ફરજિયાત છે.

વીમા નિયમનકારે રાહ જોવાની



### અવધિ ઘટાડી

વીમા નિયમનકાર IRDA એ તાજેતરમાં સ્વાસ્થ્ય વીમા સંબંધિત નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે, આ હેઠળ, પહેલાથી અસ્તિત્વમાં રહેલા રોગ એટલે કે PEDને આવરી લેવા માટેનો સમયગાળો ઘટાડવામાં આવ્યો છે. અત્યાર સુધી, પોલિસી માટે અરજી કરતા પહેલા ચાર વર્ષ સુધીની બીમારીને પહેલાથી અસ્તિત્વમાં રહેલી બીમારી માનવામાં આવતી હતી. હવે આ સમયગાળો ઘટાડીને ત્રણ વર્ષ કરવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે હવે પોલિસી ખરીદવાના ત્રણ વર્ષ પહેલા થતી બીમારી ડઊઉની શ્રેણીમાં આવશે, પરંતુ તેનો લાભ ત્યારે જ મળશે જ્યારે રોગ ધારકે પોતે વીમો લેતી વખતે પ્રપોઝલ ફોર્મ ભર્યું હોય.

### દરખાસ્ત ફોર્મ શું છે?

જ્યારે પણ કોઈ વ્યક્તિ સ્વાસ્થ્ય વીમો ખરીદે છે, ત્યારે કંપની દરખાસ્ત ભરે છે. જેમાં અરજદારની જીવનશૈલીને લગતા વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે. તેમજ અરજદારને જે કોઈ રોગ છે તેની સંપૂર્ણ વિગતો માંગવામાં આવે છે. નિયમો હેઠળ, આરોગ્ય વીમો ખરીદતા પહેલા ૩૬ મહિના સુધીની બીમારીઓ અને ઇજાઓ PEDની શ્રેણીમાં આવશે. હાઈ બ્લડ પ્રેશર, અસ્થમા, થાઈરોઈડ અને ડાયાબિટીસ જેવા રોગો PEDમાં સામેલ છે.

### આ સાવચેતીઓ રાખવી

**ફોર્મ જાતે ભરવું**
પ્રપોઝલ ફોર્મ જાતે ભરવા માટે ખાસ કાળજી લો. તેને બીજા કોઈથી ભરાવશો નહીં, બીજાને ભરવા દો નહીં.

**કોઈ કોલમ ખાલી ન છોડવા**
ફોર્મ સંપૂર્ણ અને સાચી માહિતી સાથે ભરો. કોઈપણ કોલમ ખાલી ન છોડો.

**બધા પ્રશ્નો સમજવા**
ખાતરી કરો કે તમે પૂછેલા પ્રશ્નોને યોગ્ય રીતે સમજો છો. આ ફોર્મમાં જાહેર કરવાનું રહેશે.

**કોઈપણ માહિતી છુપાવવી નહીં**
વીમો ખરીદતી વખતે કોઈપણ માહિતી કે હકીકત છુપાવશો નહીં. આવું કરવાથી વીમાનો દાવો કરતી વખતે સમસ્યા ઊભી થઈ શકે છે.

**તમારી સાથે એક નકલ રાખવી**
સહી કરેલ ફોર્મની નકલ તમારી સાથે રાખવાની ખાતરી કરો. આ કંપની સાથેના કરારનો રેકોર્ડ છે.

**ફોન નંબર ખાસ ઉમેરો**
તમારો ફોન નંબર વીમા કંપનીમાં રજીસ્ટર કરો. જો દાવો નકારવામાં આવે તો એક સંદેશ તમારા સુધી પહોંચશે.


**કવરેજ જરૂરથી તપાસવું**
પોલિસી આરોગ્ય જરૂરિયાતો અને ગંભીર બીમારીઓને આવરી લે છે કે કેમ તે પણ તપાસો.

### કંપની ઈચ્છે તો પોલિસી કરી શકે છે કેન્સલ

નિષ્ણાંતો કહે છે કે, આરોગ્ય વીમો ખરીદતી વખતે પહેલાથી અસ્તિત્વમાં રહેલા રોગો એ એક મહત્વપૂર્ણ વિચારણા છે. જો કોઈ વ્યક્તિ સ્વાસ્થ્ય વીમો લેતી વખતે પ્રપોઝલ ફોર્મમાં લાંબી બીમારીનો ખુલાસો કરે છે, તો કંપની પ્રીમિયમની રકમ વધારી શકે છે, કોઈપણ શરતો ઉમેરી શકે છે અથવા અરજીને જ નકારી શકે છે. જો અરજદાર રોગ છુપાવીને વીમો લે છે અને તે પછીથી જાહેર થાય છે, તો દાવો નકારી શકાય છે. એટલું જ નહીં, પોલિસી બંધ પણ કરી શકાય છે.

# ગુરૂવાર સુધી હીટવેવની હાલત રહેશે : ૪૦ કિ.મી. સુધીની ઝડપે લૂ ફૂંકાશે

## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલની આગાહી : ૨૨-૨૩ મે સુધી તાપમાનની રેન્જ ૪૩.૫થી ૪૫ ડિગ્રી અને ત્યારબાદ ૪૧ થી ૪૪ ડિગ્રી થશે



## ચાલુ સપ્તાહમાં પવનની ગતિ પણ તેજ રહેશે : ૨૦ થી ૪૦ કિ.મી.ની ઝડપે ગરમાગરમ પવન ફુંકાવાની સંભાવના

રાજકોટ, તા. ૨૦

ગુજરાતમાં ઉનાળાની આકરી ગરમી અને હિટવેવની હાલત પ્રવર્તી રહી છે ત્યારે હજુ ગુરૂવાર સુધી આ બળબળતા તાપ અને ગરમીમાંથી છુટકારો મળવાની સંભાવના નથી. તા.૨૨-૨૩ મે સુધી તાપમાન ઘણુ ઉંચુ જ રહેવાની અને વાતાવરણ બહુ ગરમ રહેવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે. ત્યારબાદ તાપમાનમાં મામુલી રાહત મળી શકશે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં હાલ આકરી ગરમી પડી રહી છે. ગઇકાલે રવિવારે અનેક સ્થળોએ હિટવેવની પરિસ્થિતિ જોવા મળી હતી અને તાપમાન ૪૪ થી ૪૫.૩ ડિગ્રીની રેન્જમાં રહ્યું હતું. સુરેન્દ્રનગરમાં ૪૫.૩ ડિગ્રી તાપમાન નોર્મલ લેવલ કરતા ૨.૮ ડિગ્રી વધુ રહ્યું હતું. આ જ રીતે ડિસામાં ૪૫.૧ ડિગ્રી તાપમાન નોર્મલ કરતા ૬.૨ ડિગ્રી ઉંચુ નોંધાયુ હતું. અમદાવાદમાં ૪૪.૯ ડિગ્રી તાપમાન સામાન્ય કરતા ૫.૩ ડિગ્રી કરતા વધુ હતું. અમરેલીમાં ૪૪.૬ ડિગ્રી તાપમાન નોર્મલ કરતા ૪.૩ ડિગ્રી, ભાવનગરમાં ૪૬.૬ ડિગ્રી તાપમાન નોર્મલ કરતા ૪.૭ ડિગ્રી, રાજકોટમાં ૪૪.૧ ડિગ્રી તાપમાન સામાન્ય કરતા ૪.૭ ડિગ્રી વધુ અને વડોદરામાં ૪૪ ડિગ્રી તાપમાન નોર્મલ કરતા ૪.૭ ડિગ્રી વધુ નોંધાયુ હતું. તાપમાન ૪૫ ડિગ્રી કરતા વધુ વધે અથવા નોર્મલ કરતા ૪ કે ૫ ડિગ્રી ઉંચુ જાય તો તેને હિટવેવની સ્થિતિ ગણવામાં આવતી હોય છે.

તા.૨૦ થી ૨૬ મેની આગાહી કરતા અશોકભાઇ પટેલે જણાવ્યું હતું કે તા. ૨૨-૨૩ મે સુધી તાપમાન ઉંચુ જ રહેશે. બહુ ગરમ વાતાવરણ રહેવા સાથે હિટવેવની હાલત યથાવત રહેવાની સંભાવના છે. આ દરમ્યાન તાપમાન ૪૩.૫થી ૪૫ ડિગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે ત્યારબાદ સામાન્ય રાહત મળશે અને તાપમાનની રેન્જ ૪૧ થી ૪૪ ડિગ્રીની રહેશે.

આગાહીના સમયગાળા દરમ્યાન ઉંચા તાપમાનની સાથોસાથ ગરમાગરમ પવન પણ ફુંકાતો રહેવાની સંભાવના છે. મોટા ભાગના દિવસોમાં પશ્ચિમ પવન ફુંકાશે અને તેની ગતિ ૨૦ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની રહેવાની સંભાવના છે.

તેઓએ જણાવ્યું હતું કે નૈઋત્ય ચોમાસાની આગમનની છડી પોકારવા લાગી હોય તેમ દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ, માલદીવ, કોમોરીન વિસ્તારમાં પ્રવેશી ચૂક્યુ છે. દક્ષિણ બંગાળીની ખાડીના અમુક ભાગો નિકોબાર ટાપુ તથા દક્ષિણ આંદામાનના દરિયાના ભાગોમાં પણ બેસી ગયું છે. આવનારા દિવસોમાં તે આગળ વધતું રહેવાની સંભાવના છે. ચોમાસા પૂર્વે હજુ થોડા દિવસ આકરી ગરમીનો સામનો કરવો પડશે.

# સોનુ ૭૭૦૦૦ અને ચાંદી ૯૫૦૦૦ને પાર: સતત તેજી



રાજકોટ તા.૨૦

સોના ચાંદીના ભાવોમાં રેકોર્ડ બ્રેક તેજી સર્જાય છે. આ તેજી અભૂતપૂર્વ નોંધાય છે. ચાંદી ૯૫ હજારને સોનુ ૭૭ હજારને પાર થયું છે. સોના ચાંદીનો ભાવ રેકોર્ડ બ્રેક સ્તરે પહોંચ્યો છે. આજે ફરી સોનામાં ૭૦૦ અને ચાંદીમાં ૧૮૦૦નો ઉછાળો નોંધાયો છે. વિશ્વભરમાં જબરદસ્ત તેજી થઈ હતી. આથી તેની અસર સોના ચાંદીના ભાવ પર પડી છે.

સોના ચાંદીના વેપારીઓના મત અનુસાર સોના ચાંદીમાં આ પૂર્વે તેજી જોવા મળી છે. પરંતુ આ સૌથી મોટી તેજી છે. આ અભૂતપૂર્વ તેજીથી માર્કેટમાં સ્તબ્ધતા છવાય ગઈ છે. ચાંદીમાં જંગી વેપાર થતા હોય છે અને મીનીટિ મીનીટિ ભાવમાં મોટો બદલાવ થતો હોવાથી વેપાર પણ અટકી ગયા હોવા જેવા હાલત સર્જાય હતી. પ્રથમવાર ચાંદીનો ભાવ ૯૫૦૦૦ સપાટીને પાર કર્યો છે. અમેરિકામાં મોંઘવારી ધરીમી પડતા આવનાર દિવસોમાં વ્યાજદર ઘટવાની સ્થિતિ વ્યકત થઈ રહી છે. તેના કારણે પણ ભાવ વધારો થયાનું અનુમાન છે. નિષ્ણાંતોએ લાંબા સમય સુધી સોના ચાંદીમાં મોટી તેજી રહેવાની અપેક્ષા છે. સોનામાં તેજી પાછળ અમેરિકાનો વ્યાજદર ઘટાડો ઉપરાંત ભારત સહિતના દેશોની સેન્ટ્રલ બેંકો દ્વારા લાંબા વખતે થઈ રહેલી જંગી ખરીદી પણ જવાબદાર ગણવામાં આવી છે.

# રાજકોટનાં તાપમાનમાં આંશિક ઘટાડો: અઢી વાગ્યે ૪૧.૮ ડિગ્રી

## જો કે બપોરે ૧૮ કી.મી.ની ઝડપે પવન ફુંકાતા આગઝરતી લૂનો અનુભવ

રાજકોટ,તા.૨૦

રાજકોટમાં સતત ચાર દિવસથી કાળઝાળ તાપમાન બાદ આજે બપોરે ગરમીમાં આંશિક રાહત અનુભવાઈ હતી.જો કે બપોરે આગઝરતી લૂંનો કોર યથાવત રહેવા પામ્યો હતો. સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજે બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૧.૮ ડિગ્રી નોંધાયું હતું.જયારે હવામાં ભેજ ૨૬ ટકા રહ્યો હતો.અને બપોરે પવનની ઝડપ ૧૮ કી.મી પ્રતિ કલાક રહેતા નગરજનો આગઝરતી લૂંમાં શેકાયા હતાં.આજે બપોરે પણ આગ ગરમી લૂં અને આકરા

(અનુસંધાન છઠ્ઠા પાને)



રાજકોટમાં આજે સતત ચોથા દિવસે પણ કાળઝાળ તાપ સાથે આગ ઝરતી લૂંનો કહેર યથાવત રહ્યો હતો.આથી ફરજીયાત લોકોને ટોપી-ચશ્મા અને મોંઢે રૂમાલ તથા સ્કોર્ફનો સહારો લઈ બહાર નિકળવું પડે છે. (તસ્વીર: દેવેન અમરેલીયા)

# દારૂ ઢીંચી કાર હેઠળ યુવક-યુવતીને ચગદી નાખનાર સગીરને ૧૫ કલાકમાં જામીન મળ્યા

## બિલ્ડર પુત્રનાં શરતી જામીનમાં કોર્ટે નિંબધ લખવા કહ્યું



પુના,તા.૨૦


પુનામાં દારૂ ઢીંચી કાર ચલાવી એક યુવક-યુવતીનાં મોત નિપજાવનાર સગીર વયનાં નબીરાને ૧૫ કલાકમાં જામીન મળ્યા સાથે કોર્ટે નિંબધ લખવા કહ્યું છે.પુણેના જાણીતા બિલ્ડર વિશાલ અગ્રવાલના સગીર પુત્ર વેદાંત અગ્રવાલએ મધરાતે પોતાની લકઝરી પોર્શે કાર બેફામ હંકારી અનેક વાહનોને અડફેટે લીધાં હતાં. તેમાંથી એક બાઈક સવાર યુવક અને યુવતીનાં મોત નીપજ્યાં હતાં.

એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, આ અકસ્માતના સંબંધમાં આરોપી સગીરના પિતા અને સગીરને દારૂ આપનાર બાર વિરુદ્ધ કેસ નોંધવામાં આવશે. પરંતુ સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ ભયંકર અકસ્માતના માત્ર ૧૫ કલાકમાં જ આરોપીને જામીન મળી ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર,

(અનુસંધાન છઠ્ઠા પાને)

# રાઈટ ટુ હેલ્થમાં પ્રોડકટની કવોલિટી જાણવાનો હકક: સુપ્રિમ કોર્ટ

## ગ્રાહકના અધિકારના રક્ષણના ઉદેશથી સુપ્રિમ કોર્ટે આપ્યો નિર્દેશ: સ્વાસ્થ્યનાં અધિકારનું ક્ષેત્ર વધારાયું



નવી દિલ્હી તા.૨૦

સુપ્રિમ કોર્ટે તાજેતરમાં જણાવ્યુ હતું કે રાઈટ ટુ હેલ્થમાં કન્ઝયુમરને પ્રોડકટની કવોલીટીનાં બારામાં જાણવાનો અધિકાર છે. આ રીતે કોર્ટે રાઈટ ટુ હેલ્થનું ક્ષેત્ર પણ વધારી દીધુ છે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે પ્રોડકટની કવોલીટીના બારામાં જાણકારી આપવી માત્ર નિર્માતા કે સેવા આપનારની જવાબદારી નથી બલકે પ્રોડકટનો પ્રચાર તૈયાર કરનાર માધ્યમ, સેલીબ્રીટી અને ઈન્ફલુઅન્સરની પણ જવાબદારી બને છે. એડવર્ટાઈઝર અને એડવર્ટાઈઝીંગ એજન્સી અને તે પ્રોડકટને પ્રમોટ કરનારા પણ જવાબદારીથી કામ કરે તેમને પણ ગાઈડ લાઈન અંતર્ગત જવાબદારી લેવી પડશે જેથી કન્ઝયુમરનો જે ભરોસો હોય છે તે તોડવામાં ન આવે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે ગેરમાર્ગે દોરતા વિજ્ઞાપનનાં કેસમાં કોઈ ઠોસ મિકેનિઝમ નથી જયાં કન્ઝયુમર પોતાની ફરિયાદ નોંધાવી શકે સુપ્રિમ કોર્ટે રાઈટ ટુ હેલ્થનાં દાયરા (ક્ષેત્ર)માં કન્ઝયુમરના અધિકારની રક્ષા કરવા માટે નિર્દેશ અપાયા છે કે વિજ્ઞાપનને જાહેર કરતા પહેલા એડવર્ટાઈઝર અને એડવર્ટાઈઝીંગ એજન્સી માત્ર ટેલીવિઝન નેટવર્ક રૂલ્સનું પાલન કરે. સુપ્રિમ કોર્ટનાં જસ્ટીસ હીમા કોહલીની આગેવાનીવાળી બેન્ચે પતંજલી કેસમાં આપવામાં આવેલા ઓર્ડરમાં કન્ઝયુમર રાઈટસનાં બારામાં વ્યવસ્થા કરી છે.

ઉલ્લેખનીય છે કે સુપ્રિમ કોર્ટે જે નિર્ણય આપ્યો છે ત્યારબાદ આ નિર્ણયથી રાઈટ ટુ હેલ્થનું ક્ષેત્ર ઘણુ વ્યાપક થઈ ગયુ છે. તેનો સીધો સંબંધ સામાન્ય લોકો સાથે છે જેમણે આ અધિકારને લઈને જાગૃત થવાની જરૂર છે.

### ખોરાકમાં કેમિકલના ઉપયોગ મુદ્દે એફએસએસએઆઈને સુપ્રિમની નોટીસ

નવી દિલ્હી: સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર અને એફએસએસએઆઈને નોટીસ ફટકારી જવાબ માગ્યો છે. ખરેખર તો એક અરજીમાં કહેવામાં આવ્યુ છે કે ખાદ્ય પદાર્થોમાં અને ખોરાકમાં કીટનાશક અને અન્ય કેમીકલનો ઉપયોગ થઈ રહ્યો છે. કોર્ટે અરજી પર સુનાવણીની સહમતી આપી છે. અરજીમાં કહેવામાં આવ્યુ છે કે વધારે પેસ્ટીપાઈડથી કેન્સર જેવી જીવલેણ બિમારીઓ થઈ રહી છે.

તો બીજી બાજુ, એફએસએસએઆઈએ ફૂડ બિઝનેસ ઓપરેટર્સને કહ્યું છે કે તે ફળોને પકાવવા માટે કેલ્સીયમ કાર્બાઈડનો ઉપયોગ ન કરે.

# એકવાર તળ્યા બાદ બચેલા તેલમાં ખોરાક રાંધવાથી આરોગ્ય પર ખતરો

## વનસ્પતિ તેલોને વારંવાર ગરમ કરવાથી તેમાં ઝેરીલા તત્વો પેદા થાય છે: હૃદયરોગ, વિભિન્ન ક્રોનિક રોગો થઈ શકે છે

નવી દિલ્હી તા.૨૦

ખાવાનું તળ્યા બાદ બચેલા તેલનો ઉપયોગ આખરે કયાં સુધી કરી શકાય? તેને લઈને ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રિસર્ચ (આઈસીએમઆર)એ સ્પષ્ટ કહી દીધુ છે. હાલમાં જ જાહેર દિશા નિર્દેશોમાં કહેવામાં આવ્યુ છે કે વનસ્પતિ તેલ કે કોઈપણ પ્રકારના તેલને વારંવાર ગરમ કરવાથી બચવુ જોઈએ.

વનસ્પતી તેલને વારંવાર ગરમ કરવાથી તેમાં ઝેરીલા કમ્પાઉન્ડ પેદા થઈ શકે છે. જે હૃદયરોગ અને કેન્સર જેવી જીવલેણ બિમારીઓનો ખતરો વધારે છે. માર્ગદર્શનમાં કહેવામાં આવ્યું છે કે ખોરાક પકાવવા માટે વનસ્પતી તેલોનો વારંવાર ઉપયોગ કરવાનું ચલણ ઘરો અને બહાર ખાદ્ય પદાર્થો બનાવનાર સ્થળ, બન્ને જગ્યાએ ખુબ જ સામાન્ય છે.

તે હૃદયરોગ અને કેન્સરનાં ખતરાને વધારી શકે છે.ઉચ્ચ તાપમાન પર તેલમાં મોજુદ ચરબી ટ્રાન્સ વસામાં બદલી જાય છે.જે હૃદયરોગનો ખતરો વધારે છે.

સંસ્થાએ એકવાર ફ્રાઈ (તળ્યા) કર્યા બાદ બચેલા તેલનો એક કે બે દિવસમાં ઉપયોગ કરવાનું સુચન કર્યુ છે. છેલ્લા અધ્યાયનોમાં એ પણ જાણવા મળ્યુ છે



કેવી રીતે ખોરાક પકવવા તેલનો બીજીવાર ગરમ કરવાથી તેમાંથી વિષાકત પદાર્થ રિલીઝ થવા લાગે છે અને શરીરમાં ફ્રી રેડીકલ્સ પણ વધે છે જેથી જેમાં સોજો અને વિભિન્ન ક્રોનિક ડીસીઝ થઈ શકે છે.

# રાજકોટમાં પેટ્રોલ છાંટી ૫૦ વર્ષીય મહિલાના પગ સળગાવી નાખતો બગસરાનો યુવક

## સગાઈ તોડી નાખતા ક્રોધે ભરાયેલ રવીએ મોડી રાત્રે ભારતીબેનના પગ પર પેટ્રોલ છાંટી દીધું: ભારતીબેન ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

## જામનગર રોડ, વાલ્મિકી સ્લમ કવાર્ટરમાં રહેતાં ભારતીબેન પરમારે તેમની દિકરી મધુની સગાઈ બગસરાના રવિ સોલંકી સાથે કરી હતી: રવિને દારુ પીવાની ટેવ હોય જેની જાણ થતાં સગાઈ તોડી નાખી હતી



હોસ્પિટલમાં દાખલ રહેલા ભારતીબેન, પૂછપરછ કરતી પોલીસ, તેમની દીકરી મધુ સહિતના પરિવારજનો, તેમના ઘરે આગ લગાડી હતી તેના નિશાનો જોવા મળે છે.

રાજકોટ, તા.૨૦

રાજકોટમાં પેટ્રોલ છાંટી ૫૦ વર્ષીય મહિલાને સળગાવી નાખવાનો પ્રયત્ન કરતાં ચકચાર મચી જવા પામી છે. જામનગર રોડ,વાલ્મિકી સ્લમ કવાર્ટરમાં રહેતાં ભારતીબેન પરમારે તેમની દિકરી મધુની સગાઈ બગસરાના રવી સોલંકી સાથે કરી હતી. રવિને દારુ પીવાની ટેવ હોય જેની જાણ થતાં સગાઈ તોડી નાખી હતી. સગાઈ તોડી નાખતા ક્રોધે ભરાયેલ રવીએ ભારતીબેન માથે પેટ્રોલ છાંટી દીધું હતું. ભારતીબેન ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બનાવની વિગત મુજબ ભારતીબેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૫૦ રહે. સ્લમ કવાર્ટર જામનગર રોડ, રાજકોટ) નામના પ્રૌઢા પર રવી સોલંકીએ પેટ્રોલ છાંટી સળગાવી નાખવાનો પ્રયત્ન કરતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે તેઓના પરિવારજનોએ જણાવ્યું કે, ભારતીબેનની દિકરી મધુની ત્રણ મહિના પહેલા રવિ કેશુભાઈ સોલંકી (રહે. વાલ્મિકી વાસ, બસ સ્ટેન્ડ પાછળ, બગસરા) નામનાં યુવક સાથે સગાઈ થઈ હતી. રવિને દારુ પીવાની ટેવ હોય જેની જાણ ભારતીબેનને થતાં સગાઈનાં બે દિવસ બાદ જ સગાઈ તોડી નાખી હતી. જેનું રવિને મન દુઃખ લાગ્યું હતું. ત્યાર બાદ રવી ભારતીબેનના ઘરે જઈ અવાર નવાર જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. મધુની સગાઈ નક્કી થઈ હતી ત્યારે રવિ બાલાજી હોલ પાસે આવેલ શિવ હોસ્પિટલમાં કામ કરતો હતો. બાદ તે કામ છોડી દીધું હતું. અને હાલ છૂટક મજુરી કામ કરે છે.ગઈ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ઝાલાવાડમાં કાળઝાળ ગરમીમાં કેન્ડી આરોગી રાહત મેળવતા કપિરાજ!

(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૨૦

સુરેન્દ્રનગર જિલ્લા અને તેના તાલુકા મથકોએ જ્યારે ગરમી એ હાહાકાર સર્જ્યો છે ત્યારે હાલમાં છેલ્લા એકાદ સપ્તાહથી દરરોજ ગરમીનો એકાદ પારો ઊંચો જઈ રહ્યો છે ત્યારે સરકારી તંત્ર દ્વારા પણ હીટ વેવ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે ત્યારે સામાન્ય જ્ઞાન જીવન પણ શહેરનું ખોરવાઈ ગયું છે ત્યારે ગઈકાલે રણનો પારો ૪૭ ડિગ્રી ઉપર પણ પહોંચી ગયો હતો ત્યારે રણમાં આગરીયાઓ પણ ગરમીથી અકળાય ઊઠ્યા હતા અને ઝાલાવાડમાં ગરમી એ હાહાકાર સજર્યો હતો તેવા સમયે સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકા મથકોએ શહેરના રોડ રસ્તાઓ પણ સૂમસામ બન્યા હતા તેવા સમયે પશુધન પણ અકળાય ઉઠ્યું હતું ત્યારે જિલ્લાના એક ગામમાં શેકાઈ રહેલા કપિરાજે પણ કેન્ડી ની મોજ માણી હતી ત્યારે તે કેમેરામાં કેદ થઈ ગયા હતા અને ફોટો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો આ રીતે ઝાલાવાડમાં ગરમીયા હાહાકાર સર્જ્યો છે જેના કારણે માનવી અને પશુધન ભારે અકળાયું થયું હોવાનું સાબિત થઈ રહ્યું છે.



### રણમાં પારો ૪૭ ડિગ્રી ઉપર પહોંચી ગયો : પશુધન પણ અકળાઈ ઉઠ્યું


પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
પટેલ પાર્ક, શેરી નં. ૧, રામધણ બંગ્લોઝની પાછળ, રાજકોટ
Mo. 95100 99686, 82000 07672
લિટલ હેવન પ્રી સ્કુલ ગુજરાતી માધ્યમ
શિવમ વિદ્યાલય
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જ્યાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજ્યુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
– આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
– આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
– બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
– સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
– બાળકોને રમત-ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
–સમયાંતરે વાલી મીટીંગ.
– દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
– દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
–અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
– શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
– દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.

દરેક કારની ચીપ (સેન્સર)વાળી ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

ટ્રક વેચવાનો છે
TATA ટોરસ 2515 મોડલ 2006
10 ટાયર, ફુલ કંડીશન
ડોક્યુમેન્ટ ચાલુ, GJ-03 પાસીંગ
MOB. 98244 07837
MANISH ADS

चौकी ढाणी
SPLASH LUNCH
DAILY. 10 AM TO 2 PM
LUNCH સાથે SWIMMING POOL FREE
ઓલ ઈન્ડિયા રેડિયો ટાવર પાસે, જામનગર રોડ, રાજકોટ.
+91 99789 55595 | +91 99090 33330